શ્રીજૈનધર્માભ્યુદય-ગ્રંથમાળા [૫]

ભરત-બાહુબલિ-રાસ.

(સં. ૧૨૪૧ નું પ્રાચીન ગૂજરાતી અનુપ્રાસ-યમકમય
વીરરસ-પ્રધાન યુદ્ધકાવ્ય)

કર્તા–

કવીશ્વર શાલિભદ્રસૂરિ.

અનુવાદક, સંપાદક–

પં. લાલચંદ્ર ભગવાન્ ગાંધી.

[અર્ધમાગધીના મુંબઈ યુનિવર્સિટીના પોસ્ટ-ગ્રેજ્યુએટ અધ્યાપક,
જૈનપંડિત પ્રાચ્યવિદ્યામંદિર વડોદરા.]

પ્રકાશક–

અભયચંદ્ર ભગવાન્ ગાંધી.

સાહિત્ય-ભૂષણ.

વીર સં. ૨૪૬૭] 卐

મૂલ્ય રૂ. ૧-૪-૦

પ્રથમ આવૃત્તિ ૫૦૦

મુદ્રક:—હીરાલાલ દેવચંદ શાહ.
શારદા મુદ્રણાલય, જુમ્મા મસ્જીદ સામે,
સેન્ટ્રલ ટોકીઝ પાસે, અમદાવાદ.

૦-૪-૬ [illegible]

વિષયાનુક્રમ.

સ્વ. સાહિત્યપ્રેમી ગૂર્જરેશ્વર
શ્રીમંત સયાજીરાવ ત્રીજા ગાયકવાડ



[શ્રી 'સયાજી વિજય'ના સૌજન્યથી]

સંસ્મરણીય મહારાજા સાહેબ
સયાજીરાવ ગાયકવાડને
અર્ઘ્યાંજલિ.

વિદ્વદ્-વત્સલ પુણ્યશ્લોક જે મહારાજાનો વિદ્યા-પ્રેમ વિશ્વ-વિખ્યાત છે, પ્રાચ્ય અને પાશ્ચાત્ય વિદ્યા-વિજ્ઞાન-કળાઓને જેમણે આજીવન પ્રશંસનીય ઉત્તેજનો-પુનરુજ્જીવનો આપ્યાં હતાં, પ્રજાની જ્ઞાન-કલા-સમૃદ્ધિ વધારવા જેમણે સેંકડો વિવિધ શાળાઓ, પુસ્તકાલયો, વાચનાલયો સ્થાપ્યાં, જેમણે વિવિધ ગ્રંથમાળાઓનાં પ્રકાશનો કરાવ્યાં, બહુમૂલ્ય ઉપયોગી સંગ્રહો કરાવ્યા, જેમણે સન્માનનીય યોગ્ય વિદ્વાનોની કદર કરી, વિદ્વત્તાનો લાભ આપવા વિદ્વાનોને પ્રોત્સાહિત કર્યા, ઉત્તેજિત કર્યા, પ્રેર્યા, જેમણે પ્રસંગે પ્રસંગે મનનીય વ્યાખ્યાનોદ્વારા વિવિધ બોધો આપ્યા. પ્રજાને સર્વ પ્રકારે સુખી કરવા, સુખી જોવા સેંકડો સુખ-સાધનોની સગવડો કરી આપી, જેમના આદર્શ સુખી સુરાજ્ય-સમયના રજત, સુવર્ણ, હીરક મહોત્સવો ઉજવાયા, જેમનાં સુયશોગાનો સહસ્રમુખે ગવાયાં, જેમના અમરકીર્તિમય જીવનની ગૌરવ-ગાથાઓ વિવિધ દેશોના સુપ્રસિદ્ધ વિદ્વાનોદ્વારા વિવિધ ભાષાઓમાં ગવાઇ, વિક્રમ, ભોજ જેવા સુયશસ્વી તે ગૂર્જરેશ્વર મહારાજા સાહેબ **સયાજીરાવ ગાયકવાડના** દિવ્ય-જ્યોતિર્ધર આત્માને પ્રયત્ન-સંપાદિત આ પ્રાચીન ગૂર્જર કાવ્યકૃતિ-અર્ઘ્યાંજલિ શ્રદ્ધાથી, કૃતજ્ઞતાથી સમર્પું છું.

વડોદરા }

વિદ્વજ્જનાનુચર-
લા. ભ. ગાંધી.

પ્રસ્તાવના

સાહિત્યપ્રેમી સજ્જનો !

વિક્રમસંવત્ ૧૨૪૧ માં રચાયેલ વીરરસમય, અનુપ્રાસ-યમક-મય આ પ્રાચીન ગૂર્જર કાવ્ય આપના કર-કમલમાં સમર્પણ કરતાં મ્હને પરમ પ્રમોદ થાય છે, અને આપ પણ એના પર્યવલોકનથી સુપ્રસન્ન થશો—એવી આશા છે. વર્ષો પહેલાંનો મ્હારો સંકલ્પ અને પ્રયત્ન આજે લાંબા વખત પછી પણ પ્રકાશમાં આવે છે, એથી આનંદ થાય એ સ્વાભાવિક છે. એનો ઇતિહાસ જાણવા જેવો છે.

પ્રતિ-પરિચય.

વિક્રમસંવત્ ૧૯૭૬ના ભાદ્રપદમાં (સન્ ૧૯૨૦ ઓક્ટોબરમાં) વિધિ-વિનિયોગથી રાજ્યાશ્રયે વટપદ્ર(વડોદરા)માં મ્હારો વાસ થતાં સદ્ગત સાક્ષરરત્ન ચીમનલાલ દલાલનાં અપૂર્ણ કાર્યોને પૂર્ણ કરવાની મહત્ત્વની જવાબદારી મ્હારા પર આવી. સ્વ. દલાલે સન્ ૧૯૧૫માં પાંચમી ગૂજરાતી સાહિત્ય પરિષદ્ માટે લખેલો 'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગૂજરાતી સાહિત્ય' એ નામનો વિસ્તૃત નિબંધ 'લાઇબ્રેરી મિસલેની' અને પરિષદ્ના નિબંધ-સંગ્રહમાં મ્હારા જોવામાં આવ્યો. તેમાં વિ. સં. ૧૨૬૬ ના જંબૂસ્વામિ-રાસનો પરિચય કરાવતાં ત્યાં તેમણે સૂચવ્યું હતું કે—"**ગૂજરાતી ભાષામાં અત્યાર સુધી મળી આવેલા રાસોમાં આ સૌથી જૂનો છે.**" જે રાસ, ગાયકવાડ-

પ્રાચ્યગ્રંથમાલા (નં. ૧૩)માં પ્રાચીનગૂર્જરકાવ્યસંગ્રહમાં દલાલના સ્વર્ગવાસ પછી સન્ ૧૯૨૦ માં પ્રકાશમાં આવ્યો હતો.

સેન્ટ્રલ લાયબ્રેરીના સંસ્કૃત પુસ્તકાલય (હાલમાં પ્રાચ્ય-વિદ્યામંદિર)ના સંગ્રહના હસ્તલિખિત ગ્રંથોના અવલોકન સાથે મને અહિંના આત્મારામજી જૈન-જ્ઞાનમંદિરમાંના પ્રાચીન વિવિધ વિશાલ હ. લિ. ગ્રંથ-સંગ્રહનું નિરીક્ષણ કરવાની પણ સરસ તક મળી. તેમાં પ્રવર્તકજી કાંતિવિજયજી મહારાજના સંગ્રહમાં રહેલ એથી પણ પ્રાચીન વિ. સં. ૧૨૪૧ ના આ અપ્રકાશિત મનોહર કાવ્યની પ્રતિ પ્રાપ્ત થતાં મ્હને અપૂર્વ આનંદ થયો. મેં એની પ્રેસ-કૉપી તૈયાર કરી અને બીજી પ્રતિ માટે શોધ-ખોળ કરવા માંડી. તે દરમ્યાન મ્હારા તરફથી સંપાદિત થઈ રહેલા અને આ ગ્રંથમાળાના બીજા પુષ્પ તરીકે સં. ૧૯૭૭ માં પ્રકાશિત થયેલા પંદરમી સદીના પ્રાચીન ગૂજરાતી આધ્યાત્મિક રાસ ત્રિભુવનદીપક પ્રબંધની પ્રસ્તાવના (પૃ. ૧૧)માં પ્રસ્તુત કૃતિનું સૂચન મેં તેના અંતિમ ઉલ્લેખ સાથે કર્યું હતું, અપ્રકાશિત આવું સાહિત્ય પ્રકાશમાં લાવવાની ભાવના પ્રદર્શિત કરી હતી કે-જૈન કવિઓની આવી કેટલીય પ્રાચીન ગૂર્જર કૃતિયો હજુ અપ્રકાશિત અવસ્થામાં જ પડી છે. કર્તાના પરિચયને સૂચવતી, ૧૨૪૧ સંવત્-નિર્દેશવાળી આ કાવ્યની અંતિમ કડીઓને ઉદ્ધૃત કરી મેં ત્યાં દર્શાવી હતી.

વિ. સં. ૧૯૮૦ માં ભાવનગરમાં ગૂજરાતી સાહિત્ય-પરિષદ્ના સાતમા અધિવેશન પ્રસંગે સાહિત્ય-રસિક ઇતિહાસ-પ્રેમી સુપ્રસિદ્ધ સાક્ષર મોહનલાલભાઈ દેશાઈ મને મળ્યા, ત્યાંસુધી તેમને આ કૃતિની એટલી પ્રાચીનતાનો ખ્યાલ ન હતો; એથી એમની નોંધમાં બીજા શાલિભદ્રસૂરિની કૃતિ તરીકે આને પંદરમી સદીમાં મૂકેલી; તેનું કારણ એ જણાયું કે-સ્વ. વિજયધર્મસૂરિજીના સંગ્રહમાં રહેલી આ કાવ્યની બીજી પોથીમાં સંવત્ સૂચવનારી કડી ન હતી, તેના આધારે એમની એ નોંધ થઇ હતી. મેં તેમને મ્હારી ઉપ-

યુંક્ત પ્રસ્તાવનાનો ઉલ્લેખ દર્શાવી તેમનું લક્ષ્ય તે તરફ ખેંચ્યું, જેના પરિણામે તેમના 'જૈન ગૂર્જર કવિઓ'ના પ્રથમ ભાગમાં આ કાવ્યને વાસ્તવિક પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું.

'આ પ્રાચીન કાવ્યની પોથીની ફોટો-કૉપી કરાવી અહિંના રાજકીય હ. લિ. પુસ્તક–સંગ્રહમાં રાખવામાં આવે તો જિજ્ઞાસુ અભ્યાસીઓને વિશેષ ઉપયોગી થવા સંભવ છે.' આવી મ્હારી સૂચનાને ઉપરી અધિકારી તરફથી અનુમતિ મળતાં ઉપર્યુક્ત જૈન–જ્ઞાનમંદિરમાંથી પ્રવર્તકજી કાંતિવિજયજી મહારાજના સંગ્રહની નં. ૬૭૮ ની એ પોથી મેળવીને, પી. ડબ્લ્યુ ડિપાર્ટમેન્ટમાં નવા લાવેલા રાજકીય ફોટોસ્ટેટ મશીન–સાધન દ્વારા તેની ફોટો–કૉપી કરાવી નં. ૧૩૧૨૬ તરીકે તેને અહિંના પ્રાચ્યવિદ્યામંદિરમાં–સર્વના નિરીક્ષણ માટે મેં શો–કેસ(પ્રદર્શની)માં રખાવી હતી.

વિ. સં. ૧૯૮૧ માં વડોદરા–સાહિત્યસભા તરફથી ઉજવાયેલા શરદુત્સવ–પ્રસંગે સાહિત્ય–પ્રદર્શન ભરવામાં આવ્યું હતું, તેમાં આ ગ્રંથની ઉપર્યુક્ત ફોટો–કૉપીને સંવત્–ક્રમથી પ્રથમ સ્થાને સ્થાપી બીજી ગૂજરાતી કૃતિયોની પ્રતિયો સાથે પ્રદર્શિત કરાવવાની મ્હને તક મળી હતી. એનો પરિચય કરાવવાથી સં. ૧૨૪૧ ની આ પ્રાચીન કૃતિને 'સાહિત્ય'માં પ્રકાશિત કરવા સ્વ. તંત્રી મટુભાઇ કાંટાવાળાએ ઇચ્છા દર્શાવી હતી. 'વડોદરાના શરદુત્સવ'માં પ્રદર્શિત એ જૈનગ્રંથ–સૂચી 'જૈનયુગ' સં. ૧૯૮૨ ના જેઠના અંક(પૃ. ૪૫૮)માં પ્રકટ થયેલી છે.

મ્હારા સંપાદિત કરેલા ત્રિભુવનદીપક પ્રબંધની સમાલોચના કરતાં તંત્રી–સ્થાનેથી શ્રીયુત મોહનલાલ દ. દેશાઇએ વિ. સં. ૧૯૮૩ કાર્તિક–માર્ગશીર્ષના 'જૈનયુગ'ના સંયુક્ત અંક (પૃ. ૧૮૯–૧૯૦)માં આ સંબંધમાં મ્હને ઉદ્દેશી પ્રેરક પ્રકટ સૂચના પણ કરી હતી કે–

"લાલચંદ્ર પંડિતે, શ્રીશાલિભદ્રસૂરિએ સં. ૧૨૪૧ માં

સ્થેલ ભારત નરેશ્વર ચરિતને સંશોધિત કરેલ છે તે પ્રકાશિત કરવા તેઓ ઘણાં વર્ષોથી ઇચ્છે છે, તો તેઓ હવે સત્વર પ્રકટ કરશે—એમ ઇચ્છીશું."

વડોદરા–પ્રાચ્યવિદ્યામંદિરમાં નિરીક્ષણાર્થે જે જે સાહિત્યપ્રેમી સાક્ષરો આવ્યા, પ્રાયઃ તે સર્વને આ પ્રાચીન ગૂર્જર કાવ્યની પ્રાપ્ત પ્રતિકૃતિને હું હર્ષ–પૂર્વક દર્શાવતો અને ઉચિત પરિચય કરાવતો રહ્યો છું. તેમાં એક વિશેષ સ્મરણીય પ્રસંગ હું ભૂલી શકયો નથી કે–સદ્‌ગત વિદ્યાપ્રેમી મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડ સં. ૧૯૮૩ માં પ્રાચ્યવિદ્યામંદિરની મુલાકાતે પધાર્યા–ત્યારે પ્રાચીન દેશીભાષાઓના ઉલ્લેખવાળી સં. ૮૩૫ ની પ્રા. કુવલયમાલા કથાની ફોટો–કૉપી વગેરે સાથે સં. ૧૨૪૧ ના પ્રાચીન આ ગૂર્જરકાવ્યની ફોટો–કૉપી પણ તેઓ નામદારને દર્શાવવાની અને તેનો યોગ્ય પરિચય કરાવવાની મ્હને સરસ તક મળી હતી. એ પોથીઓને રસ–પૂર્વક જોઇ, વાંચી, એના પરિચયથી સાહિત્યપ્રેમી ગૂર્જરેશ્વર મહારાજા સાહેબ ઘણા સંતુષ્ટ થયા હતા, અને આવા ગ્રંથોને પ્રકાશિત કરવા તેઓશ્રીએ અનેક પ્રોત્સાહક વચનો ઉચ્ચાર્યાં હતાં; તથા તા. ૧૨–૩–૨૭ ના રોજ ને. ના. સર **વી. ટી. કૃષ્ણમાચારી સાહેબને દીવાન** તરીકેની સનંદ અને પોષાક આપવાના દરબારમાં ભાષણ કરતાં સદ્‌ગત મહારાજા સાહેબે અમારા સંબંધમાં ઉચ્ચાર્યું હતું કે–"થોડા દિવસ ઉપર હું કોઠીમાં આવેલી સંસ્કૃત લાયબ્રેરીની મુલાકાત લેવા ગયો હતો, કે જે કેળવણીખાતાની અનેક પ્રવૃત્તિઓમાંની એક છે, ત્યાં આગળ મિ. ભટ્ટાચાર્ય, મિ. શ્રીગોંદેકર અને પંડિત લાલચંદ્ર ગાંધી **વગર ધાંધલે શાંતિથી** જૂના હસ્તલિખિત ગ્રંથોના અક્ષરો બેસાડવાનું, છાપવાનું, તેમજ ભાષાંતર કરવાનું **મહાન્ અને અણમોલ કામ કરે છે અને તેથી આપણને પ્રાચીન જ્ઞાન અને ડહાપણનો લાભ પૂરેપૂરો મળે છે."**

......................[–નવગુજરાત (તા. ૧૪ માર્ચ સને ૧૯૨૭),

—તથા સયાજીવિજય વગેરે અનેક પત્રોમાં પ્રકાશિત.]

સં. ૧૯૮૪ માં મેં આ પ્રાચીન કાવ્યનો છાયાનુવાદ કરવા પ્રયત્ન કર્યો હતો, જે આ સાથે જોવામાં આવશે.

સં. ૧૯૮૬ માં પાટણમાં પાંચમી પુસ્તકાલય-પરિષદ્‌ના પ્રસંગે વડોદરા-પ્રાચ્યવિદ્યામંદિરની પ્રદર્શનીય સામગ્રી પસંદ કરી ત્યાં લઈ જઈ પ્રદર્શનમાં દર્શાવવાની-પરિચય કરાવવાની તક મ્હને મળી હતી-તેમાં પણ આ પ્રાચીન રાસની ફોટો-કૉપી તરફ મેં સાક્ષરોનું લક્ષ્ય ખેંચ્યું હતું. 'જૈન યુગ' સં. ૧૯૮૬ વૈશાખ-જેઠના અંક (પૃ. ૩૭૯)માં એનો નિર્દેશ છે.

એવી રીતે એ જ વર્ષમાં અહમ્મદાવાદમાં ભરાયેલા જૈન-સાહિત્ય-પ્રદર્શન પ્રસંગે પણ ઉપર્યુક્ત પોથી સાથે ઉચિત સામગ્રી લઈ જન-સમાજને દર્શાવવાનું-પરિચય કરાવવાનું કાર્ય મ્હને સોંપાયું હતું. જે ૧૧ દિવસો સુધી સંતોષકારક રીતે બજાવતાં પ્રાચ્યવિદ્યા-મંદિર-સંસ્થાને સં. પ્રમાણપત્ર સમર્પિત થયું હતું.

ક. સં. ૧૯૯૧ માં પ્રકાશિત થયેલ આ ગ્રંથમાલાના ત્રીજા પુષ્પ 'તેજપાલના વિજય'ના અંતમાં મ્હારી જે સાહિત્ય-ડાયરી પ્રકટ થઈ છે, તેમાં આ ભરત-બાહુબલિ-રાસની સં. ૧૯૭૭ માં મ્હારી કરેલી પ્રેસકૉપીની નોંધ પ્રકાશિત થયેલી છે, તે પહેલાં મળેલી આ જ પોથીને આધારે કરવામાં આવી હતી. પ્રવર્તકજી કાંતિવિજયજી મહારાજના સંગ્રહની વડોદરા-જૈનજ્ઞાનમંદિરમાંની એ પોથીને મેં અહિં ક. સંજ્ઞાથી સૂચવી છે. નાગરી લિપિમાં સૂક્ષ્મ અક્ષરો દ્વારા પડિમાત્રામાં લખાયેલી આ પોથી ૧૦॥ ઇંચ લંબાઈવાળાં અને ૪॥ ઇંચ પહોળાઈવાળાં ૬ કાગળ-પત્રોમાં લખાયેલી છે. તેમાં પ્રત્યેક પત્રમાં બંને બાજૂની મળી ૩૪ પંક્તિયો છે, છેલ્લા છઠ્ઠા પાનામાં પાછળ ત્રણ જ પંક્તિયો હોઇ કુલ ૨૦ પંક્તિયો છે. પ્રત્યેક પંક્તિમાં પ્રાયઃ ૬૦થી ૬૪ અક્ષરોનો સમાવેશ કરેલો છે. તેના અંતમાં

શ્લોક-સંખ્યા ૩૪૦ સૂચવેલી છે. પોથી લખ્યાનો સંવત્ ત્યાં જણાવ્યો નથી, પરંતુ તે પોથી વિમલમતિ ગણિના વિલોકન માટે લખવામાં આવી હતી-તેમ ત્યાં સૂચવ્યું છે. આ ગણિ ક્યારે હતા ? તે ચોક્કસ જાણવામાં આવ્યું નથી; છતાં અનુમાને આ પોથી સોળમી સદી જેટલી જૂની લાગે છે.

ઘ. સ્વ. સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરિજીના સંગ્રહની આગરાના શ્રીવિજયધર્મ-લક્ષ્મી-જ્ઞાનમંદિરમાં રહેલી બીજી પોથી મેં આ કાવ્યના યોગ્ય સંપાદન માટે વર્ષો પહેલાં મંગાવી રાખી હતી. લાંબા વખત સુધી મ્હારે એને એ કાર્ય માટે જ રોકી રાખવી પડી; તેને મેં અહિં ઘ. સંજ્ઞાદ્વારા ઓળખાવી છે. તે પોથીમાં નાગરી લિપિમાં પડિમાત્રાએ મનોહર સ્થૂલ અક્ષરોદ્વારા લખાયેલાં ૧૦ પાનાં છે; જેની લંબાઈ ૧૦ ઈંચ, અને પહોળાઇ ૪। ઇંચ છે. પ્રત્યેક પત્રમાં બંને બાજુની મળી ૨૬ પંક્તિયો છે, પ્રત્યેક પંક્તિમાં પ્રાયઃ ૪૦ થી ૪૮ અક્ષરોનો સમાવેશ છે. પહેલા પત્રની પહેલી બાજૂ ખાલી છે, અને છેલ્લા ૧૦ મા પાનામાં આડી ૪ લીટી લખી પૂર્ણાહુતિ કરેલી છે; પરંતુ તેમાં રચવાના સંવત્‌ને સૂચવતી કડી નથી, તેમ લખવાનો સમય પણ દર્શાવ્યો નથી. અનુમાનથી આ પોથી પણ ક. પોથી જેટલી પ્રાચીન જણાય છે.

આ બંને પોથીઓમાં પ્રત્યેક પંક્તિમાં પદે પદે પાઠ-ભેદો જણાય છે, તેમાંના ઘણા એવા છે કે જે આપણને એવા અનુમાન પર લઇ જાય છે કે-કવિએ આ કાવ્યના પાઠાંતરવાળા બે આદર્શો તૈયાર કરાવ્યા હોય-તેની આ બે પરસ્પર જૂદી પડતી નકલો હોય. કેટલીક કડીઓ ઘ. પોથીમાં છે, તે ક. પોથીમાં નથી અને કેટલીક ક. પોથીમાં છે, તે ઘ. પોથીમાં નથી. કેટલીક કડીઓ આગળ પાછળ જણાય છે, કેટલેક સ્થળે છંદ વગેરેનાં નામો વગેરેમાં અને બીજે પણ મહત્ત્વનો ફેરફાર છે. એ સર્વ પાઠાંતરો અહિં ટિપ્પ-

-નીમાં સ્પષ્ટ રીતે સૂચવવા મેં શક્ય પ્રયત્ન કર્યો છે, સુજ્ઞ વાચકો તે જોઈ શકશે.

પસંદ કરેલ મુખ્ય પ્રાચીન પાઠ સામે તેની પ્રતિરૂપક રૂપાંતર-વાળી મ્હારી કરેલી અર્વાચીન છાયા, પ્રાચીન ગૂજરાતીના અભ્યાસી-ઓને સમજવામાં તથા તુલનાત્મક વિશેષ અભ્યાસમાં અમુક અંશે ઉપયોગી થશે-તેમ ધારી અહિં સામે જ દર્શાવવામાં આવેલ છે.

આગરાના શ્રીવિજયધર્મ-લક્ષ્મી-જ્ઞાનમંદિરનું પુનરુજ્જીવન થતાં બે વર્ષ પહેલાં ઘ. પુસ્તિકા મોકલાવી આપવા તે તરફથી સૂચના આવી, ત્યારે મેં તેની એક ફોટો-કૉપી કરાવી લીધી હતી, અને જ્યારે ઉપર્યુક્ત સંસ્થાના વ્યવસ્થાપક ભાઈ રતનલાલજી, ઇતિ-હાસપ્રેમી મુનિરાજ વિદ્યાવિજયજીની 'મ્હારી સિંધ-યાત્રા' પુસ્તકની ભેટ લઈ આવ્યા, ત્યારે મેં ઉપર્યુક્ત પોથીને રોકવામાં મ્હારો વિશિષ્ટ સંપાદનનો આશય તેમને જણાવ્યો હતો.

મનુષ્યનું ધાર્યું શું થાય છે? લગભગ વીશ વર્ષો સુધી જેના સમુચિત સંપાદન માટે મેં સતત ચિંતનો કર્યાં, સ્વપ્નાં સેવ્યાં, શક્ય પ્રયાસો કર્યાં; પરંતુ અન્યાન્ય પ્રવૃત્તિયો સાથે '**શ્રેયાંસિ બહુવિઘ્નાનિ**' એ ઉક્તિ પ્રમાણે વચ્ચે અનેક વિઘ્નો ઉપસ્થિત થયાં, અનેક શુભ અશુભ પ્રસંગો બની ગયા, અનેક સજ્જન-દુર્જનોએ કૃતજ્ઞ-કૃતઘ્નો-એ કિંવા મિત્ર-શત્રુઓએ પોતપોતાની સ્વભાવોચિત પ્રકૃતિનો પરિ-ચય કરાવ્યો. પરિણામે અણધાર્યો વિલંબ થઈ કાલ-પરિપાક થતાં હાલમાં આ રીતે પ્રકાશમાં આવે છે. તેમાં પણ કુદરતનો કંઈક અકળ અગમ્ય ગૂઢ સંકેત હશે કે આ ભારત યુદ્ધકાવ્ય, વર્તમાન વિશ્વ-વ્યાપી વિષમ સંહારક ભીષણ મહાયુદ્ધના કાલે જ પ્રકાશમાં આવે છે! આ કાવ્યના અંતમાં યુદ્ધને અંતે વૈરાગ્ય-શાંતરસ વર્ણ-વેલ છે, તેમ સર્વત્ર શાંતિ પ્રાપ્ત થાઓ.

વિશેષમાં, ઉતાવળ કરી કાચું ફળ સમાજ આગળ ધરવા

કરતાં વિલંબે પણ ફળ પરિપક્વ પથ્ય થતાં સમર્પણ કરવું-એવી ઉચ્ચ વિશિષ્ટ ભાવનાને અનુસરીને સુસંપાદન માટે બીજા સુસંગત પ્રયત્નો પણ કરવાના હતા. પ્રયત્નથી મેળવેલી બે પોથીઓ કરતાં પ્રાચીન કોઈ ત્રીજી પોથી મળે તો તે સાથે તુલના કરી, વિશુદ્ધ કરી આવશ્યક પાઠાંતરો સાથે પ્રકાશિત કરવા ઇચ્છા હતી, ભાષાના તુલનાત્મક અભ્યાસ માટે અર્વાચીન છાયા કરી સામે દર્શાવવી, પ્રાચીન ગૂજરાતી ભાષા અને સાહિત્યના ઉપયોગી ઇતિહાસ પર વિવેકપૂર્વક વિમર્શ કરવો, પ્રસ્તુત રાસ-કાવ્યની વસ્તુ અને અન્તર્ગત વિષયો પર શક્ય વિચારણા કરવી, કવિ-પરિચય કરાવવો. વિ. આમાંની કેટલીક ભાવના કેટલેક અંશે અહિ સફલ થયેલી જોવાશે.

દેશી ભાષાઓની પ્રાચીનતા.

કેટલાક સાક્ષરો ગૂજરાતીભાષાને અને બીજી દેશી ભાષાઓને ઘણી અર્વાચીન (મુસલમાની રાજ્યકાળ પછીની) માનતા હતા, એથી અર્વાચીન કવિને પણ આદિકવિ તરીકે સૂચવતા હતા; અને હજી પણ કેટલાકની તેવી માન્યતા જણાય છે. આ સંબંધમાં પ્રાચીન ૧૮ દેશીભાષાઓનું સૂચન કરતાં મેં મ્હારી શોધખોળવાળી થોડી વિચારણા સં. ૧૯૮૦ માં ભાવનગરમાં ભરાયેલી સાતમી ગૂજરાતી સાહિત્ય પરિષત્-સમક્ષ પ્રકાશિત કરી હતી. પ્રાચીન ગૂજરાતી ભાષા-સાહિત્યનો ઇતિહાસ નામનો મ્હારો એ લેખ-નિબંધ વિસ્તૃત થઇ જતાં તત્કાળ પ્રકટ થઈ શકયો ન હતો; પરંતુ પ્રકારાન્તરે અપભ્રંશ-કાવ્યત્રયી (સં. ૧૯૮૩ માં પ્રકાશિત ગાયકવાડ-પ્રાચ્યગ્રંથમાળા નં. ૩૭)ની સં. ભૂમિકામાં અપભ્રંશભાષા-પરામર્શમાં અમુક અંશે પ્રકાશિત થઈ ગયેલ છે અને 'પ્રાકૃતભાષાની ઉપયોગિતા' નામના (સં. ૧૯૮૮ માં ભાવનગરની જૈનધર્મપ્રસારક સભા દ્વારા પ્રકાશિત) મ્હારા ગૂજરાતી નિબંધમાં પણ તેનો કેટલોક અંશ પ્રકટ થયેલ છે; તેમ છતાં આ સ્થળે પણ આવશ્યક વક્તવ્ય ઉપયોગી થશે, એવી આશા છે.

આ દેશના સંસ્કૃતજ્ઞ ભાષા-શાસ્ત્રીઓની સહાયતાથી અને સાર્વભૌમ સત્તાની પ્રેરણા-યોજના-સામગ્રી દ્વારા ઊંડી શોધખોળ કરનારા હિન્દુસ્તાનની ભાષાઓની વિસ્તૃત સમાલોચના (લિંગ્વિસ્ટિક સર્વે ઓફ ઇંડિયા) કરનારા ડૉ. જી. આર. ગ્રીઅર્સન, અથવા જેના વ્યાકરણના અભ્યાસથી ગૂજરાત ટેવાઈ ગયેલ છે, તે હોપ, ટેલર, તથા બીમ્સ અને ટેસીટોરી જેવા પરદેશી વિદ્વાનોના અને એને અનુસરતા આપણા દેશના ધુરંધર ગણાતા સાહિત્ય-પરિષદોના સમર્થ અધ્યક્ષ મહારથીઓ અને અન્ય સાક્ષર મહાશયોના ભાષા-સાહિત્ય વિચારો આગળ આ વક્તવ્ય કદાચ ધૃષ્ટતા જેવું લાગશે-તેમ છતાં '**बालादपि हितं ग्राह्यम्**' એ નીતિ-વાક્યને આદર આપનારા ગુણજ્ઞ સજ્જનોને આમાંથી પણ કેટલુંક જાણવા-વિચારવાનું મળી આવશે-એવી ધારણાથી અહિં પ્રયત્ન ઉચિત વિચાર્યો છે. '**शुभे यथाशक्ति प्रयतनीयम्**'

પ્રાચીન ભારતવર્ષમાં-આર્યાવર્તના વિવિધ દેશોમાં વિવિધ દેશભાષાઓ પ્રચલિત હતી, એમ દીર્ઘદષ્ટિથી વિચાર કરતાં અને પ્રાચીન વાઙ્મયનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં જણાઇ આવે છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને દેશીભાષાઓના વિશાળ સાહિત્યનું તટસ્થ ગંભીર અન્વેષણ કરતાં અભ્યાસી વિચારકોને એ સહજ સમજાય છે કે-સાક્ષરોએ દેશી ભાષાઓને પ્રાકૃત, વિભ્રંશ, અપભ્રંશ, અપભ્રષ્ટ વગેરે નામો દ્વારા ઓળખાવી છે.

સંસ્કૃત વ્યાકરણો રચાતાં વૈયાકરણોએ તે સમયે ચાલતી દેશ-ભાષાને-તેમના અભીષ્ટ નિયમોની મર્યાદામાં ન પ્રવર્તતી ભાષાને અસાધુ-અશુદ્ધ, વિભ્રંશ, અપભ્રંશ વગેરે નામે ઓળખાવી. ભરત મુનિના પ્રાચીન નાટ્યશાસ્ત્ર(અ. ૧૭)માં વિભ્રંશ(વિભ્રષ્ટ) શબ્દ એને ઉદ્દેશીને છે. ભામહના કાવ્યાલંકાર (૧, ૩૬)માં સંસ્કૃત, પ્રાકૃત સાથે અપભ્રંશ નામનો નિર્દેશ છે; એથી એમના સમયમાં એ ત્રણે

ભાષાનાં કાવ્યો વિદ્યમાન હોવાનું જણાય છે. દંડી કવિના કાવ્યાદર્શ (૧;૩૨,૩૬)માં આર્યોએ કથન કરેલા વાઙ્મયના ત્રીજા પ્રકારમાં અપભ્રંશનો ઉલ્લેખ કરતાં સૂચવ્યું છે કે–"કાવ્યોમાં આભીર વગેરેની ભાષાઓ અપભ્રંશ ગણાય છે અને શાસ્ત્રોમાં સંસ્કૃત સિવાયનું બીજું(સર્વ) અપભ્રંશ કહેલું છે."

લગભગ બે હજાર વર્ષો પૂર્વે થયેલા મનાતા પાણિનીય–મહાભાષ્યકાર મહર્ષિ પતંજલિએ સંસ્કૃત–સાધુ શબ્દ, અપશબ્દના અનુશાસનનો વિચાર કરતાં એક એક શબ્દના ઘણા અપભ્રંશ શબ્દો હોવાનું જણાવ્યું છે. સંસ્કૃત **ગો**શબ્દના અપભ્રંશ તરીકે જે **ગાવી**, **ગોણી** વગેરે અનેક શબ્દોને તેમણે સૂચવ્યા છે, તે જ શબ્દો લગભગ તે સમયના સાહિત્યમાં આવશ્યકસૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ વગેરે પ્રાચીન આર્ષ પ્રાકૃત–જૈનસિદ્ધાંત–સાહિત્યમાં સ્વાભાવિક રીતે વપરાયેલા જોવાય છે. અને તે જ શબ્દો, ઉપલબ્ધ થતા પ્રાચીન ચંડના પ્રાકૃત–લક્ષણમાં અને આચાર્ય શ્રીહેમચંદ્ર વગેરેના પ્રાકૃત શબ્દાનુશાસનમાં સિદ્ધ–શુદ્ધ તરીકે સૂચવાયેલા જોઇ શકાય છે.

પ્રાકૃત વ્યાકરણો રચાતાં–તે પ્રાકૃત વ્યાકરણોના નિયમોમાં સમાવેશ ન પામતી, તેના નિયમોની પણ પરવા કર્યા વિના સ્વાભાવિક રીતે સ્વતંત્રતાથી ચાલુ રહેલી એ જ દેશભાષાઓ–લોકભાષાઓ અપભ્રંશ તરીકે ઓળખાઇ. આગળ જતાં અપભ્રંશ વ્યાકરણ–નિયમોદ્વારા નિયમબદ્ધ થયેલી તે જ દેશભાષાઓ સાહિત્યમાં અપભ્રંશભાષા નામે રૂઢ થઈ. દેશભાષાઓ સાથે સામ્ય ધરાવતી હોઈ અનેક દેશોમાં આદર–પાત્ર થઇ; અને એ અપભ્રંશ વ્યાકરણ–નિયમોનું પણ નિયંત્રણ ન સ્વીકારતાં સ્વાભાવિક પ્રકૃતિ પ્રમાણે સ્વતંત્રતાથી ચાલુ રહેલી–જૂદા જૂદા દેશોમાં બોલાતી રહેલી એ દેશી ભાષાઓ તે તે દેશના નામે પ્રસિદ્ધ થઈ, તેમ છતાં તે પ્રાકૃત, અપભ્રંશ એવા સામાન્ય પૂર્વ નામે પણ બહુધા ઓળખાયુ છે; એથી જ અર્વાચીન ગૂજરાતી, મરાઠી કેટલાક કવિઓએ અને વિદ્વાનોએ

પોતાની ગદ્ય પદ્ય ગૂજરાતી, મરાઠી રચનાઓને પણ એ પૂર્વ નામે ઓળખાવી[1] છે.

શક સં. ૪૦૦=વિ. સં. ૫૩૫ ના વલભી(વળા)ના મહારાજ ધરસેનના તામ્રપત્રમાં તેના પૂર્વજ ગુહસેનને સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ એ ત્રણે ભાષાઓમાં પ્રતિબદ્ધ પ્રબંધોની રચના કરવામાં અત્યંત નિપુણ અંતઃકરણવાળો જણાવેલ છે.

દાક્ષિણ્યચિહ્ન ઉદ્દ્યોતનાચાર્યે શકસં. ૭૦૦=વિ. સં. ૮૩૫ની પ્રાકૃત કુવલયમાલાકથામાં એક વ્યક્તિના મુખદ્વારા અપભ્રંશ સંબંધમાં ઉચ્ચરાવ્યું છે કે–"સંસ્કૃત અને પ્રાકૃત એ બંનેનાં શુદ્ધ અશુદ્ધ પદોરૂપી સમ તરંગોથી ઉછળતું, નવીન વર્ષાકાળના મેઘને લીધે આવેલા પ્રવાહના પૂરથી પ્લાવિત થયેલી ગિરિનદી સરખું સમ–વિષમ, પ્રણયકુપિત થયેલી પ્રિય પ્રણયિનીના સમુલ્લાપ સરખું તે મનોહર હોય છે."

વિક્રમની દસમી સદીના ઉત્તરાર્ધમાં વિદ્યમાન, રાજમાન્ય યાયાવરીય કવિરાજ રાજશેખરે કાવ્યમીમાંસા (ગા. ઓ. સિ. અ. ૭, પૃ. ૩૩; અ. ૯, પૃ. ૪૮, ૫૧, અ ૧૦, પૃ. ૫૪–૫૫)માં તથા બાલરામાયણ (૧, ૧૧) વગેરેમાં પ્રાચીન ચાર ભાષાઓ સૂચવી, તેમાં અપભ્રંશનું અનેકવાર સ્મરણ કર્યું છે, તેને સુભવ્ય તરીકે સૂચવેલ

---

૧ ગુણરત્નસૂરિએ વિ. સં. ૧૪૬૬માં રચેલા સં. ક્રિયારત્નસમુચ્ચયના પ્રારંભમાં બાલાવબોધ માટે દર્શાવેલ વિભક્તિ–વિચાર–ઉક્તિ–પ્રકારને પ્રાકૃતભાષા નામથી જણાવેલ છે.

તથા કવિ પદ્મનાભે વિ. સં. ૧૫૧૨ માં રચેલા કાન્હડદે-પ્રબંધને, ભાલણે કાદંબરીને, તથા અખાએ પોતાની કવિતાને પ્રાકૃત સૂચવી છે; નરસિંહ મહેતાએ સુરત–સંગ્રામ કાવ્યને અપભ્રષ્ટ ગિરામાં કરેલ સૂચવ્યું છે; પરંતુ વાસ્તવિક રીતે ગૂજરાતી ભાષાને જ ત્યાં તે નામે સૂચવી છે–એમ ભાષાવિશારદો વિચારી શકે છે.

એ, તે ઉક્તિદ્વારા પણ વિશિષ્ટ અર્થ પ્રતિપાદન કરી શકાય, તેનું પઠન લાલિત્ય-પૂર્વક કરવું જોઇએ, અપભ્રંશ ભાષાના કવિઓ રાજ-સભામાં પશ્ચિમ તરફ બેસે એ વગેરે સૂચવ્યું છે.

વિષ્ણુધર્મોત્તર પુરાણ (ખં. ૩, અ. ૩, ૭)માં ત્રીજા ગીતને અપભ્રષ્ટ નામે ઓળખાવતાં **દેશભાષા**-વિશેષથી તેને અનંત જણાવ્યું છે; જૂદા જૂદા દેશોમાં જૂદા જૂદા ભેદોવાળું, લોકોમાં જે **અપભ્રષ્ટ** નામનું છે, તે લક્ષણથી કહી શકાતું નથી, **દેશજ્ઞ**થી તે જાણવું જોઇએ –એમ સૂચવ્યું છે.

કવિ રુદ્રટના કાવ્યાલંકાર(૨, ૧૨)માં પ્રાચીન ભાષાઓના પ્રાકૃત વગેરે ૬ ભેદો દર્શાવતાં છઠ્ઠો ભેદ અપભ્રંશ એ **દેશ-વિશેષને લીધે** ઘણા ભેદોવાળો છે–તેમ જણાવ્યું છે.

કાવ્યાલંકારના ઉદાહરણોમાં કર્ણદેવ–સૂનુ સિદ્ધરાજ જયસિંહની પ્રશસ્તિ ઉચ્ચારનાર મહામાત્ય મહાકવિ વાગ્ભટે કાવ્યાલંકાર (૨, ૩)માં ભાષાના ત્રીજા પ્રકારમાં **"તે તે દેશોમાંના શુદ્ધ ભાષિતને અપભ્રંશ"** નામથી ઓળખાવ્યું છે.

પ્રાચીન સંસ્કૃત, પ્રાકૃત અને મિશ્ર સાહિત્યમાં સૂક્ષ્મ નિરીક્ષણ કરીએ તો તેમાંથી દેશભાષાઓ સંબંધમાં અનેક સૂચન–સંસ્મરણો મળી આવે છે–

બૃહત્કલ્પસૂત્ર (ઉ. ૬, પત્ર ૪૫) નામના જૈન નિર્ગ્રન્થોના આચાર–વિષયક સિદ્ધાંત–ગ્રંથમાં ધર્મોપદેશક જૈનાચાર્યની દેશભાષા–દક્ષતારૂપ વિશિષ્ટ યોગ્યતાને આવશ્યક ગણી તે તરફ ધ્યાન ખેંચ્યું છે કે–પ્રવચનના સારનું પરિકથન કરવા માટે તે ઉપદેશક(ગુરુ) અન્ય સેંકડો ગુણોથી યુક્ત હોય તે સાથે તે વિવિધ પ્રકારની **દેશભાષા**ઓના પણ જાણકાર હોવા જોઇએ. વિવિધ પ્રકારની **દેશી**(ભાષાઓ)માં કુશળ. વિવિધ પ્રકારના **દેશીભાષામય** સૂત્રના અભિલાપ (ઉચ્ચાર)માં, અને અર્થમાં કુશળ હોય છે–એવી રીતે કુશળ થયા પછી તેણે ધર્મ–પ્રબોધ–પ્રચાર માટે વિવિધ દેશોમાં જવું જોઇએ."

નવમી સદી પહેલાં થયેલા વિરહાંક હરિભદ્રસૂરિએ દશવૈકાલિક-વૃત્તિ(પત્ર ૫)માં અને બીજાઓએ પણ બીજે એ ગાથાને ઉદ્ધૃત કરેલ છે.

વિષ્ણુધર્મોત્તર પુરાણમાં જણાવ્યું છે કે "સંસ્કૃત, પ્રાકૃત વાક્યોવડે અને દેશભાષા વગેરે યોગ્ય ઉપાયોવડે શિષ્યને જે બોધ પમાડે; તે ગુરુ ગણાય છે."

મહર્ષિ વ્યાસના મહાભારત(શલ્યપર્વ અ. ૪૬, શ્લો. ૧૦૩)માં, "સૈન્યના સ્વામીઓને વિવિધ ભાષાઓમાં કુશળ અને દેશ-ભાષાઓમાં અન્યોન્ય-પરસ્પર બોલતાં" જણાવ્યા છે.

ભરત મુનિના નાટ્યશાસ્ત્ર (ગા. પ્રા. ગ્રં. અ. ૧૭, શ્લો. ૩, ૪, ૨૫, ૨૬, ૪૮)માં દેશીગત, દેશભાષા-વિકલ્પ વિચાર કરતાં જણાવ્યું છે કે "નાટકમાં પ્રયોગ કરનારાઓએ શૌરસેની ભાષા અથવા ઇચ્છા પ્રમાણે દેશભાષા [પ્રયુક્ત] કરવી જોઇએ. કારણ કે વિવિધ દેશોમાં ઉત્પન્ન થયેલ કાવ્ય જ નાટકમાં હોય છે."

માળવાના મહારાજા મુંજની વિદ્વત્-પરિષદ્‌ના કવિ ધનંજયે દશરૂપક (પરિ. ૨, શ્લો. ૫૮, ૬૧)માં દર્શાવ્યું છે કે-"દેશભાષા, ક્રિયા અને વેષલક્ષણક પ્રવૃત્તિયોને લોકથી જ જાણીને તેનો ઔચિત્ય પ્રમાણે પ્રયોગ કરવો જોઇએ; જે દેશનું જે નીચ પાત્ર હોય, તે દેશનું તેનું ભાષિત [નાટ્ય-પ્રયોગમાં] હોવું જોઇએ."

આચાર્ય શ્રીહેમચંદ્રના પટ્ટધર મહાકવિ રામચંદ્રે નાટ્યદર્પણ (વિવેક ૪, શ્લો. ૧૯૪, ૧૯૫; ગા. ઓ. સિ. પૃ ૨૦૯)માં, નાટ્ય-પ્રયોગોના ભાષા-વિધાનમાં કુરુ, મગધ વગેરે દેશના ઉદ્દેશ પ્રસંગમાં પોતપોતાના દેશની ભાષાનો નિબંધ કરવા સૂચવ્યું છે; તથા 'આ દેશભાષા પ્રાયે અપભ્રંશમાં પડે છે.' તેમ જણાવ્યું છે.

વાત્સ્યાયનના કામસૂત્ર (૧, ૪, ૫૦)માં, તથા સરસ્વતી-કંઠા-ભરણ (પરિ. ૨, શ્લો. ૧૨)માં ઉલ્લેખ છે કે-"અત્યંત સંસ્કૃતથી જ

નહિ અને અત્યંત **દેશભાષાદ્વારા** પણ નહિ; એવી રીતે ગોષ્ઠી (સમાન બુદ્ધિ, શીલ અને વયવાળી વિનોદ માટે બેઠેલી મંડલી)-ઓમાં કથા કહેનાર પુરુષ, લોકમાં બહુમત થાય છે.

અન્યત્ર સૂચન છે કે "સુરત-પ્રસંગે દંપતી-યુગલનું પોતાની **દેશીભાષાદ્વારા** કાનમાં જે મંદ કથન, તેને વિદ્વાનો મન્મન કહે છે."

મહારાજા **ભોજ**ના **સરસ્વતી-કંઠાભરણ** (પરિચ્છેદ ૨, શ્લો. ૧૩) માં જણાવ્યું છે કે-

"ગૂર્જરો (ગૂજરાત દેશના લોકો) પોતાના [દેશના] અપભ્રંશ(ગૂજરાતી)થી તુષ્ટ થાય છે, બીજા [દેશના] અપભ્રંશથી નહિ."

શૂદ્રક કવિના **મૃચ્છકટિક** નાટક (અં. ૬, પૃ. ૨૨૫)માં, 'અનેક **દેશભાષાઓ**માં અભિજ્ઞ' હોવાનું પાત્ર-મુખે ઉચ્ચરાવ્યું છે.

વિશાખદેવના **મુદ્રારાક્ષસ** નાટક (૧, ૯)માં ચર પુરુષો (જાસૂસો)ને ઘણા પ્રકારની **દેશભાષાઓ** જાણનારા, તથા ઘણા પ્રકારના દેશોના વેષો, આચારો અને સંચારોને જાણનારા સૂચવ્યા છે.

સુપ્રસિદ્ધ કવિરત્ન **બાણભટ્ટે કાદંબરી** (પૃ. ૧૦૨)માં કુમારનો પરિચય કરાવતાં સૂચવ્યું છે કે-"જેણે સમસ્ત **દેશભાષાઓ** શીખી લીધી હતી અને જે સર્વ લિપિઓનો જાણકાર થયો હતો."

જેમના નામનું સ્મારક **સૌરાષ્ટ્ર**માં **પાલિતાણા** નામે પ્રસિદ્ધ થયેલું છે, તથા **પ્રતિષ્ઠાન**(પૈઠણ-દક્ષિણ)ના સમ્રાટ્ **ગાથાસપ્તશતી**-કાર કવિ-વત્સલ **હાલ સાતવાહન-શાલિવાહને** જેમનું સન્માન કર્યું હતું, જેમણે **પાટલિપુત્ર (પટણા)**ના મહારાજા **મુરુંડરાજ**ની અસાધ્ય શિરોવેદનાને વિનષ્ટ કરી હતી, જેમણે આકાશગામિની અદ્ભુત શક્તિ સિદ્ધ કરી હતી, જેમણે વિદ્વજ્જનોમાં વિનોદ પ્રસરાવનારી કલા-લક્ષણ-વિજ્ઞાનથી પરિપૂર્ણ સરસ મનોહર **તરંગવતી** કથા રચી હતી; તે **પાલિત્ત-પાદલિપ્તસૂરિ** વગેરેએ રચેલાં પ્રાચીન **દેશી-શાસ્ત્રો** આજે

આપણને ઉપલબ્ધ થતાં નથી; તેમ છતાં એ દુર્લભ શાસ્ત્રોના પરિશીલનથી સંદર્ભિત કરેલ દેશીશબ્દ-સંગ્રહ-દેશીનામમાલા-રત્નાવલી આચાર્ય શ્રીહેમચંદ્ર જેવા વિદ્યાસિદ્ધ સત્પુરુષના સુપ્રસાદથી સદ્ભાગ્યે આપણને પ્રાપ્ત થાય છે. સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનના પરિશિષ્ટરૂપ એ ગ્રંથમાં તેઓએ જણાવ્યું છે કે-મહારાષ્ટ્ર, વિદર્ભ, આભીર વગેરે દેશોમાં ઉચ્ચરાતા 'મગ' (પછી) વગેરે શબ્દો જે કહેવામાં આવે તો તે અનંત હોવાથી પુરુષના આયુષ્ય દ્વારા (સો વર્ષે) પણ તેનો સર્વ સંગ્રહ અશક્ય છે; એ કથનના પ્રમાણમાં તેમણે ત્યાં પ્રાચીન વિદ્વાનનું કથન ઉદ્ધૃત કર્યું છે—

"દેશોમાં જે શબ્દો પ્રસિદ્ધ છે, તે સર્વનો સર્વ પ્રકારે સમુચ્ચય કરવામાં હજારો દિવ્ય યુગો દ્વારા વાચસ્પતિની મતિ પણ સમર્થ થઇ શકતી નથી."

આથી તેઓએ ત્યાં દેશીશબ્દને અનાદિ-પ્રવૃત્ત પ્રાકૃતભાષા-વિશેષમાં મર્યાદિત રાખી તેવા દેશીશબ્દોનો જ સંગ્રહ ઉપર્યુક્ત ગ્રંથમાં સંકલિત કર્યો છે.

પાલિત્તસૂરિની દેશીવચનો દ્વારા વિસ્તૃત પૂર્વોક્ત તરંગવતી કથામાંથી દુર્બોધ દેશીપદો મૂકી દઈ અતિસંક્ષિપ્ત કરેલી તરંગવતી કથા હાલમાં આપણને પ્રાપ્ત થાય છે; જે હાઇયપુરીયગચ્છના વીરભદ્રસૂરિના શિષ્ય નેમિચંદ્રગણિ માટે જસે(યશશ્ચંદ્રે) લખેલી હતી. જર્મન પ્રો. લોયમનના પ્રયત્નથી તેનો જર્મન અનુવાદ થયા પછી તે પરથી થયેલ ગૂજરાતી અનુવાદ થોડાં વર્ષો પૂર્વે પ્રકાશમાં આવ્યો છે.

"સુલલિત વર્ણોથી રચાયેલું રમણીય પ્રાકૃત કાવ્ય, ગૂઢ અર્થવાળા દેશીશબ્દોથી રહિત હોય તો સર્વના હૃદયને સુખ ઉપજાવે છે." એવું સૂચન મહેશ્વરસૂરિએ પંચમી-માહાત્મ્ય (વિ. સં. ૧૦૦૯ માં લખાયેલી જેસલમેર-જૈનભંડારની તાડપત્રીય પ્રતિ)માં કર્યું છે.

વજ્જાલગ્ગ (પ્રા. પદ્યાલય) વગેરેમાં એને મળતું પણ છે.

ભૂષણભટ્ટના તનયે (કુતૂહલે) રચેલી પ્રતિષ્ઠાન (પૈઠણ—દક્ષિણ)ના સમ્રાટ્ સાલાહણ—શાલિવાહન સાથે સિંહલદ્વીપની સુંદરીના પ્રણય—પ્રબંધને વર્ણવતી પ્રાકૃત લીલાવતી કથામાં સૂચવ્યું છે કે—"પ્રિયતમાએ પ્રિયતમને શરદ્—રજનીના પ્રારંભમાં પ્રાર્થના કરી હતી કે—સ્વાભાવિક(પ્રાકૃત) શુદ્ધયુતિવાળી મનોહર કથા, બહુ થોડા દેશીશબ્દો દ્વારા સુલક્ષ્ય થાય—સમજાય તેવી રીતે કહો." એથી કહેવામાં આવી હતી, જેની વિ. સં. ૧૨૬૫ માં લખાયેલી તાડ-પત્રીય પ્રતિ જેસલમેર(મારવાડ)ના જૈનભંડારમાં છે.

માળવાના વિદ્વત્પૂજક મહારાજા મુંજે(વાક્પતિરાજે) રાજ—સભામાં 'સરસ્વતી' બિરૂદ દ્વારા જેમનું સન્માન કર્યું હતું, અને સુપ્રસિદ્ધ મહારાજા ભોજને જૈનકથા શ્રવણ કરવાની ઉત્કંઠા થતાં જેમણે કાદંબરી સાથે સ્પર્ધા કરે તેવી તિલકમંજરી નામની શ્રેષ્ઠ છટાદાર મનોહર સરસ સંસ્કૃત ગદ્યકથા રચી હતી, તે રાજમાન્ય કવિરત્ન ધનપાલે નિર્દોષ માર્ગમાં રહેલી પોતાની નાની બહેન સુંદરીના અભ્યાસ માટે 'પાઇઅલચ્છી' નામની પ્રાકૃત નામમાલાની રચના કરી હતી. કવિઓ દ્વારા [પ્રાકૃત] કાવ્યોમાં જે રસાઢ્ય શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે, તેને કવિએ ત્યાં દેશીશબ્દ દ્વારા ઓળખાવેલ છે. માળવાના નરેંદ્રની ધાડે મન્નખેડ(માલખેડ) લૂંટયું, ત્યારે ધારામાં આવી વસતાં વિ. સં. ૧૦૨(૬)૯ માં કવિએ આ રચના કરી હતી—એમ ત્યાં સ્પષ્ટ જણાવ્યું છે.

એ રીતે વિચાર કરતાં સંસ્કૃતભાષાના પ્રાધાન્ય કાળમાં પણ સંસ્કૃતજ્ઞ વિદ્વાનો સિવાયના ઇતર આર્યોના વિશાળ જન—સમુદાયનો સર્વ વ્યવહાર એ દેશભાષાઓ દ્વારા થતો હતો. એ જન—સમૂહમાં એ વિદ્વાનોની પત્નીઓ, બાલ—બાલિકાઓ, રાજા—મહારાજાની રાણી—મહારાણીઓ તથા તેમનાં પરિચારકો—પરિચારિકાઓ વગેરે પણ ગણાવી શકાય. તથા મંત્રીઓ વગેરે રાજ્યાધિકારીઓ, વેપા-રીઓ, અન્ય બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો એ ચારે વર્ણો-

માંનો વિશાળ માનવ–સમુદાય, એ દેશભાષાઓ દ્વારા પરસ્પર સામાન્ય વ્યવહાર કરતો હતો, એમ સમજાય છે—એ સ્વીકારવું જોઈએ.

પ્રાચીન ૧૮ દેશીભાષાઓ.

ભારતવર્ષમાં પ્રાચીન સમયમાં-લગભગ અઢી હજાર વર્ષો પૂર્વે મુખ્યતયા અઢાર પ્રકારની દેશીભાષાઓ પ્રચલિત–પ્રસિદ્ધ હતી એવું જણાય છે. ઘણા રાજકુમારો વગેરે પુરુષો અને ગણિકાઓ વગેરે સ્ત્રીઓ વિવિધ કળાઓમાં કુશલતા મેળવતાં હતાં, તે સાથે એ ૧૮ દેશભાષાઓમાં પણ વિશારદતા મેળવતાં હતાં, એમ મળી આવતા પ્રાચીન પ્રામાણિક ઉલ્લેખોથી જણાય છે. અઢી હજાર વર્ષો પૂર્વે રચાયેલાં જૈનસિદ્ધાંત–સૂત્રોમાં અને એ પછીના ગ્રંથોમાં પણ એનાં સૂચનો મળી આવે છે—

જ્ઞાત–ધર્મકથા (નાયા–ધમ્મકહાઓ) નામના છઠ્ઠા અંગસૂત્ર (આ. સમિતિ પત્ર ૩૮)માં, શ્રમણ ભગવાન્ મહાવીરના સમકાલીન મગધદેશ(રાજગૃહનગર)ના મહારાજા શ્રેણિકના રાજકુમાર મેઘને અઢાર પ્રકારની દેશી ભાષાઓમાં વિશારદ જણાવેલો છે, જેણે આગળ જતાં ભગવાન્ મહાવીર પાસે પ્રવ્રજ્યા સ્વીકારી હતી.

ઔપપાતિક(ઉવવાઇય) નામના ઉપાંગસૂત્ર(આ. સમિતિ પત્ર ૯૮)માં અને રાજપ્રશ્નીય(રાયપ્પસેણિય) નામના ઉપાંગસૂત્ર (આ. સમિતિ પત્ર ૧૪૮)માં પણ એ રીતે દૃઢપ્રતિજ્ઞ નામના કુમારને પણ અઢાર પ્રકારની દેશીભાષાઓમાં વિશારદ જણાવ્યો છે.

પૂર્વોક્ત જ્ઞાતધર્મકથા નામના છઠ્ઠા અંગ સૂત્ર (આ. સમિતિ પત્ર ૯૨)માં ઉલ્લેખ છે કે ચંપાનગર(અંગદેશ)માં વસતી દેવદત્તા નામની ગણિકા; તથા વિપાકશ્રુત (વિવાગસુય) નામના અગીઆરમા અંગસૂત્ર (આ. સમિતિ પૃ. ૪૫)માં જણાવેલ વાણિજ ગામમાં વસતી કામધ્વજા નામની ગણિકા પણ તેવી રીતે અઢાર પ્રકારની દેશીભાષાઓમાં વિશારદ હતી.

પ્રાચીન જૈનસિદ્ધાંત-સાહિત્યમાં એવા ઉલ્લેખો મળી આવે છે કે-

"શ્રમણ ભગવાન્ મહાવીર અને અન્ય અર્હન્તો(તીર્થંકરો) સર્વ સાધારણ જન-સમૂહને ઉદ્દેશી ધર્મનો ઉપદેશ અર્ધમાગધી ભાષાદ્વારા કરતા હતા; ઉચ્ચરાતી એ ભાષા, શ્રવણ કરનાર વર્ગને-સર્વ આર્યોને અને અનાર્યોને તથા બીજા સર્વ પ્રાણિમાત્રને હિતકારક, શુભ અને સુખકારક થાય તેવી રીતે તેમને પોતપોતાની ભાષા-રૂપે પરિણમતી હતી-શુભ પરિણામકારક થતી હતી. દેવો એને દેવ-ભાષા તરીકે, માનવો એને માનવ-ભાષા તરીકે તથા શબરો (ભિલ્લો) વગેરે એને શાબરી ભાષા તરીકે અને પશુઓ, પક્ષીઓ વગેરે તિર્યંચો પોતપોતાની ભાષા-વાણી તરીકે માનતા-સમજતા હતા. મેઘે એક ધારાએ વરસાવેલ પાણી જેમ ભિન્ન ભિન્ન આશ્રયમાં ભિન્ન ભિન્નરૂપે પરિણમે છે; તેમ એ તીર્થંકરોએ ઉચ્ચારેલી વાણી એ અર્ધમાગધી ભાષા પણ વિવિધરૂપે પરિણમતી હતી."

પૂર્વે થયેલા તીર્થંકર અર્હન્તોની જેમ છેલ્લા અર્હન્ ભગવાન્ મહાવીરે અર્ધમાગધી ભાષામાં ઉચ્ચારેલા એ અર્થ-ભાવને ઝીલી તેમના ગણધરોએ રચેલાં સિદ્ધાંત સૂત્રો અર્ધમાગધી ભાષામાં નિયત જણાવ્યાં છે. વિશેષમાં દેવો કઈ ભાષામાં બોલે છે? અને બોલાતી છતી કઈ ભાષા વિશેષતા પામે છે? એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં અર્ધમાગધી ભાષા સૂચવવામાં આવી છે. ભાષાર્ય કોણ કહેવાય? એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવવામાં આવ્યું છે કે-"જેઓ અર્ધમાગધી ભાષાદ્વારા બોલે છે, અને જ્યાં(જેઓમાં) બ્રાહ્મી લિપિ પ્રવર્તે છે; તે ભાષાર્ય કહેવાય છે."

---

૧. જૈનસિદ્ધાંત ગ્રંથોમાં શ્યામ(કાલક) આચાર્યના પ્રજ્ઞાપના-(પણ્ણવણા) સૂત્રમાં, ૧ ક્ષેત્ર, ૨ જાતિ, ૩ કુલ, ૪ કર્મ, ૫ શિલ્પ, ૬ ભાષા, ૭ જ્ઞાન, ૮ દર્શન અને ૯ ચારિત્ર એ ૯ પ્રકારે આર્યોના ૯ પ્રકારો સૂચવ્યા છે. તેમાં ૧ ક્ષેત્રાર્ય તરીકે પ્રાચીન ભારતના ૨૫॥ દેશોનાં નામો તેનાં મુખ્ય નગરો(રાજધાની)નાં નામો સાથે દર્શાવ્યાં છે.

એ સંબંધના પ્રામાણિક ઉલ્લેખો સમવાયાંગ સૂત્ર (આ. સમિતિ પૃ. ૬૦), ભગવતી સૂત્ર (શ. ૫, ઉ. ૪, સૂ. ૧૯૧), આવશ્યક સૂત્ર, ઔપપાતિક સૂત્ર(આ. સમિતિ પૃ. ૩૪, ૭૭), પ્રજ્ઞાપનાસૂત્ર (આ. સમિતિ પત્ર ૫૬), તથા પઉમચરિય (પદ્મચરિત્ર રચના વિ. સં. ૬૦), રુદ્રટીય કાવ્યાલંકાર–ટિપ્પન, આચાર્ય શ્રીહેમચંદ્રની દેશીનામમાલા, અભિધાનચિંતામણિ નામમાલા, વાગ્ભટનું કાવ્યાનુશાસન વગેરેમાં મળી આવે છે.

ભરત મુનિના નાટ્યશાસ્ત્રમાં, નાટ્યમાં રાજકુમારો, શ્રેષ્ઠીઓ, ચેટો(પરિચારકો) વગેરેની પાઠ્ય ભાષા અર્ધમાગધી જણાવી છે.

એ સર્વના પ્રામાણિક આધારભૂત ઉલ્લેખો પંદરેક વર્ષો પૂર્વે અપભ્રંશકાવ્યત્રયી (ગા. ઓ. સિ. નં. ૩૭)ની વિસ્તૃત સંસ્કૃત ભૂમિકા (પૃ. ૮૪ થી ૮૮)માં મેં દર્શાવેલા હોવાથી અહિં તેનાં પુનરવતરણો કર્યાં નથી, જિજ્ઞાસુઓ ત્યાં જોઈ શકશે.

અહિં પ્રસ્તુતમાં એ સૂચવવાનું છે કે ઉપર્યુક્ત અર્ધમાગધી —**अद्धमागह(ध)** સૂત્ર શબ્દનો જે અર્થ, પ્રાચીન વિવરણકારે કર્યો છે, તે બહુ સૂચક છે; તે તરફ લક્ષ્ય આપવું જોઇએ.

શકવર્ષ ૫૯૮=વિ. સં. ૭૩૩ લગભગમાં જૈનસિદ્ધાંત–સૂત્રોની ચૂર્ણિ–વ્યાખ્યાઓ રચનાર જિનદાસગણિ મહત્તરે **નિશીથસૂત્રની** વિશેષચૂર્ણિ વ્યાખ્યામાં અર્ધમાગધનો એક આશય **'અઢાર દેશી-ભાષાઓમાં નિયત'** એવો પણ જણાવ્યો છે.

જિનો(તીર્થંકરો), ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો જેવા શલાકાપુરુષોની ઉત્પત્તિ એ જ આર્ય દેશોમાં થાય છે, અને ધર્મની પ્રાપ્તિ, વૃદ્ધિ, ઉન્નતિની પ્રધાનભૂમિ તરીકે પણ એ જ આર્યદેશો મહત્ત્વ ધરાવે છે–એવી પ્રાચીન જૈન માન્યતા છે. એ દેશોમાં રાજગૃહ રાજધાનીવાળા મગધ દેશનું નામ પ્રથમ સૂચવેલ છે.

પ્રાચીન ૧૮ દેશી ભાષાઓમાં ગૂજરાતી.

ઉપર ઉલ્લેખોમાં સામાન્ય રીતે સૂચવાયેલી એ પ્રાચીન ૧૮ દેશી ભાષાઓ કઈ કઈ? એની ત્યાં સ્પષ્ટતા નથી; એ સંબંધમાં બહુ ગવેષણા કરતાં સદ્ભાગ્યે પ્રાપ્ત થયેલા એક પ્રાચીન મહત્ત્વના ગ્રંથથી આપણને એની સ્પષ્ટતા થાય છે. કુવલયમાલા-કથા નામના એ પ્રાકૃત કથાગ્રંથની રચના શકકાલ ૭૦૦=વિ. સં. ૮૩૫માં, જિન-ભવનોથી મનોહર જાવાલિપુર (જાલોર-મારવાડ)માં રણુહસ્તી વત્સરાજ નામના શ્રેષ્ઠ રાજાના રાજ્ય-સમયમાં પોતાના વિદ્યાગુરુ વીરભદ્રે કરાવેલા ઋષભજિનેંદ્રના ઉચ્ચ આયતનમાં રહી કવિ દાક્ષિણ્ય ચિહ્ન આચાર્ય ઉદ્દ્યોતને કરી હતી-એમ ત્યાં સ્પષ્ટ જણાવેલ છે. હ્રીદેવીના પ્રસાદથી રચેલી, દેશીભાષાઓનું વિશિષ્ટ જ્ઞાન આપનારી એ કથામાં કવિએ પૂર્વકવિઓનાં સંસ્મરણ સાથે પોતાની વિસ્તૃત ગુરુપરંપરા દર્શાવી છે; એમના ઇતિહાસથી આપણને આનંદ થાય એ સ્વાભાવિક છે કે તેમના પૂર્વજોએ "ગુજ્જર દેશ-ગૂજરાતને દેવગૃહો-દેવમંદિરોથી રમણીય બનાવ્યો હતો." એ રીતે પણ આપણે તેમના ઋણી છીએ. તેમનો પરિચય અહિં ઉપયોગી જણાશે કે- "ઉત્તરાપથમાં ચંદ્રભાગા નદીના તીરે રહેલી પર્વતિકા પુરી સમ્રાટ્ તોરરાજની રાજધાની હતી, ત્યાં તે તોરરાજે ગુપ્તવંશી ગુરુ હરિગુપ્ત આચાર્યને સ્થાન આપ્યું હતું. તે આચાર્યના શિષ્ય મહાકવિ દેવગુપ્ત (ત્રિપુરુષચરિત્રકાર) થઈ ગયા, તેમના શિષ્ય મહત્તર શિવચંદ્રગણી જિનવંદન માટે ભ્રમણ કરતા ભિલ્લમાલ(શ્રીમાલ) નગરમાં રહ્યા હતા. તેમના શિષ્ય યક્ષદત્ત ગણી સુયશસ્વી મહાત્મા થઈ ગયા. તેમના ઉત્તમ તપસ્વી વચન-શક્તિવાળા ૬ સુશિષ્યોએ (૧ નાગ, ૨ વૃંદ, ૩ મમ્મટ, ૪ દુર્ગ, ૫ આચાર્ય અગ્નિશર્મા અને ૬ વટેશ્વરે) ગૂજરાત દેશને દેવગૃહો-જિનમંદિરોદ્વારા રમણીય કર્યો હતો. એમાંના વટેશ્વરના શિષ્ય તત્ત્વાચાર્યના શિષ્ય તરીકે આ કવિએ પોતાનો પરિચય આપ્યો છે; આચાર્ય વીરભદ્રને તથા હરિભદ્રને પોતાના વિદ્યાગુરુ જણાવ્યા છે. એમના એ પ્રાકૃત ભાષાના સંકીર્ણકથા-ગ્રંથમાં પ્રાસંગિક

સંસ્કૃત, અપભ્રંશ, પૈશાચી ભાષાના તથા અઢાર દેશીભાષાઓના સ્વલ્પ નમૂનાઓ પણ દર્શાવ્યા છે.

સુપ્રસિદ્ધ હેમચંદ્રાચાર્યના ગુરુવર્ય દેવચંદ્રસૂરિએ વિ. સં. ૧૧૬૦માં ખંભાતમાં સિદ્ધરાજ જયસિંહના રાજ્યમાં રચેલા બારહજાર શ્લોક-પ્રમાણ પ્રાકૃત મહાકાવ્ય શાંતિનાથ-ચરિત્રમાં અને તેને અનુસરતા માણિક્યચંદ્રસૂરિએ પણ પોતાના સં. શાંતિનાથ-ચરિત્રમાં ઉપર્યુક્ત કવિ દાક્ષિણ્યચિહ્નસૂરિની કુવલયમાલા-કથાનું સંસ્મરણ કર્યું છે. પાટણ જૈન ભંડારોની ગ્રંથ-સૂચી [પૃ ૩૩૫, ૨૦૪ ગા. પ્રા. ગ્રં.] માં અમ્હે એ દર્શાવ્યું છે. રત્નપ્રભસૂરિએ તો વિક્રમની ચૌદમી સદીના પ્રારંભમાં તે કથાને સંક્ષિપ્ત રૂપમાં સંસ્કૃતમાં ઉતારી છે, જે પ્રસિદ્ધ થયેલી છે. આ સંબંધમાં મેં જેસલમેર-ભાં. ગ્રંથ-સૂચીમાં[1] તથા અપભ્રંશ કાવ્યત્રયીની સંસ્કૃત ભૂમિકામાં વિસ્તારથી જણાવેલું હોવાથી અહિં સંક્ષેપમાં સૂચવીશ કે સં. ૮૩૫માં રચાયેલી પૂર્વોક્ત કુવલયમાલા કથાની પ્રાચીન તાડપત્રીય પ્રતિ, જેસલમેરના કિલ્લાના 'બડા ભંડાર' નામથી ઓળખાતા જૈન ગ્રંથ-ભંડારમાં વિદ્યમાન છે, તે વિ. સં. ૧૧૩૯ માં પ્રાચીન વિલક્ષણ નાગરી લિપિમાં લખાયેલી છે; સં. ૧૯૮૩માં ત્યાં જઈ અમે તેની ફોટો-કૉપી પણ લેવરાવેલ છે. તેમાં કવિએ જણાવ્યું છે કે-શ્રીદત્તકુમારે મુસાફરી કરતાં, વણિકોએ પસારેલાં કરિયાણાં ખરીદવા-વેચવાના કોલાહલવાળા હટ્ટ-માર્ગમાં-બજારમાં પ્રવેશ કરતાં અનેક **દેશભાષાઓથી** ઓળખાતા **દેશી વણિકોને** જોયા હતા. તેમના પરિચયના અંતમાં **૧૮ દેશીભાષાઓ**દ્વારા સૂચના હોવા છતાં નીચે જણાવેલા ૧૬ દેશોના લોકોની પ્રકૃતિ અને ભાષા સંબંધી પરિચય કરાવતી ૧૬ ગાથાઓ જ જોવા-વાંચવામાં આવે છે.

ભિન્ન ભિન્ન પ્રકૃતિના અને જૂદી જૂદી દેશભાષાઓને બોલતા

---

૧ સંવત ૧૯૭૮ માં અપ્રસિદ્ધગ્રંથ-ગ્રંથકૃત્પરિચય કરાવતાં પ્રવર્તક કાંતિવિજયજી મહારાજના સંગ્રહની કુવલયમાલા કથાની નવી હ. લિ. પ્રતિનો આધાર લીધો હતો.

૧ ગોલ્લ, ૨ મધ્ય દેશ, ૩ મગધ, ૪ અંતર્વેદી, ૫ કીર, ૬ ટક્ક, ૭ સિંધ, ૮ મરુ, ૯ ગૂર્જર, ૧૦ લાટ, ૧૧ માલવ, ૧૨ કર્ણાટક, ૧૩ તાયિક, ૧૪ કોશલ, ૧૫ મહારાષ્ટ્ર તથા ૧૬ આન્ધ્ર દેશના લોકોને **શ્રીદત્તકુમારે** જોયા હતા; એ અનુક્રમ પ્રમાણે **૧૮ દેશીભાષાઓ** બોલનારાને જાણ્યા પછી તે **શ્રીદત્તે** ખસ, પારસ, બબ્બર વગેરે દેશોના લોકોને પણ જોયા હતા–એમ જણાવી કવિએ પૂર્વોક્ત **૧૮ દેશીભાષાઓને** આર્ય દેશોની સૂચવી છે. આવી રીતે મળી આવેલા પ્રાચીન પ્રામાણિક ઉલ્લેખથી તે ૧૮ દેશભાષાઓ કવિના સમયમાં સં. ૮૩૫ માં પણ જાણીતી હતી–એ સ્પષ્ટ છે. જે સાક્ષરો ગૂજરાતી, હિંદી, મરાઠી વગેરે દેશભાષાને ઘણી પાછળના સમયની હોવાનું અનુમાન કરતા હતા અને કરે છે તે યોગ્ય નથી–એમ આથી વિચારી શકાય છે. જે ભાષા હાલ **હિંદી** અથવા રાષ્ટ્રભાષા નામથી ઓળખાય છે, તેને પ્રાચીન સમયમાં આજથી સાડા અગીઆરસો–બારસો વર્ષો પહેલાં **મધ્ય દેશની ભાષા** તરીકે ઓળખવામાં આવતી હતી; **'तेरे मेरे आओ'** એવા ઉચ્ચારવાળું તે ભાષાનું સ્વરૂપ તે સમયમાં પણ હતું. **'दिण्णल्ले गहिल्ले'** એવા સ્વરૂપવાળી **મરાઠી**, **अप्पा तुप्पा** સ્વરૂપવાળી **મારવાડી**, **'भाउअ महणी तुम्हे'** સ્વરૂપવાળી **માળવી** ભાષા તે સમયે પણ હતી–એમ તે ગ્રંથ પરથી જણાય છે; તેવી રીતે ત્યાં **ગૂજરાતી** અને લાટ દેશની ભાષા બોલનારા લોકો સંબંધમાં પણ જણાવ્યું છે કે–

"ઘીથી લાલિત પુષ્ટ શરીરવાળા, ધર્મમાં તત્પર, સંધિ અને વિગ્રહમાં નિપુણ **'णउ रे भल्लउं'** (નુ રે ભલું) એવું બોલનારા બીજા **ગુજ્જર–ગૂજરાત દેશના વણિકો**(લોકો)ને [તે **શ્રીદત્તકુમારે**] જોયા હતા.

-હાઇને લેપ–વિલેપન કરનારા, સીમંત–સેંથો–કેશ–રચના કરનારા, સારા શરીરને સારી રીતે સુશોભિત કરનારા, **'आहम्ह काइं तुम्हं मित्त'** એવું બોલનારા **લાડ** વાણિયાઓને–**લાટદેશના** લોકોને **શ્રીદત્તકુમારે** જોયા હતા."

લાટ, ગૂજરાત અને ગૂજરાતી

દસમી સદી (ઈ. સન્ ૯૧૬)માં હિંદમાં આવેલા આરબ પ્રવાસી અલમસુદિએ જણાવ્યું છે કે–ચોલ, થાણા અને સોપારામાં લારીય(લાટી) ભાષા બોલાતી હતી (બોંબે ગેઝેટિયર વૅ. ૧, ભા. ૨, પૃ. ૨૨)

લાટદેશની પ્રસિદ્ધિ બેહજાર વર્ષો કરતાં પણ વધારે પ્રાચીન જણાય છે. દક્ષિણના સમ્રાટ્ સાલાહણે(શાલિવાહને) પઇટ્ઠાણ (પૈઠણ)–પ્રતિષ્ઠાનપુરથી લાટ(ભરુઅચ્છ–ભરૂચ)ના મહારાજા નહપાન–નહ(નર)વાહન પર અનેકવાર કરેલાં આક્રમણોના ઉલ્લેખો પ્રા. જૈનસિદ્ધાંત ગ્રંથો ([1]આવશ્યકસૂત્રનાં ભાષ્ય–ચૂર્ણિ–વૃત્તિ–વ્યાખ્યાઓ વગેરે)માં વાંચવામાં આવે છે, દેશકથાના નિષેધમાં પણ લાટદેશ–કથાનો ગમ્યાદિ (દેશના રીત–રિવાજ)નો નિર્દેશ છે, તથા લાટદેશમાં પ્રસિદ્ધ કેટલાક શબ્દોનું પ્રાસંગિક સૂચન છે. વરાહમિહિરની બૃહત્સંહિતા (અ. ૧૯) વગેરેમાં લાટનાં સંસ્મરણો છે.

કવિ શ્યામિલકે [2]પાદતાડિતક ભાણમાં ઉપહાસરૂપમાં પણ લાટદેશના લોકોના સ્વભાવ-સ્વરૂપ સાથે ભાષાનું પણ સ્મરણ કર્યું છે. 'वदति जजेति यकारहीनमुख:' સૂચવ્યું છે.

લાટી રીતિ અને લાટાનુપ્રાસ અલંકારનાં લક્ષણો કવિ દંડી જેવા કાવ્યાલંકાર–શાસ્ત્રકારોએ કાવ્યાદર્શ જેવા ગ્રંથોમાં દર્શાવ્યાં છે. લાટેશ્વર સુવર્ણવર્ષ કર્કરાજ વગેરેનાં દાનપત્રો પ્રકાશમાં આવ્યાં છે.

લાટદેશની લલનાઓનું લલિત વર્ણન, કવિ સુબંધુના પ્રત્યક્ષરશ્લેષમય પ્રબંધ વાસવદત્તા વગેરેમાં મળે છે.

લાટદેશનું, ત્યાંના લોકોનું, તથા લલનાઓની જિહ્વાથી ઉચ્ચરાતા લટભ–લલિત પ્રાકૃતનું સંસ્મરણ રાજશેખર જેવા રાજમાન્ય કવિઓએ કાવ્યમીમાંસા, બાલરામાયણ, કર્પૂરમંજરી સટ્ટક વગેરેમાં કર્યું છે.

---

૧ ચ. વિ. ગ્રં., ગ્ર. કે., આ. સમિતિ. ૨ ' ચતુર્ભાણી 'માં સન્ ૧૯૨૨ માં પ્ર.

પૂર્વે કેવલજ્ઞાની મહાત્માએ રાસ નાચવાના બહાનાથી મોહાસક્ત પાંચસો ચોરોને પ્રા. ચર્ચરીદ્વારા પ્રતિબોધ કર્યાનો ઉલ્લેખ ઉત્તરાધ્યયન સૂત્ર (કપિલાધ્યયન ૮)માં તથા પ્રા કુવલયમાલા કથામાં મળે છે [જૂઓ–અપભ્રંશકાવ્યત્રયી ભૂમિકા પૃ. ૧૧૪]; તેવી રીતે વિક્રમાદિત્યના સમકાલીન સમયજ્ઞ વૃદ્ધ વાદીસૂરિને સમર્થ તાર્કિક સિદ્ધસેન દિવાકર સાથે લાટ–ભરૂચની બહાર ગોવાળોની સમક્ષ જે વાદ કરવો પડ્યો હતો, તેમાં તેઓએ રાસની પદ્ધતિએ તાલ દેવા પૂર્વક બોધક પદ્યો ગાયાં હતાં—

"નવિ મારિયઇ નવિ ચોરિયઈ, પરદારહ ગમણુ નિવારિયઈ;
થોવા થોવં દાઇયઈ, સગ્ગિ દુગુ દુગુ જાઇયઈ." વિ. વિ.

જેને એ ગોવાળો ગૂર્જરો પણ સમજ્યા હતા, અને જે સાંભળવાથી આનંદિત થઇ તેઓએ વૃદ્ધવાદીસૂરિની જયઘોષણા ઉચ્ચારી હતી.[1] એવાં પ્રાકૃત પદ્યો આપણી દેશભાષા સાથે નિકટનો સંબંધ ધરાવે છે. અને દેશી ભાષાઓની પ્રાચીનતા સ્વીકારવા આપણને પ્રેરે છે. પ્રાચીન પ્રાકૃત અપભ્રંશ પ્રસિદ્ધ અપ્રસિદ્ધ સાહિત્યનો અભ્યાસ જેમ જેમ વધશે, તેમ તેમ એ દિશામાં વિશેષ પ્રકાશ ફેલાશે. દિગ્દર્શન તરીકે એવા થોડા નમૂના મેં અપભ્રંશ–કાવ્યત્રયીની ભૂમિકામાં દર્શાવ્યા છે, તેનુ પુનરવતરણ અહિં નહિ કરૂં.

વિક્રમની નવમી સદીમાં થઇ ગયેલા સુપ્રસિદ્ધ પ્રભાવક રાજમાન્ય મહાન્ કવિ મોઢેરા–વાસી(ગચ્છના) બપ્પભટ્ટિસૂરિને આમંત્રણ આપવા પ્રતિપક્ષી ગૌડના ધર્મરાજની સભામાં સ્થગીધરના ગુપ્ત વેષમાં સ્વયં ગયેલા, ગોપગિરિ(ગવાલિયર)ના મહારાજા આમ(નાગાવલોક)ને ઉદ્દેશી એ સૂરિજીએ યુક્તિથી સમજાવવા સાંકેતિક 'બીજઉ રા' (બીજોરા ફળ અને બીજો રાજા) દ્વયર્થ શબ્દ–શ્લેષ ઉચ્ચારેલો, અને 'તૂઅરિ–પત્ત' તુવેરનું પાન, (બીજા અર્થમાં તુ–અરિ–

1. વિશેષ માટે જુઓ—ભદ્રેશ્વરસૂરિની પ્રા. કથાવલી, પ્રભાવકચરિત, સંઘતિલકાચાર્યની સમ્યક્ત્વસપ્તતિ–વૃત્તિ વિ. વિ.

પ્રાપ્ત—તારા શત્રુનું પત્ર, તારો શત્રુ પહોંચ્યો) શબ્દ—શ્લેષ દ્વારા પ્રતિ-પક્ષી રાજાને સમજાવેલું અને એ રીતે પોતાની પ્રતિજ્ઞા પાળેલી.[1]

એ વિગેરે પ્રાચીન પ્રાકૃતાદિ સાહિત્યના ઉલ્લેખો તરફ આપણે બરાબર લક્ષ્ય આપીએ તો આપણી દેશી ભાષાઓની પ્રાચીનતા આપણા લક્ષ્યમાં આવે.

લાટ દેશની પ્રાચીન રાજધાની ભરુકચ્છ (ભરૂચ)થી ગૂર્જર-રાજવંશી દદ્દ જેવા મહારાજાઓએ છઠ્ઠી સદી લગભગમાં સમર્પણ કરેલાં દાનોનાં તામ્રપત્રો પ્રકાશમાં આવ્યાં છે, જેમનો સંબંધ ગૂજ-રાત દેશ—નામ સાથે નિકટનો ગણાય. લાટદેશના તિલક તરીકે [2]વટપદ્ર (વડોદરા)ને સૂચવ્યાના ઉલ્લેખો અમે અન્યત્ર દર્શાવ્યા છે.

સુપ્રસિદ્ધ મહાકવિ બાણભટ્ટે શ્રીહર્ષચરિત (ઉ૦ ૪)માં પ્રતાપશીલ રાજાધિરાજ પ્રભાકરવર્ધનને 'લાટપાટવ—પાટચ્ચર (પાટ-જ્વર)' 'ગૂર્જર—પ્રજાગરઃ' વિશેષણ આપીને લાટના રાજા સાથે ગૂર્જરરાજનું પણ સ્મરણ કર્યું છે.

૧૮ દેશી ભાષાઓમાં ગૂજરાતીનું સંસ્મરણ કરનાર, વિ. સં. ૮૩૫ માં પ્રાકૃત કુવલયમાલાકથા રચનાર કવિ દાક્ષિણ્યચિહ્ન ઉદ્દ્યોતનાચાર્યના પૂર્વજ ગુરુઓએ ઉપદેશ દ્વારા ગૂર્જર દેશને દેવગૃહોથી—જિનમંદિરોથી રમણીય કર્યો હતો. એ રીતે તેઓ આપણા દેશથી સુપરિચિત હતા—એમ આપણે સ્વીકારવું જોઇએ.

મહોદય(કન્નોજ)ના પ્રતિહારવંશી મહારાજા ભોજ(૧લા)ના વિ. સં. ૯૦૦ ના તામ્રપત્રમાં ગૂર્જરત્રા ભૂમિમાં ગણેલ ડેંડવાનક વિષય—સંબદ્ધ સિવા ગામના દાનનો ઉલ્લેખ મળે છે, એવી રીતે લગભગ એ જ સમયના બીજા લેખમાં ગૂર્જરત્રા—મંડલમાં ગણેલ

---

૧. વિશેષ માટે વિ. સં. ૧૩૩૪ ના પ્રભાવકચરિત્રમાં, વિ સં. ૧૪૦૫ ના પ્રબંધકોશ, ઉપદેશરત્નાકર (હે. લા. ત. ૬, પૃ. ૫૫ થી ૬૦) વગેરેમાં સૂચવેલ બપ્પભટ્ટિસૂરિ-પ્રબંધ જુઓ.

૨. 'વટપદ્ર(વડોદરા)ના ઐતિહાસિક ઉલ્લેખો' માટે 'સુવાસ' માસિકની સં. ૧૯૯૪ આશ્વિનથી સં. ૧૯૯૬ માઘની ફાઇલ જુઓ.

મંગલાનક(મંગલાણા) ગામના સ્થાનનું સૂચન છે, જે બંને હાલ મારવાડમાં જોધપુર-રાજ્યમાં ગણાય છે.[1]

વિક્રમની દસમી સદીના પ્રારંભમાં-સં. ૯૧૫ માં ભાદ્રપદ શુ.૫ બુધે [2]ભોજદેવના રાજ્યમાં નાગપુરમાં જિનાયતનમાં જયસિંહસૂરિએ રચેલી પ્રાકૃત સ્વોપજ્ઞ ધર્મોપદેશમાલા-વિવરણની પ્રાંત પ્રશસ્તિમાં પોતાના ગુરુ કૃષ્ણ(કણ્હ)મુનિએ વિવિધ દેશોમાં અને નગરોમાં કરાવેલાં જિનમંદિરોનું સૂચન કરતાં ગુજ્જરત્તા-ગૂજરાતનો પણ નિર્દેશ કર્યો છે. એવી રીતે વિ. સં. ૯૧૮ માં પ્રતિહાર(પડિહાર)-વંશી સદ્ગુણી કીર્તિશાલી મહારાજા કક્કુકે ભક્તિથી જિનદેવનું દુરિત-નાશક સુખ-જનક અચલ ભવન (મંદિર) કરાવ્યું હતું, જે સિદ્ધ ધનેશ્વરના ગચ્છમાં ગોષ્ઠિકોને અર્પણ કર્યું હતું, તેણે મરુ(મારવાડ) અને અજ્જ ગુજ્જરત્તા(આર્ય ગૂજરાત) વગેરે દેશોના જનોમાં સચ્ચરિત-ગુણોથી અનુરાગ ઉત્પન્ન કર્યો હતો-એવો ઉલ્લેખ ઘટિયાલા (જોધપુર રાજ્ય-મારવાડ)ના પ્રાકૃત શિલાલેખમાં છે.[3]

પ્રાકૃતમાં **ગુજ્જરત્તા** અને સંસ્કૃતમાં **ગૂર્જરત્રા** તરીકે વપરાયેલા શબ્દ સાથે આપણો ચાલુ **ગૂજરાત** શબ્દ અત્યંત સામ્ય ધરાવે છે, એના પરથી એ ઉતરી આવેલ સ્પષ્ટ જણાય છે, અને એ રીતે એની પ્રાચીનતા સૂચવે છે; તથા સંસ્કૃતમાંથી અપભ્રષ્ટ થઇ બધું બનેલું માનતા કેટલાક સાક્ષરોએ ગૂર્જરરાષ્ટ્ર, ગુજ્જરરટ્ઠ, ગુજ્જરરાઠ, ગૂજરરાટ, ગૂર્જર+લાટ વગેરે શબ્દો પરથી કલ્પના કરી ઉપજાવી કાઢેલ ગૂજરાત નામની વ્યુત્પત્તિને તે અસંગત સૂચવે છે.

---

૧. એપિગ્રાફિયા ઇંડિકા વો. ૫. પૃ. ૨૧૦-૨૧૧

૨. આ જ મહારાજાધિરાજ ભોજદેવના રાજ્ય-સમયમાં શક સં. ૭૮૪ વિ. સં. ૯૧૯ માં તેના સામંત વિષ્ણુરામ દ્વારા ભોગવાતા લુઅચ્છગિરમાં શાંત્યાયતન-સમીપમાં કમલદેવાચાર્યના શિષ્ય દેવે સ્તંભ(સ્તૂપ)કરાવ્યો હતો. જેનો લેખ એપિગ્રાફિયા ઇંડિકા (વો. ૪, પૃ. ૩૧૦)માં પ્રકટ થઇ ગયેલ છે.

૩. વિશેષ માટે જુઓ-'કણ્હ (કૃષ્ણ) મુનિ' નામનો અમ્હારો લેખ, સન્ ૧૮૯૫ નું જર્નલ રૉ. એ. સો., નાહરજીનો જૈનલેખસંગ્રહ (ખં. ૧, ૨૫૬-૨૬૧)

સુપ્રસિદ્ધ આચાર્ય શ્રીહેમચંદ્રે પોતાના શબ્દાનુશાસન (૫, ૨ ઉણાદિ સૂત્ર ૪૦૪)માં 'गूर्जरः सौराष्ट्रादिः' તરીકે સૂચવ્યો છે, તથા તેમના જ સમકાલીન જિનદત્તસૂરિએ ગણધરસાર્ધશતક(પ્રા.)માં પોતાના પૂર્વજ જિનેશ્વરસૂરિનો પરિચય કરાવતાં સૂચવ્યું છે કે—"ગુજ્જરોથી રક્ષિત(અધીન) ગુજ્જરત્તા(ગૂજરાત)માં સરસ્વતીના ખોળામાં શોભતા અણહિલવાડમાં દુર્લભરાજની રાજસભામાં પ્રવેશ કરી જિનેશ્વરસૂરિએ નામાચાર્યો(ચૈત્યવાસીઓ) સાથે વિચાર(વાદ) કરી સાધુઓનો વસતિ-વાસ સ્થાપિત કર્યો હતો.[1]

માળવાના પરમાર મહારાજા મુંજ અને ભોજના માનનીય કવિ ધનપાલે તિલકમંજરીકથાના આરંભમાં આબૂ પર વિજયી પરમાર ભૂપાલના પરાક્રમને હર્ષથી ગાતા ગૂર્જરોનું સ્મરણ કર્યું છે, મહારાજા ભોજે સરસ્વતીકંઠાભરણ (પરિ. ૨, શ્લોક ૧૩; નિ. સા. પૃ. ૧૨૨) માં ગૂર્જરોને પોતાના(ગૂજરાતના)જ અપભ્રંશ વડે તુષ્ટ થતા સૂચવ્યા છે—"अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गूर्जराः ।"

સંગીતના પ્રાચીન ગ્રંથોમાં ગૂર્જરી ગીતિ રાગિણીનું અને માનસોલ્લાસ, કાવ્યપ્રકાશ-ટીકા વગેરેમાં ગૂર્જરી વનિતાનું સ્મરણ મળે છે.

રાષ્ટ્રકૂટોના તામ્રપત્રોમાં, તથા ક્ષેમેન્દ્રની ઔચિત્યવિચારચર્ચા વગેરેમાં પણ ગૂર્જર નરપતિઓનાં સંસ્મરણો છે.

ગૂર્જરેશ્વર કૃતજ્ઞ વીર વનરાજ ચાવડાએ ગૂજરાતની રાજધાની તરીકે વિ. સં. ૮૦૨ માં વસાવેલા પાટણને તે અણહિલના નામ સાથે જોડી અણહિલ્લવાડ બનાવ્યું હતું, કે જે [2]અણહિલ ગોવાળ-ગુજ્જર-ભરવાડ, રાજ્યસ્થાપના-યોગ્ય ભૂમિ દર્શાવવા વગેરેમાં તેને સહાયક થયો હતો. વનરાજ જે દેવની ઉપાસના-આરાધનાથી રાજ્ય

---

૧. વિશેષ માટે જુઓ—અપભ્રંશકાવ્યત્રયી (પરિ. ૨, ગા. ૬૪-૬૮ પૃ. ૯૫-૯૬ ગા. ઓ. સિ. નં. ૩૭)

૨. વિ. સં. ૧૩૦૭ ની પૂર્ણકલશગણિની પ્રાકૃત દ્વયાશ્રય-વૃત્તિમાં, સં. ૧૩૧૨ ની અભયતિલકગણિની સં. દ્વયાશ્રય-વૃત્તિમાં અને વિ. સં. ૧૩૬૧ ના મેરુતુંગસૂરિના પ્રબંધચિંતામણિ વગેરેમાં ઉલ્લેખો છે.

મેળવી શક્યો, તે પંચાસરા પાર્શ્વનાથ(મૂર્તિ)ને તેણે કૃતજ્ઞતાથી પોતાની એ રાજધાનીમાં–અણહિલવાડ પાટણમાં પ્રતિષ્ઠિત કરી પધરાવ્યા હતા, એ રીતે જે ગુરુ શીલગુણસૂરિના આશ્રયમાં વાસ કરી પોતે ઉન્નતિ પ્રાપ્ત કરી હતી, તેમનું પણ તેણે યોગ્ય સન્માન કર્યું હતું. આ શીલગુણસૂરિ, તે નિર્વૃતિગચ્છના માનદેવસૂરિના શિષ્ય વિમલમતિ નામવાળા શીલાંક શીલાચાર્ય જણાય છે, કે જેણે પાટણની પ્રતિષ્ઠા પહેલાં વસવાટ માટે પસંદ કરેલા પાટણ પાસેના ગંભૂતા (ગાંભૂ) ગામમાં શકાબ્દ ૭૮૪ માં જૈનસિદ્ધાંત આચારાંગસૂત્રની તથા સૂત્રકૃતાંગસૂત્રની વિસ્તૃત વ્યાખ્યાઓ રચી હતી, તથા ૫૪ મહાપુરુષોનાં ચરિત્રો "[1]ચઉપ્પન્નમહાપુરિસચરિય' (પ્રાકૃત બારહજાર શ્લોકપ્રમાણ) વગેરે રચના સં. ૯૨૫(?)માં કરી હતી. [શકાબ્દનો જ્યાં ઉલ્લેખ છે, ત્યાં વિક્રમસંવત્ સમજવાનો હોય, અથવા પાટણની સ્થાપનાનો જે વિ. સં. ૮૦૨ જણાવાય છે, ત્યાં શકાબ્દ સમજવાનો હોય તો આ બંને ઉલ્લેખોનો સમન્વય કરી શકાય તેમ છે. વિક્રમસંવત્ અને શકાબ્દના ઉલ્લેખોમાં અહિં કંઈક ગરબડ થઈ લાગે છે.]

શ્રીમાલપુર(હાલમાં ભિન્નમાલ–જોધપુરરાજ્ય)થી શ્રીદેવીની પ્રેરણાથી ઉપર્યુક્ત ગંભૂય(ગાંભૂ)માં જઈ વસતાં સમૃદ્ધ થયેલા અને વનરાજના રાજ્ય–સમયે તેની પ્રેરણાથી પાટણમાં આવી વસેલા, જૈન-મંદિર આદિ રચાવનાર શ્રીમાન્ અને બુદ્ધિમાન્ સમર્થ પોરવાડ વણિક નિન્ન ઠક્કુરે અને તેમના વંશજોએ વંશ–પરંપરાગત મહામાત્ય, દંડનાયક જેવાં ઉચ્ચ સ્થાનોની જવાબદારી ઉપાડી લઈ ગૂજરાતના રાજ્યતંત્રને સૈકાઓ સુધી સંભાળ્યું, સુવ્યવસ્થિત કર્યું, વિકસ્વર કરી વૃદ્ધિંગત કર્યું હતું.[2] એવી રીતે પ્રારંભથી ઉચ્ચ રાજ્યાધિકારીઓ, જૈન પોરવાડો અને શ્રીમાલી વણિકો–વ્યાપારીઓ આદિથી વ્યાપ્ત ગૂજ-

---

૧. જેસલમેર–ભાંડાગારીય–ગ્રંથસૂચીમાં અને અન્યત્ર અમ્હે એનું સૂચન કર્યું છે.

૨. વિશેષ માટે જુઓ અમ્હારો લેખ–'ગૂજરાતનો પ્રાચીન મંત્રિવંશ' [૭ મી ઑ. કૉ. ના રિપોર્ટમાં]

રાતની લોકભાષા–દેશભાષા ગૂજરાતી ન હોતાં શું કોઈ બીજી ભાષા હશે ? એનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવો જોઇએ. વનરાજ ચાવડા અને તેમના સાથીદારોનો સર્વસાધારણ વ્યવહાર સંસ્કૃતમાં થતો હોય, એ શું સંભવિત લાગે છે ? તેમનો અને તેમની પ્રજાનો–તેમના સ્થાપેલા રાજ્યમાં વસેલા લોકોનો ચાલુ વ્યવહાર, તે સમયની દેશભાષામાં થતો માનવો જોઇએ, કદાચ તે શ્રીમાલપુર તરફની રાજસ્થાનીને બહુ મળતી હોય એમ વિચારી શકાય. ગૂજરાત દેશના નામની પ્રાચીનતા સાથે તેની ભાષા ગૂજરાતીની પણ પ્રાચીનતા સ્વીકારવી યુક્તિ-યુક્ત લાગે છે. જો પરદેશી ભાષાઓ–અનાર્ય દેશભાષાઓ હજારો વર્ષો સુધી ટકી રહી હોય, સહજ પરિવર્તન પામવા છતાં પણ પરંપરાથી વંશ–પરંપરાગત બોલાતી ચાલુ રહેલી હોય તો આપણી દેશી ભાષાઓ–આર્યદેશભાષાઓ સૈકાઓ સુધી કેમ ટકી ન રહી શકે ? જો કન્નડ–કાનડી અને બંગાળી ભાષા વગેરેનું પ્રાચીન સાહિત્ય મળી શકતું હોય તો ગૂજરાતી ભાષામાં તેવું કેમ ન હોઈ શકે ? વિદ્વાનોએ નિયમબદ્ધ સંસ્કૃત ભાષામાં વિવિધ પુષ્કળ સાહિત્ય રચેલું છે, એ આપણે જાણીએ છીએ, તેમ છતાં વ્યાકરણ–વિશુદ્ધ પરિશ્રમ–સાધ્ય દુર્ગમ તે સંસ્કૃતભાષામાં જ સર્વ કોઈ વક્તા કે લેખક અથવા સર્વ વ્યવહાર કરનાર સમર્થ ન સંભવી શકે; અથવા બીજાઓ સાથે એવો વ્યવહાર ચાલી ન શકે. એથી સર્વસાધારણ લોક–સમૂહનો સામાન્ય વ્યવહાર સહજ સાધ્ય સુગમ સરળ પ્રાકૃતભાષામાં–દેશભાષામાં કિંવા લોકભાષામાં થતો માનવો ઉચિત ગણાય.

લોકોને જ્યારે વ્યાકરણાદિનું વિજ્ઞાન નહિ હોય, અથવા જ્યારે વ્યાકરણાદિની રચના નહિ થઈ હોય, ત્યારે તેઓ કઈ ભાષામાં બોલતા હશે ? આર્ય મહિલાઓની, આર્ય બાળકોની, આબાલ–ગોપાલ સર્વસાધારણની સહજ સ્વાભાવિક પ્રકૃતિથી ઉચ્ચરાતી એ ભાષાને સામાન્ય રીતે પ્રાકૃત કહેવામાં આવે, સંસ્કૃત–વ્યાકરણશાસ્ત્રીઓ એને અપભ્રંશ તરીકે ઓળખાવે, છતાં જુદા જુદા દેશના લોકો તેને

પોતપોતાના દેશની ભાષા તરીકે તે તે દેશના નામે ઓળખે છે.

ભારતવર્ષના જૂદા જૂદા દેશોની ભાષામાં કેટલીક ભિન્નતા-વિશિષ્ટતાઓ હોવા છતાં એ દેશ-ભાષાઓમાં બહુધા પરસ્પર સામ્ય કરી એક બીજા દેશવાળાઓનો પરસ્પર વ્યવહાર સુગમતાથી કરનાર એ સર્વ મુખ્ય ૧૮ આર્યદેશભાષાઓનું વ્યાપક સમુચ્ચય નામ, પ્રાચીન સમયમાં જે 'અર્ધમાગધી' પ્રસિદ્ધ હતું, તેનું વર્તમાનમાં રૂપાન્તર-નામાન્તર રાષ્ટ્રભાષા-હિંદી ભાષા પ્રસિદ્ધ થતું જાય છે. —એમ વિચાર કરતાં સમજાય છે.

પરદેશી ભાષાઓના સંસર્ગો

પરદેશી રાજ્યકર્તાઓ, રાજ્યકર્મચારીઓ, જૂદા જૂદા વેપારીઓ, કર્મકર, અનુચર લોકો વગેરેના પ્રબલ સંપર્ક-સહવાસના પરિણામે દેશીભાષાઓ પર અસર થાય—એ સ્વાભાવિક છે. દેશની સરહદમાં રહેલા પ્રદેશોમાં, બંદર, વેપાર વગેરેથી ઉન્નતિવાળા સ્થાનોમાં એની અધિક અસર પણ સંભવિત છે. પરદેશી પરપ્રાન્તી લોકોના ગાઢ સહચારો-વ્યવહારો વગેરે કારણે તે તે સમયમાં, તે તે દેશ-ભાષાઓમાં તે તે લોકોના તેવા તેવા પ્રકારના પરદેશી શબ્દોનું મિશ્રણ થાય એ સહજ છે, અને તેની અસર પરંપરામાં ઉતરે એ પણ સ્વાભાવિક છે. સંસ્કૃત ભાષાના પ્રાધાન્યકાળમાં આપણી સહજ પ્રાકૃત-દેશભાષાઓ પર સંસ્કૃતની વિશિષ્ટ અસર થયેલી છે, તેમ પ્રાચીન સમયથી પરદેશી રાજ્યકર્તાઓની આરબી, ફારસી, યાવની, અંગ્રેજી વગેરે પરદેશી ભાષાઓની પણ પ્રબલ ઊંડી અસર આપણી દેશ-ભાષાઓ પર પડેલી છે, એ વિચારકો વિચારી શકે છે, ભાષાઓનો તુલનાત્મક અભ્યાસ કરનારા એ સારી રીતે જાણી-સમજી શકે છે.

બહુ પ્રાચીન સમયના પ્રસ્તુત રાસ-નાયક ભરત ચક્રવર્તીના સેનાપતિ સુષેણને મ્લેચ્છભાષા-વિશારદ 'मिलक्खुभासाविसारए' જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ(વ. ૩, સૂ. ૫૩)માં જણાવેલ છે. એ ચક્રવર્તીના

અંતઃપુરની પરિચારિકા-ચેટીઓમાં ઘણી પરદેશોની આરબી, પારસી, સિંહલી, દ્રાવિડી, બબ્બરી, મુરુંડી, યાવની વગેરે હતી, તેના પ્રાચીન ઉલ્લેખો છે.[1] એવી રીતે અઢીહજાર વર્ષો પહેલાં થયેલા શ્રમણ ભગવાન્ મહાવીરના સમકાલીન બંભાસાર-શ્રેણિકના પુત્ર મહારાજા કૂણિકની સુભદ્રા વગેરે રાણીઓ પરિવાર સાથે ચંપાપુરીના અંતઃપુરમાંથી નીકળી મહાવીરને વંદન કરવા ગઈ હતી, તેના પરિવારમાં પણ પરદેશોની-અનાર્ય દેશોની પણ વિવિધ ચેટી-પરિચારિકાઓ સાથે હતી-એમ ઔપપાતિક સૂત્ર વગેરેના ઉલ્લેખોથી જણાય છે.[2]

લગભગ બેહજાર વર્ષો પૂર્વે ઉજ્જયની(ઉજ્જેણી-ઉજ્જૈન)ના અનીતિમાન્ અત્યાચારી કામાંધ દુષ્ટ ઉદ્ધત રાજા ગર્દભિલ્લને શાસન કરવા ભીષ્મ પ્રતિજ્ઞા લેનાર ક્ષત્રિય જ્યોતિર્ધર જૈનાચાર્ય કાલકસૂરિએ પારસકૂલ(ફારસની ખાડી) સુધી પ્રવાસ ખેડેલો; અને પ્રસંગ મેળવી

---

૧. "खुज्जा-चि(वि)लाइ-वामणि-वडभीओ बब्बरी-बउसिआओ।
जोणिअ-पल्हविआओ ईसिणिअ-थारु-किणिआओ ॥१॥
लासिअ-लउसिअ-दमिली-सिंहलि तह आरबी पुलिंदी अ।
पक्कणि-बहलि-मुरुंडी-सबरीओ पारसीओ अ ॥२॥"
—જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ (સૂત્ર ૪૩ દે. લા.)

૧. "तए णं ताओ सुभद्दापमुहाओ देवीओ अंतो अंतेउरंसि ण्हायाओ जाव पायच्छित्ताओ सव्वालंकारविभूसियाओ बहूहिं खुज्जाहिं चेलाहिं (चि[वि]लाइहिं) वामणीहिं वडभीहिं बब्बरीहिं पयाउसियाहिं जोणियाहिं पण्ह(ल्ह)वियाहिं इसिगिणियाहिं वासिइणियाहिं लासियाहिं लउसियाहिं सिंहलीहिं दमिलीहिं आरबीहिं पुलंदीहिं पक्कणीहिं बहलीहिं मुरुंडीहिं सबरियाहिं पारसीहिं णाणादेसीविदेसपरिमंडियाहिं इंगिय-चिंतिय-पत्थिय-वियाणियाहिं सदेसणेवत्थग्गहियवेसाहिं चेडियाचक्कवाल-वरिसधर-कंचुइज्ज-महत्तरगवंदपरिक्खित्ताओ अंतेउराओ णिग्गच्छंति।"
—ઔપપાતિકસૂત્ર (સૂ. ૩૩ આ. સમિતિ પ્ર. પૃ. ૭૬)

અનુરાગી બનાવેલા શકરાજાઓ-પર્શિયાના શાહો દ્વારા તેને શિક્ષા કરાવી, પદભ્રષ્ટ કરાવી સીતા જેવી સાધ્વી બહેન સરસ્વતીને તેના બલાત્કાર-માંથી બચાવી, જૈનશાસનની પવિત્રતાની રક્ષા કરી, યુગપ્રધાન જૈનાચાર્ય તરીકેની પોતાની વિશિષ્ટ ફરજ બજાવી, જગતને નીતિનો અમૂલ્ય પાઠ શીખવ્યો હતો. જેના ઉલ્લેખો નિશીથસૂત્ર-ચૂર્ણિ, દશાશ્રુતસ્કંધ-ચૂર્ણિ, પ્રા. કથાવલી, પ્રા. સં. અનેક કાલકસૂરિ-કથાઓ, પ્રભાવકચરિત્ર વગેરેમાં મળે છે.એ રીતે શકો, પારસીઓ પ્રાચીન સમયથી આપણા દેશમાં પ્રતિષ્ઠિત થયેલા છે. તેમની ભાષાના ઘણા શબ્દો આપણી ભાષામાં ભળ્યા જણાય છે અને આ દેશમાં વસવાટ કરતાં તેઓએ પણ આપણી ભાષા ઘણે અંશે સ્વીકારી છે.

પરદેશી શબ્દો સૂચવતા સંસ્કૃત કોશો.

આપણી દેશભાષાઓમાં સૈકાઓથી પરદેશી ભાષાઓના શબ્દોનું પુષ્કળ મિશ્રણ થઈ ગયું છે. એવા સેંકડો શબ્દો દર્શાવી શકાય તેમ છે કે-જે શબ્દો પરદેશીભાષાના હોવા છતાં તેને વર્ત-માનમાં આપણે આપણી દેશભાષાના માની-મનાવી રહ્યા છીએ. મુસ્લીમયુગ પછી એવા ૩-૪ કોશો સંસ્કૃતભાષામાં પદ્યબદ્ધ રચાયેલા પ્રાપ્ત થયા છે; તેમાં તેવા કેટલાય આરબી, ફારસી, યાવની ભાષાના ચાલુ વ્યાવહારિક શબ્દો પ્રતિરૂપક સંસ્કૃત શબ્દ દ્વારા સમજાવ્યા છે. તુલનાત્મક દૃષ્ટિથી ભાષા-સાહિત્યનો અભ્યાસ કરનારે આ કોશોને પણ લક્ષ્યમાં લેવા જોઇએ—

૧. યવનનામમાલા (શબ્દવિલાસ)-આ નામનો આરબી-યાવની-સંસ્કૃત એક કોશ વિ. સં. ૧૪૨૧ માં સલાલનગરમાં હરિબ્રહ્મ (બ્રહ્મ) રાજાની આજ્ઞાથી પ્રતાપભટ્ટ-શિષ્ય(સલક્ષ) નામના વિદ્વાને રચ્યો હતો. તેમાં ૫૩૦ જેટલા શ્લોકોમાં બે કાંડોમાં, ભિન્ન ભિન્ન વર્ગોમાં મળી સોઢહજાર જેટલા શબ્દોનો સંગ્રહ છે. પાટણના જૈન-ગ્રંથભંડારની પ્રાચીન પ્રતિ પરથી સં. ૧૯૪૨માં લખાયેલી આની

એક અશુદ્ધ પ્રતિ વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરમાં છે. થોડા સમયમાં આ કોશ, ગાયકવાડ-પ્રાચ્યગ્રંથમાળામાં પ્રકાશિત થવા સંભવ છે.

તેમાંના થોડા શબ્દો અહિં નમૂના તરીકે દર્શાવવામાં આવે છે, જેને આપણે આપણી ચાલુ ભાષામાં સૈકાઓથી વાપરીએ છીએ—

૧ અક્કલ	૧૭ દરવાજા	૩૩ લગામ
૨ અર્જ	૧૮ દરવાણ	૩૪ લાપસી
૩ આદમી	૧૯ દુકાન	૩૫ વજીર
૪ કંગુર (કાંગરા)	૨૦ દુશ્મનાયી(ઈ)	૩૬ શહર
૫ કબૂલ	૨૧ નસીબ	૩૭ શાહજાદો
૬ કસબો	૨૨ નાદાન	૩૮ સજા
૭ કોટડી	૨૩ નોબત	૩૯ સફેદ
૮ ગરમી	૨૪ પલંગ	૪૦ સલામ
૯ ગર્જ	૨૫ પેશાબ	૪૧ સાલ
૧૦ ચાખડી	૨૬ બકાલ	૪૨ સેવડો
૧૧ ચાબુક	૨૭ બંદિર	૪૩ હકીકત
૧૨ જરૂરત	૨૮ બરાબર	૪૪ હલુઆ
૧૩ ઢોલ	૨૯ બાગ	૪૫ હવેલી
૧૪ તાલિમ	૩૦ બાજાર	૪૬ હાલ
૧૫ દરજી	૩૧ મરદ	૪૭ હીમત
૧૬ દરદ	૩૨ મહલ	૪૮ હુશીયાર

૨. પા(ફા)રસીપ્રકાશ—આ નામનો ૨૫૦ શ્લોકપ્રમાણ ફારસી-સંસ્કૃત કોશ, સમ્રાટ્ અકબરની પ્રેરણાથી પં. કૃષ્ણદાસે રચ્યો હતો, જે સં. ૧૯૨૭માં ગોકુલચંદજી બાબૂની આજ્ઞાથી મન્નાલાલ શર્મા દ્વારા માનમંદિરવાસી શાસ્ત્રી ગણેશના પ્રયત્નથી વારાણસી-સંસ્કૃત યંત્રાલયમાં લીથો પ્રેસમાં છપાઈ ગયો છે. તેમાં પણ તેવા શબ્દો દર્શાવ્યા છે. પાટણના ભંડારની પ્રતિ પરથી સં. ૧૯૩૯ માં લખાયેલી આ કોશની એક અશુદ્ધ પ્રતિ અહિં છે. પાંચમી ગૂ. સા. પરિષદના પ્રદર્શનના રિપોર્ટમાં આ નામનું પારસીઓના આચાર-વિચાર વિષયક પુસ્તક જણાવેલ છે.

૩. રાજ-વ્યવહારકોશ—એવી જ પદ્ધતિનો ભિન્ન ભિન્ન ૧૦ વર્ગોમાં ૩૮૪ શ્લોક પ્રમાણ આ કોશ, શિવ(શિવાજી)છત્રપતિના પ્રિય અમાત્ય નારાયણાધ્વરિના પુત્ર પં. રઘુનાથના હર્ષ માટે શિવરાજની આજ્ઞાથી વ્યાસ ઢુંઢિરાજે રચ્યો જણાવ્યો છે. આની ૪ હ. લિ. પ્રતિયો અહિંના રાજકીય પ્રાચ્યવિદ્યામંદિરમાં છે. શક ૧૬૪૭માં=સં. ૧૭૮૨માં લખેલી પ્રતિપરથી શક ૧૮૦૨માં પૂનાના શિવાજી છાપખાના દ્વારા આ કોશ શબ્દ-સૂચી સાથે બીજી આવૃત્તિરૂપે પ્રકટ થઈ ગયેલ છે. 'राजा ज्ञेयः पादशाहः स्वामी साहेब ईरितः' એવી રીતે તેનો પ્રારંભ છે. તેમાં જણાવેલા પરદેશી શબ્દોને આપણી ભાષાના સમજી બહુ છૂટથી આપણે વાપરી રહ્યા છીએ. વિસ્તાર-ભયથી એમાંના શબ્દ-સંગ્રહને હું અહિં દર્શાવતો નથી.

ઔક્તિકો

(ગૂજરાતીદ્વારા સંસ્કૃત-પ્રવેશકો-સંક્ષિપ્ત પ્રાથમિક વ્યાકરણો)

આપણી દેશી ભાષા(ગૂજરાતી) દ્વારા સંસ્કૃતમાં પ્રવેશ કરવા ઇચ્છનાર અભ્યાસીઓ માટે સૈકાઓ પહેલાં ઔક્તિક નામનાં કેટલાંક પ્રાથમિક વ્યાકરણો રચાયેલાં છે, જેમાં આપણી ભાષાનું પ્રાચીન સ્વરૂપ જળવાઈ રહેલું છે, તેનો થોડો પરિચય અહિં ઉપયોગી થશે, એના જ્ઞાનથી આપણી ભાષાની પ્રાચીનતા પણ સમજાશે.

બાલશિક્ષા- ગૂજરાતમાં મુસ્લીમ રાજ્યસત્તા સ્થપાઈ તે પહેલાં- વિ. સં. ૧૩૩૬માં તે સમયમાં ચાલુ ગૂજરાતી ભાષા પરથી પ્રાથમિક સંસ્કૃત શીખવાનું આ સંક્ષિપ્ત વ્યાકરણ સંગ્રામસિંહે રચ્યું હતું. આનો સંક્ષેપમાં પરિચય અમ્હે જેસલમેર-ભાંડાગારીય-ગ્રંથસૂચીમાં તથા વિસ્તારથી પરિચય પુરાતત્ત્વ ત્રિમાસિક (પુ. ૨, અં. ૧ સં. ૧૯૮૨)માં કરાવ્યો છે. તેમાંનો વિસ્તૃત શબ્દ-સંગ્રહ ગૂજરાતી-સંસ્કૃત શબ્દ-કોશ, તથા ક્રિયાપદ-કોશ પણ ત્યાં દર્શાવ્યો છે. તે પરથી તે સમયની ગૂજરાતી ભાષાનો સારો ખ્યાલ આવી શકે તેમ છે.

તેના કર્તા વિદ્વાન્ વણિક્ સંગ્રામસિંહ સંબંધમાં વિશેષ અન્વે-

પણ કરતાં જણાયું છે કે-તે, સ્તંભતીર્થ(ખંભાત)-નિવાસી શ્રીશ્રીમાલવંશોદ્ભવ ઠ. સાઢાના સુત ઠ. કુમરસીહ(જિન)ના પુત્ર હતા, જે કુમરસીહે વિ. સં. ૧૨૯૪ વર્ષમાં વૈ. શુ. ૩ રવિવારે જૈનાગમ નિશીથસૂત્રની વિશેષચૂર્ણિનું તાડપત્રીય પુસ્તક (પત્ર ૩૩૪) લખાવ્યું હતું, જેની નોંધ પ્રો. કીલહોર્ને સન ૧૮૮૦-૮૧ના હ. લિ. પુ.ના રિપોર્ટમાં કરી છે (તાડ. નં. ૩૮).

મુગ્ધાવબોધ(ઔક્તિક)-ગૂજરાતમાં મુસ્લીમ યુગ પ્રવર્ત્યા પછી-વિ. સં. ૧૪૫૦માં આ ગ્રંથને જૈનાચાર્ય તપાગચ્છાધિપતિ દેવસુંદરસૂરિના અનુયાયી (ચંદ્રશેખર ગુરુના શિષ્ય) કુલમંડનસૂરિએ રચ્યો હતો, જેમના સતીર્થ્ય ગુરુબંધુ ગુણરત્નસૂરિએ વિ. સં. ૧૪૬૬માં રચેલા સં. ક્રિયારત્નસમુચ્ચય (ય. વિ. ગ્રં.)ના પ્રારંભમાં ભાષામાં વિભક્તિ-વિચાર ઉક્તિ-પ્રકાર પણ સમજાવ્યો છે. જે દેવસુંદરસૂરિના સદુપદેશથી લખાયેલાં અને પાટણના જૈન ચિત્કોશ-જ્ઞાનભંડારમાં રખાયેલાં તાડપત્રીય પુસ્તકોના ઉલ્લેખો અમ્હે પાટણ જૈનભંડારોની ગ્રંથ-સૂચી(ગા. ઓ. સિ. નં. ૭૬)માં દર્શાવ્યા છે. પ્રાચીન ગૂજરાતી શબ્દ-સંગ્રહવાળા ઉપર્યુક્ત મુગ્ધાવબોધ ઔક્તિકને સન્ ૧૮૮૯માં સ્વીડનમાં ભરાયેલી ઓરિયન્ટલ કૉન્ફરન્સ દ્વારા પ્રથમ પ્રકાશમાં લાવવાનું માન સદ્ગત મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડના પ્રોત્સાહનથી સ્વ. હરિલાલ હ. ધ્રુવને ઘટે છે.

ષટ્કારક—આ ગ્રંથની ૬ પત્રવાળી હ. લિ. પ્રતિ વિ. સં. ૧૪૮૫માં અંચલગચ્છીય જૈનાચાર્ય જયકીર્તિસૂરિએ લખેલી પાટણના જૈનગ્રંથભંડારમાં છે; કારકવિચાર(ઉક્તીયક) નામની વિ. સં. ૧૫૪૩માં લખાયેલી ૧૯ પાનાની બીજી એક પોથી પણ ત્યાં મળે છે, તે તેને મળતી જણાય છે. તથા સોમપ્રભ વગેરે બીજા પણ અનેક વિદ્વાનોની તેવી કૃતિયો હજી સદ્ભાગ્યે ઉપલબ્ધ થાય છે.

વાક્યપ્રકાશ (ઔક્તિક)—વિ. સં. ૧૫૦૭માં સિદ્ધપુરમાં બૃહત્તપગણના રત્નસિંહસૂરિના અનુયાયી, દેવવર્ધન ગુરુના શિષ્ય

ઉદયધર્મે આની રચના પદ્યોમાં કરી હતી. જૈનસ્તોત્રરત્નાકર(જૈન શ્રેયસ્કર મંડળ–મહેસાણા)ના બીજા ભાગમાં તથા નીતિવિજય ગ્રંથ-માળામાં પં. હર્ષકુલની ટીકા સાથે એમ બે આવૃત્તિમાં આ ગ્રંથ પ્રકાશિત થઈ ગયેલ છે.

ઉક્તિસંગ્રહ—પં. તિલકે રચેલ ભાષ્યવાળી આગમિક દેવભદ્રના શિષ્યની ઉક્તિસંગ્રહ(સંસ્કાર)ની ભાષાકે લખેલ ૬ પત્ર-વાળી પોથી પાટણના જૈનગ્રંથ-ભંડારમાં વિદ્યમાન છે.

ઉક્તિ-વ્યક્તિ—ક્રિયા, કારકની ઉક્તિવાળો, ઉક્તિના ભેદોને વ્યક્ત કરનારી કવિ દામોદરની આ કૃતિ પ્રાચીન જણાય છે: અપૂર્ણ વિવૃતિ સાથેની આ ગ્રંથની પ્રતિ પાટણના જૈનગ્રંથભંડારમાં હોવાનું અમ્હે પત્તનસ્થપ્રાચ્યજૈનભાંડાગારીય ગ્રંથસૂચી (ભા. ૧, પૃ. ૧૨૭થી૧૨૯)માં આદ્યન્ત ભાગ સાથે સૂચિત કર્યું છે.

સંબંધોદ્યોત—આ કૃતિ, બૌદ્ધ વિદ્વાન્ રભસનંદિની છે, આની એક પ્રતિ સં. ૧૫૧૮માં લખાયેલી પિટર્સન રિપોર્ટ ૩જામાં નોંધાયેલી છે, જેની એક પ્રતિ જેસલમેર જૈનગ્રંથભંડારમાં પણ છે. સં. ૧૯૪૯માં નોઆખાલિમાં આ ગ્રંથ છપાઈ ગયો છે.

વાક્યવિસ્તર—જેસલમેરના જૈનગ્રંથભંડારમાં પણ તેવી એક ઉક્તીયક(વાક્યવિસ્તર) ગ્રંથની પ્રતિ છે. જેના કર્તા નાગર-બ્રાહ્મણ કૌશિકાન્વયી સર્વદેવના પુત્ર રામ છે, એ પોથી લખ્યાનો સંવત્ ૧૭૮૭ ત્યાં જણાવેલ છે. એની રચના પણ ઉપર જણાવેલા ઔક્તિક ગ્રંથોને મળતી જણાય છે, તેનો સંક્ષિપ્ત પરિચય અમ્હે જેસલમેરભાંડાગારીય-ગ્રંથસૂચી(ગા. ઓ. સિ. નં. ૨૧)માં કરાવ્યો છે.

ઉક્તિરત્નાકર—સમ્રાટ્ અકબ્બરના સમકાલીન ખરતરગચ્છના ઉપાધ્યાય વાદીન્દ્ર સાધુકીર્તિ પાઠકના વિદ્વાન્ શિષ્ય વાચક સાધુસુંદર ગણી વિક્રમની ૧૭મી સદીના ઉત્તરાર્ધને શોભાવી ગયા. જેમનો રચેલો શબ્દરત્નાકર કોશ ય. વિ. ગ્રંથમાળાએ પ્રકાશિત કર્યો છે, તથા જેમણે સ્વોપજ્ઞ ધાતુરત્નાકરની ક્રિયા–કલ્પલતા નામની વિવૃતિ

સં. ૧૬૮૦માં રચી હતી, તે જ ગ્રંથકારે ઉક્તિ-રત્નાકર નામનો વિસ્તૃત ઔક્તિક ગ્રંથ પણ રચ્યો હતો. 'જૂની પશ્ચિમ રાજસ્થાની' વગેરે દ્વારા સુપ્રસિદ્ધ ઇટાલિયન વિદ્વાન્ ડૉ. એલ. પી. * ટેસી-ટોરીએ એની પ્રેસકોપી, ત્રેવીશ વર્ષો પહેલાં બીકાનેર(મારવાડ)માં મને દર્શાવી હતી, તેમાં મેં વ્યાકરણ, કોશ, પદચ્છેદ, પદ-યોજના વગેરે સંબંધની ઘણી સૂચનાઓ કરી સ્ખલનાઓ સુધરાવી હતી, તેઓ તે ગ્રંથને બિબ્લિઓથેકા ઇંડિકામાં કલકત્તાની એશિયાટિક સોસાયટી દ્વારા પ્રકાશિત કરાવવાનું જણાવતા હતા, પરંતુ તેમના અકાળ પર-લોક-ગમનથી એ સંબંધમાં શું થયું ? તે જાણી શકાયું નથી. એ ગ્રંથમાં ભાષા(ગૂજરાતી-મારવાડી)ના શબ્દો સાથે તેના પ્રતિ-રૂપક સંસ્કૃત શબ્દો સારી વિસ્તૃત સંખ્યામાં દર્શાવ્યા છે.

ઉક્તિ-સંગ્રહ—વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરમાં આ નામની અપૂર્ણ એક ઔક્તિક પ્રતિ છે, તે એને મળતી જણાય છે, જેમાં તેવા ૧૨૫૦ જેટલા શબ્દોનો સંગ્રહ છે, તેમાં યુગપ્રધાન જિનચંદ્ર-સૂરિનું પણ સંસ્મરણ છે, ફક્ત કેટલીક જગ્યાએ ગૂજરાતી છઠ્ઠી વિભક્તિના સૂચક નો, ની, નું ને બદલે મારવાડી રો, રી જણાય છે.

એ સિવાય સં. ૧૬૬૩માં ઉપકેશગચ્છના મુનિ મહેશે લખેલી ૭ પાનાની અને બીજી ૬ પાનાવાળી જૈનકર્તૃક ઔક્તિક પ્રતિયો વડોદરાના પ્રાચ્ય-વિદ્યામંદિરમાં વિદ્યમાન છે.

બીજા પણ કેટલાક ગ્રંથો તેવી પદ્ધતિના મળી આવે છે, જે તે તે સમયમાં દેશીભાષા દ્વારા સંસ્કૃત ભાષામાં પ્રવેશ કરવા ઇચ્છતા

---

* ઇ. નો સારાંશ—"૧૯૧૭ ડિસેંબર તા. ૧૧થી ૧૯૧૮ જાન્યુઆરી તા. ૧૦ સુધી પંડિત લાલચંદ્ર ભગવાનદાસની સેવાનો મેં ઉપયોગ કર્યો અને જાણ્યું કે–તેઓ ઘણા સારા સંસ્કૃત પંડિત છે અને વિશેષતઃ વ્યાક-રણમાં તો ઘણા જ નિષ્ણાત છે."

બીકાનેર તા. ૧૦–૧–૧૯૧૮] એલ. પી. ટેસીટોરી.

પ્રાથમિક અભ્યાસીઓને ઉપયોગી થાય તેવા ઉદ્દેશથી રચાયેલા છે, તે સમયમાં આપણી પ્રાચીન દેશી ભાષાનું સ્વરૂપ કેવું હતું ? તેનો પણ ખ્યાલ કરાવી શકે-તેવાં તે સાધનો છે.

પ્રાચીન ગૂજરાતી સાહિત્ય

આપણે ઉપર જોઇ ગયા, તે પ્રમાણે પ્રાચીન ૧૮ દેશી ભાષાઓમાં આપણી ગૂજરાતી ભાષાની ગણના હોઈ બારસો વર્ષો કરતાં વધારે સમયથી વ્યવહારમાં-બોલચાલમાં તેની પ્રસિદ્ધિ જણાય છે; પરંતુ તેટલું પ્રાચીન ગૂજરાતી સાહિત્ય આપણને ઉપલબ્ધ થતું નથી. તેનાં અનેક કારણો જણાય છે. સામાન્ય રીતે વિદ્વાનોએ સંસ્કૃતમાં રચના કરવા તરફ વિશેષ લક્ષ્ય આપ્યું, બીજા કેટલાક વિદ્વાનોએ (બહુધા જૈનોએ) પ્રાકૃતમાં રચના કરી, તેનો દેશીભાષાઓ સાથે નિકટનો સંબંધ અને સામ્યભાવ હોવા છતાં પ્રાકૃત વ્યાકરણને અનુસરતું તે સાહિત્ય, પ્રાકૃત નામે પ્રસિદ્ધિ પામ્યું અને તેના નિયમોને અધીન ન રહેલું-ચુસ્તપણે વળગી ન રહેલું, દેશભાષાને વિશેષ મળતું જે સાહિત્ય રચાયું, તે અપભ્રંશ વ્યાકરણના નિયમોને અનુસરતું હોઈ અપભ્રંશ નામે ઓળખાયું, પૈશાચી(ભૂતભાષા)ના વ્યાકરણના નિયમોને અનુસરતું સાહિત્ય (વિલુપ્ત બૃહત્કથાનું, બૌદ્ધોનું તથા 'અશોક'ના શિલાલેખો વગેરેનું) પૈશાચિક અથવા પાલી નામે પ્રખ્યાતિ પામ્યું. સારાંશ કે-તે તે વ્યાકરણના નિયમોને અનુસરતું સાહિત્ય, તે તે ભાષાના સાહિત્ય તરીકે પ્રખ્યાત થયું અને એ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ વગેરે વ્યાકરણોના નિયમોની ખાસ પરવા કર્યા વિના તે તે સમયે તે તે દેશોમાં ચાલતી સ્વાભાવિક(પ્રાકૃત) ભાષાઓમાં જે સાહિત્ય રચાયું તે, તે તે દેશભાષાનું ગણાયું, એવી રીતે રચાયેલા ગૂજરાતી સાહિત્યમાં જે મળી આવે છે, તેમાં પ્રકાશમાં આવતા વિ. સં. ૧૨૪૧ ના પ્રસ્તુત ભરત-બાહુબલિ-રાસને પ્રથમ સ્થાને સ્થાપી શકાય.

પ્રાચીન ભાષા-સાહિત્ય.

દેશી ભાષાઓના અભ્યાસ માટે ઘણાં ઉપયોગી પ્રાચીન પ્રા. જૈનસિદ્ધાંત સૂત્રો(ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, આવશ્યકસૂત્ર વગેરે)-માંથી, તથા તેની પ્રાચીન વ્યાખ્યાઓ-નિર્યુક્તિ, વૃત્તિ વગેરેમાંથી, યોગીન્દ્રદેવના પરમાત્મપ્રકાશમાંથી, વિ. સં. ૮૩૫ માં દાક્ષિણ્ય-ચિહ્ન ઉદ્દ્યોતનાચાર્યે રચેલી અપ્રસિદ્ધ પ્રા. કુવલયમાલાકથામાંથી વિ. સં. ૯૨૫ માં વિમલમતિ કવિ શીલાંક-શીલાચાર્યે રચેલ અપ્રસિદ્ધ પ્રા. ચતુષ્પંચાશ-મહાપુરુષચરિતમાંથી, વિ. સં. ૧૦૫૫ માં વર્ધમાનસૂરિએ રચેલી અપ્રસિદ્ધ ઉપદેશપદ-ટીકા(પ્રા.)માંથી અને વિ. સં. ૧૧૨૩ માં ધંધૂક(ગુજરાત)માં સાધારણાંક સિદ્ધ-સેનસૂરિએ રચેલી અપ્રસિદ્ધ અપભ્રંશ વિલાસવતીકથામાંથી ઉદ્ધૃત કરી અપભ્રંશ કાવ્યોના કેટલાક નમૂના અપભ્રંશકાવ્યત્રયીની ભૂમિકા [પૃ. ૧૦૧ થી ૧૧૨]માં મેં પંદરેક વર્ષો પહેલાં દર્શાવ્યા છે. તથા પડ્ભાષા-શબ્દાનુશાસન-કાવ્યકાર સુપ્રસિદ્ધ આચાર્ય શ્રીહેમ-ચંદ્રના સમકાલીન જિનદત્તસૂરિ, કે જેમનો જન્મ વિ. સં. ૧૧૩૨ માં ધોળકા(ગુજરાત)માં, સૂરિપદ સં. ૧૧૬૯ માં, અને સ્વર્ગ-વાસ સં. ૧૨૧૧ માં અજયમેર(રાજપૂતાના)માં થયો હતો; તેમણે રચેલી ૧ ચર્ચરી, ૨ ઉપદેશરસાયન રાસ, ૩ કાલસ્વરૂપ-કુલક નામની ૩ કૃતિયો મ્હારી રચેલી સં. છાયા અને પ્રાચીન સંસ્કૃત વૃત્તિઓ સાથે 'અપભ્રંશ કાવ્યત્રયી' નામથી સં. ૧૯૮૩ માં ગાયકવાડ-પ્રાચ્યગ્રંથમાલા (અં. ૩૭)માં પ્રસિદ્ધ થઈ ગયેલ છે. ત્યાં સં. ૧૧૭૦ માં રચાયેલ જિનદત્તસૂરિ-સ્તુતિ ૧૦ છપ્પય કાવ્યો પણ પરિશિષ્ટમાં દર્શાવ્યાં છે.

તથા, વિ. સં. ૧૨૭૪ માં ગોધરા(ગુજરાત)માં ચૌલુક્ય રાજા કૃષ્ણના રાજ્યમાં નાગરબ્રાહ્મણ દિ. જૈન મહાકવિ અમર-કીર્તિએ રચેલ અપભ્રંશ કાવ્ય છક્કમ્મોવએસ (ષટ્કર્મોપદેશ)

મ્હારી સંસ્કૃત છાયા સાથે થોડા સમયમાં ગાયકવાડ-પ્રાચ્યગ્રંથ-માલા દ્વારા પ્રકાશમાં આવતાં અપભ્રંશ-શબ્દાનુશાસન-નિયમબદ્ધ કૃતિયો સાથે તેની તુલના કરી શકાશે.

તથા વિ. સં. ૧૨૪૧માં ગર્જર-નરેન્દ્ર-પુર(અણહિલવાડ પાટણ)માં સોમપ્રભાચાર્યે રચેલ પ્રા. જિનધર્મ-પ્રતિબોધ (કુમારપાલ-પ્રતિબોધ)માં આવતા તેવા અપભ્રંશ ભાગથી જૂદી પડતી, પ્રાચીન સમયમાં બોલાતી ગૂજરાતીના સ્વરૂપમાં રચાયેલી સં. ૧૨૪૧ ની પ્રસ્તુત કૃતિ ભરત-બાહુબલિ-રાસ જણાશે. સ્વ. દલાલે પ્રાચીન સૂચવેલ, અને ગાયકવાડ-પ્રાચ્યગ્રંથમાળામાં પ્રાચીનગૂર્જર-કાવ્યસંગ્રહમાં પ્રકાશિત થયેલ વિ. સં. ૧૨૬૬ માં મહેન્દ્રસૂરિના શિષ્ય ધર્મકવિએ રચેલ જંબૂસ્વામિ-રાસના પહેલાં પચ્ચીશ વર્ષો પૂર્વે રચાયેલ વીરરસમય પ્રસ્તુત કાવ્ય ભરત-બાહુબલિ-રાસનું સ્થાન ઉપલબ્ધ ગૂજરાતી કાવ્યોમાં પ્રથમ કહી શકાય તેવું છે.

ભ્રમ-નિવારણ

સ્વ. સાક્ષર ચીમનલાલ દલાલનો ઉપયોગી એક લેખ, 'પાટણના જૈનભંડારોમાં રહેલ સં., પ્રા., અપભ્રંશ સાથે પ્રાચીન ગૂજરાતી સાહિત્ય'ના પરિચયરૂપે સન્ ૧૯૧૫ ના એપ્રિલમાં 'લાઇબ્રેરી મિસેલેની' ત્રૈમાસિકમાં પ્રકટ થયો હતો. ત્યાં દર્શાવેલ તે કાવ્યોના આદ્યન્ત ભાગો જોવા માત્રથી તેમાં સૂચવેલ સં. ૧૨૬૬ ના જંબૂસ્વામિ-રાસને અને બીજાં પ્રાચીન ગૂજરાતી કાવ્યોને હિંદી ભાષાનાં ગણી હિંદી તરીકે ઓળખાવવાનો એક પ્રયત્ન ભૂતપૂર્વ 'જૈનહિતૈષી'ના સંપાદક દિ. સાક્ષર નાથૂરામ પ્રેમીજી દ્વારા થયો હતો. તેમણે સં. ૧૯૭૩માં-સન્ ૧૯૧૭ માં જબલપુરમાં ભરાયેલા ૭ મા હિન્દી સાહિત્ય-સંમેલન માટે લખેલા અને પ્રકાશિત કરેલા 'હિન્દી જૈન સાહિત્યકા ઇતિહાસ' નામના નિબંધમાં એ પ્રાચીન ગૂજરાતી કાવ્યોની ભાષાને હિંદી-સદૃશ અને હિન્દી તરફ ઝૂકતી જણાવી તેને હિન્દી

કાવ્યો તરીકે ગણાવવા કરેલો પ્રયત્ન વિચાર કરતાં અનુચિત લાગે છે. સ્વ. દલાલે એમાંનાં મુખ્ય પ્રાચીન કાવ્યોને સંપાદન માટે આવશ્યક ગણી હાથ ધર્યાં હતાં, પરંતુ સન્ ૧૯૧૮માં તેમનો અકાળ સ્વર્ગવાસ થતાં કાવ્ય-કાવ્યકારના વિશેષ પરિચય વિના અને ઉપયોગી ટીકા-ટિપ્પનીવાળા વક્તવ્ય વિના એ કાવ્યો માત્ર મૂળ સ્વરૂપમાં જ સન્ ૧૯૨૦માં ગાયકવાડ-પ્રાચ્યગ્રંથમાલા (ગ્રં. ૧૩) દ્વારા પ્રાચીનગૂર્જર-કાવ્યસંગ્રહ નામથી પ્રકાશમાં આવેલાં છે, છતાં એની ભાષા-શૈલી જોતાં એ વાંચતાં-વિચારતાં ભાષાપ્રેમી તુલનાત્મક અભ્યાસી સુજ્ઞ સાક્ષરોને સમજાશે કે-ગૂજરાતી શ્વેતાંબર જૈન કવિઓની એ કૃતિયોની ભાષા ગૂજરાતી ગણવી ઉચિત છે. મુખ્યતયા એ કવિઓએ ગૂજરાતમાં રહીને ગૂજરાતી સમજનાર, બોલનાર સમાજને શ્રવણ-બોધ કરાવવા એની રચના કરેલી જણાય છે.

એ કાવ્યોમાં ગૂર્જરેશ્વર-મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલના ધર્માચાર્ય તથા આબૂ, ગિરનાર વગેરેમાં તેમનાં અનુપમ સ્મારક ધર્મસ્થાનોની વિ. સં. ૧૨૮૭ માં તથા ૧૨૮૮માં પ્રતિષ્ઠા કરનાર વિજયસેનસૂરિએ રચેલ રેવંતગિરિ-રાસ તથા રત્નસિંહસૂરિ-શિષ્ય વિનયચંદ્રસૂરિએ રચેલ નેમિનાથ-ચઉપાઈ (વિ. સં. ૧૩૫૬-૫૮) બાર માસના વર્ણન સાથે સંકળાયેલ રાજિમતી અને તેની સખીના સંવાદરૂપ કાવ્ય વગેરે એ સદીનાં મહત્ત્વનાં ગૂજરાતી કાવ્યો છે.

વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધથી પંદરમી સદીના ઉત્તરાર્ધ સુધીમાં રચાયેલ ત્યાં પ્રકાશિત થયેલ રાસ, દોહા, ચોપાઈ, છપ્પા, કક્કા, માઈ (બારાખરી), બારમાસી, ફાગ વગેરે પ્રકારનાં એ ગદ્ય-પદ્યાત્મક પ્રાચીન ગૂજરાતી વિવિધ કાવ્ય-સાહિત્ય સંબંધમાં વિવેચન અહિં અપ્રસ્તુત લાગે એથી અને વિસ્તૃત થઈ જવાના ભયથી છોડી દેવું પડે છે. એમાંથી વિ. સં. ૧૩૭૧ માં અંબદેવસૂરિએ રચેલા સંઘપતિ સમરા-રાસનો સાર મેં બીજા આવશ્યક

પરિચય સાથે 'જૈન ઐતિહાસિક ગૂર્જરકાવ્ય-સંચય' (જૈન આત્માનંદસભા, ભાવનગરથી સં. ૧૯૮૨માં પ્ર.)માં અને 'શ્રીશત્રુંજયતીર્થનો ઉદ્ધારક સમરસિંહ (તિલંગદેશનો સ્વામી)' લેખમાલામાં 'જૈન યુગ' સં. ૧૯૮૨માં દર્શાવેલ છે.

તથા વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધમાં વિદ્યમાન જિનેશ્વરસૂરિએ રચેલ મહાવીર-જન્માભિષેક(અપભ્રંશ)ની તથા અપભ્રંશ વીરસ્તોત્રની મ્હારી સંસ્કૃત અને ગૂજરાતી છાયા, રાજતિલકગણિએ રચેલ શાલિભદ્ર-રાસની મ્હારી અર્વાચીન છાયા, તથા વિક્રમની ચૌદમી સદીમાં-વિ. સં. ૧૩૧૨ માં સં. દ્વયાશ્રયમહાકાવ્યના વ્યાખ્યાકાર અભયતિલકગણિએ વિ. સં. ૧૩૧૭માં રચેલા વીર-રાસની મ્હારી અર્વાચીન છાયા, ઐતિહાસિક નામોના વિસ્તૃત પરિચય સાથે 'જૈનયુગ' (સં. ૧૯૮૪-૮૫)માં પ્રકાશિત થઈ ગયેલ છે. વિ. સં. ૧૩૩૬ની બાલશિક્ષા સંબંધમાં પહેલાં પૃ. ૪૦-૪૧માં સૂચવાઈ ગયું છે. વિ. સં. ૧૩૨૭ નો સપ્તક્ષેત્રી-રાસ, વિ. સં. ૧૩૬૩નો કચ્છૂલી-રાસ (ગા. પ્રાચ્યગ્રંથમાલામાં પ્ર. પ્રા. ગૂ. કાવ્યસંગ્રહ.), તથા સં. ૧૩૬૦ માં રચાયેલ શ્રાવકવિધિરાસ, જિન-સ્તોત્ર વગેરે મળતી કૃતિયોમાંથી તથા તે તે સમયના જૈન વિદ્વાનોના સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ઉપદેશાત્મક, કથા-ચરિતાત્મક વગેરે વિવિધ સાહિત્યમાંથી દેશીભાષા(ગૂજરાતી વગેરે) સંબંધમાં ઘણો પ્રકાશ મળે છે.

વિક્રમની પંદરમી સદીમાં-વિ. સં. ૧૪૩૨માં કવિરાજ મેરુનંદન ઉપાધ્યાયે રચેલ ફાગરૂપ યમકમય છટાદાર કાવ્ય જીરાપલ્લી-પાર્શ્વનાથ-સ્તોત્રને હાલમાં જ મેં 'પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ' પૃ. ૬૭થી ૭૧માં દર્શાવ્યું છે.

વિ. સં. ૧૪૬૨ લગભગમાં જયશેખરસૂરિએ રચેલ ત્રિભુવનદીપક પ્રબંધ આધ્યાત્મિક કાવ્યને મેં વીશેક વર્ષો પહેલાં (સં. ૧૯૭૭માં) સંશોધન-સંપાદન કરી અભ્યાસીઓ સમક્ષ ધર્યું હતું,

જેને પ્રબોધચિંતામણિ નામથી સદ્‌ગત સાક્ષર ચિ. ડા. દલાલ ઈ. ધ્રુવે પંદરમા શતકના પ્રાચીનગૂર્જર-કાવ્યસંગ્રહમાં પુનરાવૃત્તિરૂપે ગૌરવ સ્થાન આપ્યું હતું.

વિક્રમની સોળમી સદીના આમોદના કાયસ્થ કવિ ગણપતિના, માધવાનલ-કામકંદલા કાવ્યનું સંપાદન સાક્ષર મંજુલાલ ર. મજમુદારે હાલમાં પૂર્ણપ્રાય કર્યું છે, તેમાં મ્હારી સહાયતા જણાશે.

વિક્રમની સત્તરમી સદીમાં-સં. ૧૬૫૨માં પુંજાઋષિએ રચેલ આરામશોભા-ચોપાઇનું સંશોધન કરતાં મેં પ્રસ્તાવનામાં મ્હારૂં વક્તવ્ય સં. ૧૯૮૪માં પ્રકાશિત કરાવ્યું હતું.

જૈન ઐ. ગૂર્જરકાવ્ય-સંચયનાં ૧૪ માથી-૧૯મી સદીનાં છેલ્લાં કાવ્યોનો સાર મ્હારે દર્શાવવાનો પ્રસંગ આવ્યો, ઓગણીશમી સદીના કવિરાજ દીપવિજયજીની સં. ૧૮૫૨ની વડોદરાની ગઝલને મેં 'વટપદ્ર(વડોદરા)ના ઐ. ઉલ્લેખો'માં દર્શાવી છે, તથા સં. ૧૮૮૯માં તેમણે રચેલું જીરાવલી-પાર્શ્વનાથ-સ્તવન 'પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ'માં મેં પ્રકાશિત કરાવ્યું છે.

-એવી રીતે પ્રાચીન સાહિત્ય-સામગ્રીમાંથી, તથા વિક્રમની નવમી સદીથી ઓગણીશમી સદી સુધીનો લગભગ અગીઆરસો વર્ષોમાં ભાષાશાસ્ત્રનો અને ખાસ કરીને પ્રાચીન ગૂજરાતી-સાહિત્યનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે તેવી સાધન-સામગ્રી દર્શાવવા મેં યત્-કિંચિત્ નમ્ર પ્રયત્ન કર્યો છે. ભાષાશાસ્ત્રના તથા કાવ્ય-સાહિત્યશાસ્ત્રના તુલનાત્મક અભ્યાસીઓને પ્રકાશિત થયેલા અને પ્રકાશિત થતા તત્કાલીન બીજા ભાષા-સાહિત્ય સાથે સરખાવવા-સમજવા-વિચારવામાં તે ઉપયોગી થશે-એવી આશા છે.

ભરત-બાહુબલિ-સાહિત્ય

પ્રાચીન પ્રાકૃત શ્વે. જૈનસિદ્ધાંતમાં દૃષ્ટિવાદ નામના વિચ્છેદ વિલુપ્ત થયેલા અનુપલબ્ધ બારમા અંગનો પરિચય દેવવાચકના

[1]નંદીસૂત્ર (સૂ. ૫૭) દ્વારા પ્રાપ્ત થાય છે; તેમાં જણાવેલા અનુયોગના બે ભાગોમાં પહેલા મૂલ પ્રથમાનુયોગમાં અરહંત ભગવંતોનાં ચરિત્રો સૂચવ્યાં હોય તેમાં પહેલા અર્હન્ ઋષભદેવના ચરિત્રમાં ભરત-બાહુબલીનો અધિકાર હોવાનો સંભવ છે. તથા તે જ બારમા અંગના બીજા ગંડિકાનુયોગ વિભાગમાં જણાવેલી તીર્થંકરગંડિકાઓ અને ચક્રવર્તિગંડિકાઓમાં પણ પ્રથમતીર્થંકરના પ્રથમ પુત્ર તરીકે અને પહેલા ચક્રવર્તી તરીકે ભરતચક્રવર્તીનું તથા તેના બંધુ બાહુબલીનું ચરિત્ર હોવાનું સૂચિત થાય છે; પરંતુ તે લાંબા વખતથી આપણને અપ્રાપ્ય છે.

પ્રાચીન પ્રાકૃત જૈન સિદ્ધાંત જે દ્વાદશાંગીરૂપ મનાય છે, તેમાંના બીજા અંગ સૂત્રકૃતાંગ(પ્રા. સૂયગડાંગ)ના પ્રારંભમાં—

"संबुज्झह किं न बुज्झह?, संबोही खलु पेच्च दुल्लहा।
णो हूवणमंति राइओ, नो सुलभं पुणरावि जीवियं॥"

આ ગાથાથી શરૂ થતો ઉપદેશ, જે વૈતાલીય અધ્યયન નામે ઓળખાય છે, તે ઋષભદેવે અષ્ટાપદ પર્વત પર પોતાના ૯૮ પુત્રો(ભરત-બાહુબલિના બંધુઓ)ને ઉદ્દેશી આપ્યો હતો, જે સાંભળીને તેઓ પણ પ્રવ્રજિત થયા હતા; તેવું સૂચન તે અધ્યયનની ઉપોદ્ઘાત નિર્યુક્તિની આ ગાથામાં મળે છે—

"कामंतु सासयमिणं कहियं अट्ठावयंमि उसमेणं।
अट्ठाणउतिसुयाणं सोऊणं ते वि पव्वइया॥"

જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ (પ્રા. જંબુદ્દીવ-પન્નત્તી) નામના જૈન ઉપાંગસૂત્રમાં ભારતવર્ષ(ક્ષેત્ર)ના નામ સાથે સંબંધ ધરાવનાર પ્રસ્તુત ભરત ચક્રવર્તિના છ ખંડોના વિજયનું વિસ્તારથી વર્ણન છે, પરંતુ ત્યાં બાહુબલિ સાથે તેનું યુદ્ધ-વર્ણન જણાવ્યું નથી.

---

1 મલયગિરિની વૃત્તિ સાથે આગમોદય સમિતિ, સૂરત દ્વારા સં. ૧૯૭૩ અને સં. ૧૯૮૦માં પ્ર.

શ્રીવીરજિનની સિદ્ધિ પછી ૫૩૦ વર્ષો વીત્યા પછી (વિક્રમ સંવત્ ૬૦ મા વર્ષે) વિમલસૂરિએ રચેલ ૧૦હજાર શ્લોકપ્રમાણ પ્રા. [1]પઉમચરિય (પદ્મચરિત-જૈન રામાયણ)ના ચોથા ઉદ્દેશમાં ઋષભજિન-ચરિત સાથે ભરત-બાહુબલીનો અધિકાર સંક્ષેપમાં સૂચવ્યો છે.

વિક્રમની પાંચમી સદી લગભગમાં વિદ્યમાન શ્રીસંઘદાસ-ગણિએ રચેલી [2]વસુદેવહિંડી નામની પ્રા. મનોહર બૃહત્કથા (પૃ. ૧૫૬ થી ૧૮૮ ચોથા નીલજસાલંભ, પાંચમા સોમશ્રીલંભ)માં ઋષભસ્વામિ-ચરિત સાથે ભરત અને બાહુબલિનો સંક્ષિપ્ત ચરિત-પ્રસંગ છે.

૧૮ રાજાઓના અધિરાજ, સોરઠના સ્વામી, શત્રુંજયોદ્ધારક, યદુવંશી શિલાદિત્યરાજાના આગ્રહથી બૌદ્ધવાદિ-વિજેતા ધનેશ્વરસૂરિએ દસહજાર શ્લોકપ્રમાણ સં. [3]શત્રુંજય-માહાત્મ્ય વલભી(વળા)માં સં. ૪૭૭ માં રચ્યું હતું. તેનો ત્રીજો સર્ગ ભરતના દિગ્વિજય-વર્ણનરૂપ અને ચોથો સર્ગ ભરત અને બાહુબલિના સંગ્રામના વર્ણનરૂપ છે.

પ્રસ્તુત ધનેશ્વરસૂરિએ પોતાને ચંદ્રગચ્છ-રાજગચ્છના આભૂષણરૂપ સૂચવેલ છે. ઉપર્યુક્ત ગ્રંથના અંત ભાગમાં ભવિષ્યવાણી તરીકે સૂચવાયેલા એક શ્લોકમાં શત્રુંજયના ઉદ્ધારકો તરીકે કુમારપાલ, બાહડ, વસ્તુપાલ અને સમરનાં નામો છે. એથી કેટલાક તેને અર્વાચીન ગણવા પ્રેરાયા જણાય છે, પરંતુ તે શ્લોક પ્રક્ષિપ્ત જણાતો હોઈ તેવી માન્યતા યોગ્ય જણાતી નથી. વિ. સં. ૧૦૮ માં શત્રુંજયના ઉદ્ધારક જાવડશાહ પછીના કોઈ ઉદ્ધારકનું ચરિત્ર તેમાં

---

૧ ભાવનગર-શ્રીજૈનધર્મપ્રસારક સભા દ્વારા સં. ૧૯૭૦ માં પ્રકાશિત.

૨ વિદ્વદ્રત્ન મુનિરાજ ચતુરવિજયજી અને પુણ્યવિજયજી દ્વારા સંપાદિત, આત્માનંદ જૈન ગ્રંથરત્નમાલા (૮૦)માં ભાવનગરની જૈન આત્માનંદ સભા દ્વારા સં. ૧૯૮૬ માં પ્ર.

૩ જામનગરના પં. હી. હં. દ્વારા સં. ૧૯૬૫ માં પ્રકાશિત.

જણાતું નથી. ચારસો વર્ષ પહેલાંની બૃહટ્ટિપ્પનિકામાં આ શત્રુંજય-માહાત્મ્યને 'આધુનિકં કલ્પિતપ્રાયં' શાથી સૂચવ્યું ? તે સમજાતું નથી. તેની રચના-સંકલના સરસ છે, તેમાં વર્ણવેલ વર્ણનનાં અવતરણો આજના ઘણા વિદ્વાનો-આચાર્યોએ કર્યાં જણાય છે. વિ. સં. ૧૨૪૧ નો પ્રસ્તુત ભરત-બાહુબલિ-રાસ તેના ઉપર્યુક્ત ચોથા સર્ગના વર્ણનને ઘણે અંશે મળતો જણાય છે.

શકસંવત ૫૯૮=વિ. સં. ૭૩૩ માં જિનદાસગણિ મહત્તરે [1]આવશ્યક સૂત્રની નિર્યુક્તિ પર પ્રા. ભાષામાં [2]ચૂર્ણિ નામની વિસ્તૃત વ્યાખ્યા રચી હતી, તેની ઉપોદ્ઘાત-નિર્યુક્તિની ચૂર્ણિમાં ઋષભદેવ-ચરિત્રમાં આ ભરત અને બાહુબલિનું ચરિત્ર પણ સૂચવ્યું છે. એવી જ રીતે [3]હરિભદ્રસૂરિ અને [4]મલયગિરિ વિગેરે વિદ્વાનોએ રચેલી એ સૂત્રની પ્રા. સં. વ્યાખ્યાઓમાં પણ દર્શાવ્યું છે.

વિ. સં. ૭૩૪ માં દિ. રવિષેણાચાર્યે રચેલ સં. પદ્મચરિત (પુરાણ) અને તેની વચનિકામાં સંક્ષેપમાં ભરત-બાહુબલીના યુદ્ધનું સૂચન છે.

વિ. સં. ૯૧૫માં કૃષ્ણર્ષિ-શિષ્ય જયસિંહસૂરિએ રચેલી ધર્મોપદેશમાલાની વ્યાખ્યામાં, વિ. સં. ૧૧૯૧માં મલધારી વિજયસિંહસૂરિએ અને વિ. સં. ૧૩૨૨માં મુનિદેવસૂરિએ રચેલી તેની બીજી વ્યાખ્યા-વિવૃતિઓમાં પણ ભરત ચક્રવર્તીનું ચરિત્ર છે.

વિ. સં. ૯૨૫ માં વિમલમતિ કવિ શીલાંકે રચેલા અપ્રસિદ્ધ પ્રા. ગદ્યમય ચતુષ્પંચાશ-મહાપુરુષચરિતમાં પણ ભરતચક્રવર્તીનું ચરિત્ર છે.

દિગંબર કવિ જિનસેનના [5]આદિપુરાણમાં તથા વિક્રમની ૧૧-

૧-૨. રતલામ(માળવા) ઋષભદેવ કેશરીમલજી નામની શ્વે. જૈન પેઢી તરફથી પ્રસિદ્ધ. ૩-૪. આગમોદયસમિતિ, સુરત તરફથી પ્રકાશિત.

૫. માણિકચંદ્ર દિ. જૈન ગ્રંથમાલા સમિતિ પ્ર૦ સં. ૧૯૮૫ (પં. ૨ પર્વ ૪, પૃ. ૬૧-૬૨)

મી સદીના પ્રારંભમાં વિદ્યમાન રાષ્ટ્રકૂટ નરેશ કૃષ્ણરાજ(૩)ના માન્ય મંત્રી ભરતની પ્રાર્થના-પ્રેરણાથી દિ. મહાકવિ પુષ્પદંતે રચેલા અપભ્રંશભાષામય તિસટ્ઠિમહાપુરિસગુણાલંકાર મહાપુરાણના [1]આદિપુરાણ (સંધિ ૧૬, ૧૭)માં,

વિક્રમની બારમી સદીમાં રચાયેલી જણાતી ભદ્રેશ્વરસૂરિની ૨૪૦૦૦ શ્લોકપ્રમાણ વિસ્તૃત અપ્રસિદ્ધ પ્રા. કથાવલીમાં,

વિ. સં. ૧૧૬૦ માં ખંભાતમાં સિદ્ધરાજ જયસિંહના રાજ્ય-સમયમાં વર્ધમાનસૂરિએ રચેલા અપ્રસિદ્ધ બારહજાર શ્લોકપ્રમાણ પ્રા. ઋષભદેવ-ચરિત્રમાં,

પરમાર્હત કુમારપાલ ભૂપાલની પ્રાર્થનાથી આચાર્ય શ્રીહેમ-ચંદ્રે રચેલા સં. [2]ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના ૧લા પર્વમાં, તથા તેને અનુસરી રચાયેલાં બીજાં ગદ્ય-પદ્ય ત્રિષષ્ટિસાર કાવ્યોમાં,

સિદ્ધરાજ અને કુમારપાલના મંત્રીશ્વર પૃથ્વીપાલની પ્રાર્થનાથી હરિભદ્રસૂરિએ રચેલા અપ્રસિદ્ધ પ્રા. અપભ્રંશ ૨૪ જિન-ચરિતોમાં-ઋષભદેવ-ચરિત્રમાં,

વિ. સં. ૧૨૪૧માં સોમપ્રભાચાર્યે રચેલા પ્રા. [3]કુમારપાલ-

---

૧. માણિક્યચંદ્ર દિ. જૈનગ્રંથમાલા (નં. ૩૭)માં પ્ર. પ્રો. પી. એલ. વૈદ્ય દ્વારા સંપાદિત.

૨ શ્રીજૈનધર્મ-પ્રસારક સભા, ભાવનગર, આત્માનંદ જન્મશતાબ્દી-ગ્રંથમાલા વગેરે તરફથી પ્રકાશિત.

-મુંબઇ જૈન શ્વે. કો. એજ્યુકેશન બોર્ડ તરફની ધાર્મિક પરીક્ષામાં પાંચમા ધોરણમાં, ઇતિહાસ વિભાગમાં પાઠ્ય પુસ્તક હોઈ વારાણસીમાં આ ૧લા સં. પર્વોનું સ્વયં વાચન કરી આ સંપાદકે 'સન્ ૧૯૧૭ માં-સં. ૧૯૧૮ માં પરીક્ષા આપી હતી. ૩૦ પારિતોષિક મેળવ્યું હતું', તથા અમેરિકન વિદુષી ડૉ. મિસ હેલન એમ. જોહન્સનને ત્રિષષ્ટિના અંગ્રેજી ભાષાંતર(ગા. ઓ. સિ. ૫૧)માં સૂચના વગેરે દ્વારા સહાયતા આપી હતી. —પ્રકાશક.

૩ ગાયકવાડ-પ્રાચ્યગ્રંથમાલા (નં. ૧૪) માં પ્રકાશિત.

(જિનધર્મ)પ્રતિબોધ (પ્રસ્તાવ ત્રીજો રાજપિંડ-પ્રસંગ, પૃ. ૨૧૯ થી ૨૧૮) માં પણ ભરત-બાહુબલીનું આવશ્યક વર્ણન છે.

વિક્રમની તેરમી સદીના અંતમાં વિદ્યમાન દિ. કવિ આશાધરે સં. અનગાર-સાગાર-ધર્મામૃતની રચના (સં. ૧૨૯૬, ૧૩૦૦)ના અંતમાં સૂચિત કર્યું છે કે-'તેણે ભરતેશ્વરાભ્યુદય નામનું સિદ્ધયંક સત્કાવ્ય રચ્યું હતું, જે હજી સુધી જોવામાં આવ્યું નથી.

વિનયચંદ્રસૂરિએ રચેલા અપ્રસિદ્ધ આદિનાથ-ચરિત્રમાં,

વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધમાં વિદ્યમાન તપાગચ્છીય દેવેન્દ્રસૂરિએ રચેલા સ્વોપજ્ઞ વિવરણવાળા [1]શ્રાદ્ધદિનકૃત્ય(પ્ર. ૩ જા)માં સાધર્મિક-વાત્સલ્ય-પ્રસંગમાં,

રાજ-કોષ્ઠાગારિક મંત્રી પદ્મની પ્રાર્થનાથી વાયટગચ્છીય રાજમાન્ય કવિ અમરચંદ્રસૂરિએ રચેલા વીરાંક જિનેન્દ્રચરિત [2]પદ્માનન્દ મહાકાવ્ય(સર્ગ ૧૬, ૧૭)માં,

દિગંબર કવિ હસ્તિમલ્લના સં. ૧૩૪૭ લગભગના કનડી ભાષામય ગદ્ય આદિપુરાણ (પુરુચરિત) વગેરેમાં ભરત-બાહુબલિ-ચરિત જણાય છે.

વિ. સં. ૧૩૬૧ માં પ્રબંધચિંતામણિ રચનાર, મેરુતુંગસૂરિએ રચેલા ધર્મોપદેશશત-વિવરણ(મહાપુરુષ-ચરિત્ર)ના પહેલા સર્ગમાં સંક્ષેપમાં ભરત-બાહુબલિ-ચરિત્ર છે.

વિ. સં. ૧૪૦૧ માં વાદી મેરુતુંગસૂરિએ રચેલા સ્તંભનેન્દ્ર-પ્રબંધમાં ૩૨ પ્રબંધોમાં રોગોપસર્ગહારી પ્રથમ ભરતેશ્વરપ્રબંધ છે.

વિ. સં. ૧૪૩૬ માં અંચલગચ્છીય જયશેખરસૂરિએ રચેલ પ્રા. સ્વોપજ્ઞ [3]ઉપદેશચિંતામણિની સં. ટીકામાં જિનધર્મપ્રશંસારૂપ પ્રથમાધિકારમાં વિસ્તારથી ભરત-બાહુબલિનું ચરિત્ર છે.

---

૧ ઋ. કે. પેઢી રતલામ દ્વારા પ્ર. પૃ. ૩૮૪ થી ૩૯૮

૨ ગાયકવાડ-પ્રાચ્યગ્રંથમાલા નં. ૫૮ માં પ્રકાશિત.

૩ જામનગરના પં. હી. હં. દ્વારા સં. ૧૯૭૫ માં પ્રકાશિત.

વિ સં. ૧૪૯૦ માં ખરતરગચ્છાધિપ જિનવર્ધનસૂરિના સમયમાં રચાયેલી કર્પૂરપ્રકરની ટીકામાં,

તથા તપાગચ્છીય રત્નશેખરસૂરિશિષ્ય લક્ષ્મીસાગરસૂરિના સમયમાં પ્રતિષ્ઠાસોમે વિ. સં. ૧૫૪૦ માં રચેલ કર્પૂરપ્રકર-કથામહોદધિમાં પણ ભરત-બાહુબલિ-કથા ઉપલબ્ધ થાય છે

તપાગચ્છના વા. સોમમંડનગણિએ રત્નશેખરસૂરિ ગણાધીશના સમયમાં વિ. સં. ૧૫૦૩ લગભગમાં સં. [1]યુગાદિજિન-દેશના રચી હતી, તે, યુગાદિજિન ઋષભદેવે ૯૮ પુત્રોને જે ઉપદેશ આપ્યો હતો; તેને ઉદ્દેશીને છે. તેના પાંચમા ઉલ્લાસમાં પણ શ્લો. ૫૭૦માં ભરત-બાહુબલિના યુધ્ધનું વર્ણન છે.

વિક્રમની સોળમી સદીના પ્રારંભમાં તપાગચ્છાધિપ મુનિસુંદરસૂરિના શિષ્ય પં. શુભશીલગણિએ 'ભરહેસર-બાહુબલી' પ્રા. સજઝાયની સં. [2]વ્યાખ્યાના પ્રારંભમાં ભરતેશ્વર અને બાહુબલિનું ગદ્ય ચરિત્ર જણાવ્યું છે.

વિ. સં. ૧૫૩૦ લગભગમાં નાયલ(નાગેંદ્ર)ગચ્છીય ગુણસમુદ્રસૂરિના પટ્ટધર ગુણદેવસૂરિના શિષ્ય ગુણરત્નસૂરિએ ગૂજરાતી ભાષામાં ઋષભચરિત્ર તથા ભરત-બાહુબલિપ્રબંધ(પવાડો) રચ્યો હતો.

તેજવર્ધન નામના કવિએ પણ ભરત-બાહુબલિરાસ રચ્યો જણાવાય છે, પરંતુ દૃષ્ટિગોચર થયો નથી.

તપાગચ્છાધિપતિ જિનરત્નસૂરિના પટ્ટધર જિનસાધુસૂરિના પ્રસાદથી તેમના સમયમાં પં. સાધુકીર્તિગણિના શિષ્યે સહૃઆલા,

---

૧ પં. અમૃતલાલ અમરચંદ્ર દ્વારા સંપાદિત, શેઠ દે. લા. ફંડ સૂરતથી સં. ૧૯૬૯ માં પ્ર.

૨ આ વૃત્તિનું ગૂજરાતી ભાષાંતર સં. ૧૯૬૫ માં મગનલાલ હઠીસંગ દ્વારા અમદાવાદથી પ્રકાશિત થયું હતું, અને સં. વૃત્તિ દે. લા. ૬૮ સૂરત દ્વારા સં. ૧૯૮૮ માં પ્રકાશિત થયેલ છે.

પુરમાં રચેલ ભરત–બાહુબલિરાસ ઉપલબ્ધ થાય [1]છે.

પર્યુષણાકલ્પસૂત્રની વિવિધ વૃત્તિ–વ્યાખ્યાઓમાં પણ ઋષભ-દેવ–ચરિત અધિકારમાં ભરત–બાહુબલિનો ચરિત–પ્રસંગ જણાય છે.

વિ. સં. ૧૬૨૮માં ઉ. ધર્મસાગરજીએ રચેલી [2]કલ્પસૂત્ર–કિરણાવલીમાં ભરતબાહુબલીનું યુદ્ધ–વર્ણન નથી, પરંતુ વિ. સં. ૧૬૯૬માં ઉ. વિનયવિજયજીએ રચેલી કલ્પસૂત્ર–સુબોધિકામાં છે.

વિ. સં. ૧૬૭૮માં ખંભાત(ગૂજરાત)ના સંઘવી શ્રાવક કવિ ઋષભદાસે ગૂજરાતીભાષામાં ૮૪ ઢાળોમાં [3]ભરતેશ્વર–રાસ રચ્યો હતો.

વિ. સં. ૧૭૫૫માં કવિ જિનહર્ષ ગણીએ રચેલા ગૂજરાતી [4]શત્રુંજયતીર્થરાસ (ખંડ ૨, ઢાળ ૧૬–૧૭ પૃ. ૧૭૨થી ૧૭૧)માં, તથા ધનેશ્વરસૂરિના પદ્ય શત્રુંજય–માહાત્મ્યને અનુસરતા વિ. સં. ૧૭૮૨માં હંસરત્નમુનિએ રચેલા સં. ગદ્ય [5]શત્રુંજય–માહાત્મ્યમાં તથા સં. ૧૮૨૪ માં ઉ. દર્શનસાગરે રચેલા આદિનાથ રાસમાં પણ ભરતદિગ્–વિજય સાથે બાહુબલિ–યુદ્ધવર્ણન છે.

–ભરત અને બાહુબલી સંબંધમાં રચાયેલ પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ અને ગૂજરાતી પ્રાચીન અર્વાચીન પ્રકાશિત, અપ્રકાશિત જૈન સાહિત્ય જે જે જાણવામાં આવ્યું, તે ક્રમશઃ દિગ્દર્શન તરીકે

---

૧ સં. ૧૫૮૧,૮૨માં પિપ્પલગચ્છના ભ. સિદ્ધસૂરિ આ. ઉદયરત્ન-સૂરિશિષ્ય પં. ક્ષમારત્નના ચેલા આણંદરત્નની સ્વહસ્તલિખિત જૈનરાસાદિ-કાવ્ય–સંગ્રહની પુસ્તિકા હાલમાં સાક્ષર મંજુલાલભાઈ ર. મજમુદારના હસ્તગત છે, તેમાં પત્ર ૧૭૮થી ૧૮૭માં જોવામાં આવે છે.

૨ સં. ૧૯૭૮મા આત્માનંદસભા, ભાવનગર દ્વારા પ્ર.

૩ આનંદકાવ્ય મહોદધિ (મૌક્તિક ૩)માં સં. ૧૯૭૧માં દે. લા. ફંડ દ્વારા પ્ર.

૪ ,, (મૌક્તિક ૪)માં સં. ૧૯૭૨માં ,, પ્રકાશિત.

૫ પુ. શી. શાહ દ્વારા સં. ૧૯૭૨માં પ્ર.

સૂચવવાનો આશય એવો છે કે-પ્રસ્તુત ભરત-બાહુબલિ-રાસનો તુલનાત્મક દૃષ્ટિએ જેને વિશેષ અભ્યાસ કરવો હોય તેને પહેલાંની અને પછીની કૃતિયો જોવા જાણવા જિજ્ઞાસા થાય, વિશેષ જિજ્ઞાસુ અભ્યાસીઓ એ જોવી-જાણવી જોઇએ, એ જાણવા પછી પ્રકાશિત, અપ્રકાશિત પ્રાપ્ય પ્રાપ્ત કરી વાંચવા-વિચારવા માટે ઉપયોગ કરી શકાય. એ વાંચવા-વિચારવાથી પ્રસ્તુત રાસ-કાવ્યની વિશેષતા વિચારી શકે. તેમને આમાંથી કંઇક પ્રેરણા પ્રાપ્ત થઇ શકે અપ્રસિદ્ધ સાહિત્ય પ્રકાશમાં આવી શકે.

ભરત-બાહુબલિનાં સ્મારકો (શિલ્પકલા-ચિત્રકલામાં)

દક્ષિણમાં જૈનધર્મનો વિજયસ્તંભ રોપનાર વીરમાર્તંડ ચામુંડરાય અપરનામ ગોમ્મટરાજ વિક્રમની ૧૧મી સદીના પૂર્વાર્ધને દીપાવી ગયો, ગંગવંશી રાજા રાચમલ્લ (વિ. સં. ૧૦૩૧ થી ૧૦૪૧)ના મહામાત્ય-પદ સાથે પરાક્રમી સેનાપતિ-પદને શોભાવી ગયેલ. જૈનધર્મ (દિગંબર સંપ્રદાય)ની સાથે પોતાનો ચિરસ્થાયી કીર્તિ-સ્તંભ રોપી ગયો. મૈસૂરમાં શ્રવણબેલગુલમાં ૫૬ ફુટ પ્રમાણ જે અદ્ભુત શિલ્પકલામય બાહુબલિસ્વામીની કાયોત્સર્ગસ્થ (ધ્યાનસ્થ) ઊભી સુંદર મૂર્તિનાં દર્શન થાય છે, તે કરાવનાર ઉપર્યુક્ત મંત્રી ગોમ્મટ હોઇ, તે મૂર્તિ ગોમ્મટ-જિન, ગોમ્મટેશ્વર નામથી પણ ઓળખાય છે. ત્રિલોકસાર વગેરે રચનાર સિદ્ધાંતચક્રવર્તી આચાર્ય નેમિચંદ્રે એ જ મંત્રીની પ્રેરણાથી રચેલ ગ્રંથ ગોમ્મટસાર સંગ્રહ-સૂત્ર-નામે પ્રસિદ્ધ છે. તેની દેશી ટીકા કાનડી ભાષામય તેમણે રચી જણાય છે. આ જ ગોમ્મટ-ચામુંડરાયના નામે ચામુંડરાય-પુરાણ (ત્રિષષ્ટિલક્ષણ-મહાપુરાણ જેની સમાપ્તિ વિ. સં. ૧૦૩૫ કાનડી ભાષામાં) વગેરે પ્રસિદ્ધિમાં આવેલ છે. કાનડીભાષાના પ્રસિદ્ધ કવિ રન્ને પુરાણ-તિલક (અજિત-પુરાણ) શક સં. ૯૧૫=વિ. સં. ૧૦૫૦માં સમાપ્ત કર્યું હતું, તેણે પોતાને ચામુંડરાયના કૃપાપાત્ર તરીકે ઓળખાવેલ છે.

શ્વેતાંબર જૈનોમાં વેપારીઓના ચોપડાના પ્રારંભમાં શારદા-પૂજન વખતે 'ભરતચક્રવર્તીની ઋદ્ધિ હોજ્યો, બાહુબલિનું બલ હજો' લખવામાં આવે છે; અને દિગંબર જૈનોમાં આદર્શવીર તરીકે બાહુબલિને નમન, વંદન કરી વ્યાયામ આદિનું જ્ઞાન અપાય છે; બાહુબલિના નામ સાથે ધર્માર્થ ઔષધાલય વગેરે સ્થપાયાં છે.

આબૂની સં. ૧૦૮૮ની વિમલ-વસહીની શિલ્પ-કલામાં દર્શાવેલ ભરત-બાહુબલિનું યુદ્ધ આદિનું દૃશ્ય શિલ્પ-ચિત્ર અહિં પ્રારંભમાં દર્શાવ્યું છે, તે શિલ્પ, સિદ્ધરાજ અને કુમારપાલના મંત્રીશ્વર પૃથ્વીપાલે વિ. સં. ૧૨૦૬ લગભગમાં કરાવ્યું જણાય છે.

સુપ્રસિદ્ધ શત્રુંજયતીર્થનું એક નામ (એક શિખર) બાહુબલિના નામથી સ્મરણીય થયેલું હોઇ, તે બાહુબલિગિરિ નામે પણ પ્રાચીન સમયથી ઓળખાય છે. વર્તમાનમાં શત્રુંજયની તળેટીમાં અને ઉપરની ઘણી ટુંકોના જિનમંદિરોની ભિત્તિમાં કાઉસ્સગ્ગ-ધ્યાનમાં રહેલી બાહુબલિની આકૃતિ ચિતરેલી જોવામાં આવે છે. કલ્પસૂત્રની પ્રાચીન સચિત્ર પોથીઓમાં પણ ભરત-બાહુબલિની જીવન-ઘટના સૂચવતાં ચિત્રો જોવામાં આવે છે.

ભરત ચક્રવર્તી, મરુદેવી માતા સાથે હાથી પર આરૂઢ થઇ, કેવલજ્ઞાની થયેલા આદીશ્વર પ્રભુના દર્શને જાય છે-એવા ભાવને સૂચવતી શિલ્પકલામય આકૃતિયો શત્રુંજય, કેસરિયાજી જેવાં શ્વે. તીર્થો-જૈનમંદિરોમાં ઋષભદેવની-મૂર્તિ-સમક્ષ દૃશ્યમાન થાય છે, તેમ કલ્પસૂત્રની કેટલીક સચિત્ર પોથીઓમાં ચિત્રોમાં પણ જોવાય છે.

રાસ-વિમર્શ

રાસ, રાસક, નાટ્યરાસક, તાલારાસ, લકુટારાસ વગેરેની પ્રાચીનતા બેહજાર વર્ષોથી પણ વધારે જૂના સમયની જણાય છે, પ્રાચીન પ્રાકૃત જૈનસાહિત્યમાં અને અન્યત્ર એના ઉલ્લેખો મળી આવે છે. અપભ્રંશકાવ્યત્રયીની ભૂમિકા વગેરેમાં અને અહિં પણ

મેં પ્રસંગવશાત્ એનાં સૂચનો કર્યાં છે. આચાર્ય શ્રીહેમચંદ્રનાં છંદોઽનુશાસન વગેરેમાં, ભરતમુનિનાં નાટ્યશાસ્ત્રમાં, કવિ ધનંજયના દશરૂપકમાં, મહારાજા ભોજના સરસ્વતી–કંઠાભરણ, શૃંગારપ્રકાશ વગેરેમાં, મહાકવિ રામચંદ્ર અને ગુણચંદ્રના નાટ્યદર્પણ વગેરેમાં, સંગીતશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, તથા ઉપદેશાત્મક અને કથા–ચરિત્રાત્મક વિવિધ સાહિત્યમાં એના નિર્દેશો છે, જિજ્ઞાસુઓ ત્યાં ત્યાં જોઈ જિજ્ઞાસા તૃપ્ત કરી શકે.

કવિએ આ રાસ રચવાનું સ્થળ દર્શાવ્યું નથી, છતાં તે ગૂજરાતનું કોઈ પણ વીરરસ–રસિક ધર્મનિષ્ઠ સુસમૃદ્ધ નગર હશે–એમ કલ્પી શકીએ. પ્રસ્તુત રાસની ભાષા, ગૂજરાતમાં મુસ્લીમ યુગ પ્રવર્ત્યો પહેલાની હોઇ તે યુગની પરદેશી ભાષાની અસર વિનાની હોય એ સ્વાભાવિક છે. ગૂજરાતીનો મૂળ પાયો પ્રાકૃત હોવાથી પ્રાકૃતભાષામય તત્કાલીન પ્રાચીન ગૂજરાતી સ્વરૂપમાં આની રચના સમજી શકાય તેવી છે. એને મળતું અર્વાચીન સ્વરૂપ મેં છાયામાં દર્શાવવા પ્રયત્ન કર્યો છે. એમાંના શબ્દો, ક્રિયાપદો, પાછળનાં ગૂજરાતી કાવ્ય–સાહિત્યમાં વપરાયેલાં અને ચાલુ વ્યવહારમાં વપરાતાં જણાઇ આવે છે. છતાં સાડાસાત સૈકા પહેલાની આ ગૂજરાતી કાવ્યની ભાષાના–આપણી દેશીભાષાના કેટલાક શબ્દો કાલાંતરના અનભ્યાસને લીધે કેટલાકને અપરિચિત જેવા લાગે–એ સંભવિત છે; પરંતુ તે પ્રાકૃતશબ્દમહાર્ણવ જેવા કોશની સહાયતાથી સમજી શકાય તેવા છે અને એ શબ્દોની પ્રાચીન પરંપરા પણ વિચારી શકાય તેમ છે. એથી એ સંબંધમાં ટીકા–ટિપ્પણી જોડી અહિં વિસ્તાર કરવામાં આવ્યો નથી.

રાસના છંદો સંબંધમાં હેમચંદ્રાચાર્યનું છંદોનુશાસન, પ્રાકૃત પિંગલસૂત્ર વગેરે અને સમકાલીન રાસ–સાહિત્ય જોઈ જવું. ઉપયોગી થઇ શકે. રાસ–રસિકો સંગીતજ્ઞો એ પર વિશેષ વિચાર કરશે.

રાસમાં દર્શાવેલ પ્રાસંગિક શકુન વગેરે વિચારવા-સરખાવવા માટે વરાહમિહિરની બૃહત્સંહિતા, વસંતરાજનો શકુનાર્ણવ વગેરે ઉપયોગી થશે.

પ્રૌઢ કવિએ વીરરસમય આ સંક્ષિપ્ત રાસ-કાવ્યની રચના કરવામાં જે ચાતુર્ય દર્શાવ્યું છે, જેનાથી યમક અનુપ્રાસમય શબ્દાલંકારો, અર્થાલંકાર સાથે વાપર્યા છે, તે સુજ્ઞ સજ્જનોને આકર્ષશે, એવો અમ્હને વિશ્વાસ છે. ગૂજરાતી સાક્ષરો, અભ્યાસીઓ અને ગૂજરાતીનું ઉચ્ચ જ્ઞાન આપવા-અપાવવા મથતી સંસ્થાઓ 'પ્રાપ્ત થતા ગૂજરાતી સાહિત્યમાં આદિકાવ્ય ગણાય'-એવા આ રાસ-કાવ્યને સર્વત્ર પઠન-પાઠનમાં મૂકી-મૂકાવી એને આદર આપશે-એવી આશા છે.

રાજગચ્છના આચાર્ય-કવિ શાલિભદ્રસૂરિ.

વિ. સં. ૪૭૭ માં વલભી (વળા)ના મહારાજા શિલાદિત્યને પ્રતિબોધ કરનાર, તેની સભામાં બૌદ્ધ વાદીઓ પર વિજય મેળવનાર, શત્રુંજય તીર્થનો ઉધ્ધાર કરાવનાર, ઉપર્યુક્ત મહારાજાના આગ્રહથી ૧૦૦૦૦ દસહજાર શ્લોક-પરિમાણવાળું સંસ્કૃત શત્રુંજય-માહાત્મ્ય રચનાર ધનેશ્વરસૂરિએ પોતાને ચંદ્રગચ્છ-રાજગચ્છના રાજમાન્ય વિદ્વાન્ તરીકે ઓળખાવ્યા છે.

તલપાટક(તલવાડા)માં અલ્લુક(અલ્લૂ=આલુ રાવળ સં. ૧૦૦૮-૧૦૧૦) રાજાની સભામાં વાદીઓ(દિગંબરો) પર વિજય મેળવનાર, ૮૪ વાદોમાં જયો દ્વારા સપાદલક્ષ(સવાલક્ષ્ય-રાજપૂતાના), ગોપાલગિરિ(ગવાલિયર), ત્રિભુવનગિરિ વગેરે દેશોના રાજાઓને રંજિત કરનાર યશસ્વી પ્રદ્યુમ્નસૂરિએ રાજગચ્છની પ્રતિષ્ઠામાં વૃધ્ધિ કરી હતી.

સુપ્રસિધ્ધ સિધ્ધસેન દિવાકરના સન્મતિતર્ક(પ્રા.) પર વિક્રમની અગીઆરમી સદીમાં તત્ત્વબોધ-વિધાયિની (વાદમહાર્ણવ)

નામે વિખ્યાત ૨૫૦૦૦ પચ્ચીશહજાર શ્લોક-પ્રમાણ વિસ્તૃત વિવૃતિ રચનાર અભયદેવસૂરિએ (ઉપર્યુક્ત પ્રદ્યુમ્નસૂરિના શિષ્યે) આ જ રાજગચ્છને વિભૂષિત કર્યો હતો.

ઉપર્યુક્ત અભયદેવસૂરિના શિષ્ય ત્રિભુવનગિરિના સ્વામી કર્દમરાજ દીક્ષિત થઈ ધનેશ્વરસૂરિ નામે પ્રસિધ્ધ થયા હતા, જેમણે મહારાજા મુંજની સમક્ષ વાદી વિદ્વાનોને જીતી વિજયલક્ષ્મીનો સંગ્રહ કર્યો હતો; એથી એમનો ગચ્છ રાજગચ્છ નામથી વિશ્વ-વિખ્યાત થયો હતો.

આ જ રાજગચ્છના શીલભદ્રસૂરિના પટ્ટધર ધર્મઘોષસૂરિ સંબંધમાં અમ્હે અન્યત્ર પ્રશસ્તિ, ઉલ્લેખો દર્શાવ્યા છે (જૂઓ પત્તનસ્થ-પ્રાચ્યજૈનભાંડાગારીય-ગ્રંથસૂચી, પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ), એથી એમણે રાજ-સભામાં દિ. વાદિચંદ્ર ગુણચંદ્ર વગેરે પર મેળવેલા વિજયો, અજયરાજ, અર્ણોરાજ, વિગ્રહરાજ વગેરે રાજાઓ પર પાડેલ અપૂર્વ પ્રભાવ, જિન-મંદિર આદિની કરેલી પ્રતિષ્ઠા વગેરેનો ખ્યાલ આવી શકશે.

રાજગચ્છમાં થયેલા, પ્રમાણપ્રકાશ, શ્રેયાંસચરિત વગેરે રચનાર દેવભદ્રસૂરિના શિષ્ય સિદ્ધસેનસૂરિએ વિ. સં. ૧૨૪૮ માં નેમિચંદ્રસૂરિના પ્રવચનસારોદ્ધાર પર તત્ત્વજ્ઞાન-વિકાશિની વૃત્તિ રચી હતી, જે દે. લા. નં. ૫૮, ૬૪માં પ્રસિદ્ધ થયેલી છે.

વિ. સં. ૧૩૩૪માં પ્રભાવકચરિત્ર રચનાર પ્રભાચંદ્રસૂરિએ પણ પોતાને રાજગચ્છના ચંદ્રપ્રભસૂરિના શિષ્ય તરીકે ઓળખાવેલ છે.

વિ. સં. ૧૨૧(૪)૬માં કાવ્યપ્રકાશ પર સંકેત વ્યાખ્યાન રચનાર, તથા વિ. સં. ૧૨૭૬માં શાંતિનાથ-ચરિત્ર, પાર્શ્વનાથ-ચરિત્ર જેવાં મહાકાવ્યો રચનાર માણિક્યચંદ્રસૂરિએ પણ આ જ રાજગચ્છને શોભાવ્યો હતો. તેમણે જણાવેલી ગુરુ-પરંપરા-પ્રશસ્તિમાં શીલભદ્રસૂરિના પટ્ટધર ભરતેશ્વરસૂરિના પદ(પટ્ટ)ને અલંકૃત કરનાર જે વૈર(વયર-વજ્ર)સ્વામી મુનીશ્વરને સૂચવ્યા છે,

તેને જ ભરત-બાહુબલિરાસકાર પ્રસ્તુત શાલિભદ્રસૂરિએ વયરસેણુ (વજ્રસેન)સૂરિ તરીકે સૂચવી, તેમના પટ્ટધર તરીકે પોતાને અંતમાં ઓળખાવ્યા જણાય છે. આ સિવાય કવિનો વિશેષ પરિચય કે અન્ય કાવ્ય-રચના ઉપલબ્ધ થયેલ નથી.

શાલિભદ્રસૂરિ નામના બીજા પણ અનેક કવિઓ-આચાર્યો જૂદા જૂદા ગચ્છોમાં જૂદા જૂદા સમયમાં થયા જણાય છે. બુદ્ધિરાસના કર્તા કયા શાલિભદ્ર ગુરુ હતા? તે સ્પષ્ટ કહી શકાય તેવો ઉલ્લેખ ત્યાં જણાતો નથી.+

+ વિ. સં. ૧૯૨૩માં મુંબઈમાં શા. હીરજી હંસરાજ દ્વારા પ્રકાશિત થયેલ રત્નસાર(ભાગ બીજો પૃ. ૪૫૭ થી ૪૬૧)માં વ્યાવહારિક બોધક ૬૪ કડીનો તે બુધરાસ નામે અશુદ્ધ પ્રકટ થયેલો છે; તેના પ્રારંભમાં—

"પ્રણમું દેવ અંબાઈ, પંચામ(ણુ)ણુ-ગામણી એ;
સમરથ દેવ સધાઈ, જેણે(જૈન)સાસણુ-સામણી એ. ૧
પ્રણમી ગોયમ ગણહર-સામી, દૂરીઅ પણાસે જેને નામી;
સહેગુરુ-વચને સંગ્રહ કીજે, ભોલા લોક સીખામણ દીજે". ૨

તેની ૧૪ મી કડી પછી 'ઠવણી પાટી પેહલી સંપૂર્ણ' ૨૩ મી કડી પછી 'ઠવણી પાટી બીજી સંપૂર્ણ ૨' ૪૫મી કડી પછી 'ઠવણી પાટી ત્રીજી સંપૂર્ણ ૩' અને છેલ્લી ૬૪ મી કડી-

સાલભદ્ર ગુરુ સંકથી એ, એ સવિ ગુરુ-ઉપદેશ તો;
ભણે ગણે જે સાંભલે એ, તે ઘર ટલે કલેશ તો. ૬૪
ઈતિ શ્રીબુધરાસ પાટી ૪ સંપૂર્ણ" જણાવેલ છે.

ઉપસંહાર.


દેશી ભાષાઓની પ્રાચીનતા સાથે આપણી માતૃભાષા–ગૂજરાતીની પ્રાચીનતા સંબંધમાં, વર્ષોથી ગવેષણા કરતાં જે સાહિત્ય–સાધન–સામગ્રી પ્રાપ્ત થઈ, તેના આધારે, મ્હારી અલ્પમતિ–શક્તિ પ્રમાણે હું જે કંઈ વાંચી–વિચારી શક્યો, તેનો સાર આ વિસ્તૃત થઈ ગયેલી પ્રસ્તાવના–ભૂમિકા પર આલેખ્યો છે. વિક્રમની તેરમી સદીના ગૂજરાતી ભાષાના આવા પ્રાચીન કાવ્યનું સંપાદન કરતાં તેની સાથે નિવેદિત થયેલું આ વક્તવ્ય અહિ સુસંગત જણાશે. એમાં મતિ–દોષ કે દૃષ્ટિ–દોષથી રહી ગયેલી કે થઈ ગયેલી સ્ખલના તરફ કોઈ સુજ્ઞ સૌજન્યથી લક્ષ્ય ખેંચશે, તો આભાર માનીશ અને પુનરાવૃત્તિ–પ્રસંગે તે પર વિચારણા કરી શકાશે આશા છે કે–ગૂજરાતના ભાષાપ્રેમી સાહિત્ય–પ્રેમી સર્વ કોઇ સુજ્ઞ સજ્જન આ પરિશ્રમની ઉચિત કદર કરશે, પોતાના સરસ પ્રાચીન કાવ્યને પઠન–પાઠનાદિમાં ગૌરવભર્યું સ્થાન આપી પોતાના જ્ઞાન–ગૌરવ સાથે ગૂજરાતી સાહિત્યનું ગૌરવ વધારશે. એ સાથે કવિ, સંપાદક અને પ્રકાશકના ઉત્સાહભર્યા પ્રયત્નને પણ વિશેષ પ્રોત્સાહિત કરશે. **સુજ્ઞેષુ કિં બહુના ?**

વિ. સં. ૧૯૯૭
શ્રા. વ ૭
વડોદરા.

સાહિત્યોપાસક–
લાલચંદ્ર ભગવાન્ ગાંધી.

ભરત-બાહુબલિ-યુદ્ધ-દૃશ્ય.

'વડનગર ?? માં નગીનો



આજના [illegible] -ભાઈઓનાં શિલ્પકલામાં.

સંવત્ ૧૨૪૧ નો

ભરત-બાહુબલિ-રાસ

(પ્રાચીન ગૂજરાતી અનુપ્રાસ-યમકમય
વીરરસમય યુદ્ધકાવ્ય)

કર્તા–

કવીશ્વર શાલિભદ્રસૂરિ

અનુવાદક, સંપાદક–

પં. લાલચંદ્ર ભગવાન્ ગાંધી.

नमोऽर्हद्भ्यः[1]।

रिसह जिणेसर–पय पणमेवी,
सरसति सामिणि मनि समरेवी;
नमवि निरंतर गुरु–चरण[2]। [क. १]

भरहनरिंदह तणउं[3] चरित्तो,
जं [4]जुगि [5]वसुहा–वलइ कवीतो;
बार वरिस बिहुं बंधवहं ॥१॥ [क. २]

[6]हुं हिव पभणिसु रासह छंदिहिं,
तं [7]जण–मणहर मण–आणंदिहिं;[8]
भाविहिं[9] भवीयण ! सांभलओ[10]। [क. ३]

जंबुदीवि उवझाउरं[11] नयरो,
[12]धण कण कंचण रयणिहिं पवरो;
अवर पवर किरि अमर–पुरो[13]॥२॥[क. ४]

करइ रज्ज [14]सिरिरिसह जिणेसर,
[15]पाप–तिमिर–[16]भर–हरण दिणेसर;
तेजि तरणि[17] वैरि तहिं तपइ ए। [क.५]

---

१ घ. श्रीवीतरागाय नमः। २ क.–चलणा। ३ क. तणु। ४ घ. जणि। ५ क. वसहावलय। ६ घ. हउं। ७ क. जन–मनहर मन।

ઋષભ જિનેશ્વર-પદ પ્રણમીને,
સરસ્વતી સ્વામિની મન સમરીને;
નમીને નિરંતર ગુરુ-ચરણો. (૧)

ભરત-નરેંદ્ર-તણું ચરિત્ર,
જે જુગ વસુધા-વલયે વિદિત;
બાર વરસ બેઉ બંધવનું. ૧ (૨)

હું હવે પ્રભણીશ રાસના છંદે,
તે જન-મનહર મન-આનંદે;
ભાવે ભવિજન! સાંભળો. (૩)

જંબૂદ્વીપે અયોધ્યાપુર નગર,
ધન કણ કંચન રત્નોએ પ્રવર;
અપર પ્રવર કિલ અમરપુર. ૨ (૪)

કરે રાજ્ય શ્રીઋષભ જિનેશ્વર,
પાપ-તિમિરભર-હરણ દિનેશ્વર;
તેજે તરણિ પરે ત્યાં તપે એ. (૫)

---

८ घ. °विहं। ९ घ. °इं। १० क. समकेउ। ११ क. °हिं। १२ क. पणि कवि कंचणि। १३ क.-पहो। १४ क. तहिं। १५ क. पाव। १६ क. भग। १७ क. कर।

नामि सुनंद सुमंगल देवि,
राय[1] रिसहेसर-राणी बे वि;
रूव-रेहि[2] रति प्रीति जित[3] ॥३॥ [क.६]

[4]बे बेटी जनमी सु नंदन,
तेह जि तिहूयण मन-आनंदन;
भरह सुमंगलदेवि-तणओ। [क.७]

देवि सुनंद-नंदनु[6] बाहूबलि,
भंजइ भिडीयँ[7] महाभड भूयबलि;
अवर कुमर वर वीर घर ॥४॥ [क.८]

पूरव लाख[8] तेणि तेयासी,
राज तणी परि पुहवि पयासी;
जुगि[9] जुग-मारग दाषीउ[10] ए। [क.९]

अवझाउरि[11] भरहेसरु[12] थापीय[13],
तक्षशिला बाहुबलि आपीय[13];
कुमरे अठाणू वर नयर ॥५॥ [क.१०]

---

१ घ. रइ। २ घ. रेह। ३ घ. पर। ४ क. बिंबि। ५ क. तसु। ६ क. न-नंदन। ७ क. भिडउ। ८ घ. लाख त्रिहि त्रि°। ९ घ. जुगि। १० घ. °यओ। ११ क. उवझापुरि। १२ क. °र।

નામે સુનંદા સુમંગલા દેવી,
રાજ ઋષભેશ્વર-રાણી બે ય;
રૂપરેખે રતિ પ્રીતિ જિત. ૩ (૬)

બે બેટી જન્મ્યા સો નંદન,
તેહ જ ત્રિભુવન મન-આનંદન;
ભરત સુમંગલાદેવી-તણો. (૭)

દેવી સુનંદા-નંદન બાહુબલિ,
ભંજે ભિડીને મહાભટ ભુજ-બલે;
અવર કુંવર વર વીર ધર. ૪ (૮)

પૂર્વ લાખ તેણે ત્યાશી,
રાજની પેરે પૃથિવી પ્રકાશી;
જુગે જુગ-માર્ગ દાખ્યો એ. (૯)

અયોધ્યાપુરે ભરતેશ્વર સ્થાપી,
તક્ષશિલા બાહુબલિ આપી;
કુંવર અઠાણું વર નગર. ૫ (૧૦)

---

१३ घ. °पी । १४ घ. °सिला बाहू° । १५ क. अवर अठाणुं ।

दानु दिइ जिणवर भर वच्छेर,
विसय-विरत्त वेहइ संजम-भर;
सुर असुर नरि सेवीउ ए। [क.११]

पर(पुरि)मतालपुरि केवलनाणुं,
तस उपनउं प्रगट प्रमाणूं[5];
जाण हूउं भरहेसरहं ॥६॥ [क.१२]

तिणि[10] खिणि आउधसालइं चक्को,
आवीय अरियण पडिय धसक्को;
भरह विमासइ गहगहीओ[13]। [क.१३]

धन धन हुं धर-मंडलि राओ,[13]
आज पढमजिणवर मुझ ताओ;[13]
केवललच्छि अलंकरीओ[17] ॥७॥ [क.१४]

'पहिलउं' ताय-पाय पणमेसो,
राज-रिद्धि रमिय-फल लेसो;
चक्करयण तव अणुसरउं ॥८॥ [क.१५]

[ध. वाणि १]

---

१ क. दान दियइ। २ क. संवत्सर। ३ ध. °त बहु वरइ। ४ ध. पुरि
अहुरेवरि। क. °इ। ५ ध. °ण। ६ क. °न्नूं। ७ ध. प्रगट

દાન દિયે જિનવર ધર વત્સર,
વિષય–વિરક્ત વહે સંયમ–ભાર;
સુર અસુર નરે સેવ્યો એ. (૧૧)

પુરિમતાલપુરે કેવલજ્ઞાન,
તસ ઉપન્યું પ્રકટ પ્રમાણ;
જાણ થયું ભરતેશ્વરને. ૬ (૧૨)

તે ક્ષણે આયુધશાળાએ ચક્ર,
આવ્યું અરિજન :પડયો પ્રસક્કો;
ભરત વિમાસે ગહગહ્યો. (૧૩)

ધન્ય ધન્ય હું ધરામંડળે રાજ,
આજ પ્રથમ જિનવર મુજ તાત;
કેવલ(લિ)લક્ષ્મી અલંકર્યો. ૭ (૧૪)

પહેલાં તાત–પાદ પ્રણમીશ,
રાજ–ઋદ્ધિ રાજત્વ–ફળ લઈશ;
ચક્રરત્ન તવ અનુસરું. ૮ (૧૫)

[વાણિ ૧].

प्रमाण । ८ क. हुडं । ९ क. °हं । १० क. दिणि । ११ क. °हं । १२ क. भरी° पवीय । १३ क. °उ । १४ क. पहु पहु । १५ क. °णु । १६ क. °ति° । १७ क. °कीयउं । १८ क. पहिलं ।

[घ. अथ] वस्तु ।

चलीय गयवर चलीय गयवर गुहिरे गज्जंत,
हुंफेइं हसमस हणहणइं तरवरंत हय-घट्ट चल्लीय;
पांयल पय-भरि टलटलीय मेरु सेस-सीस-मणिमउड डुल्लीय।

सिउं मरुदेविहिं संचरीय कुंजरि चडीय नरिंद,
समोसरणि सुरवरि सेहिय वंदियं पढमजिणंद ॥१॥ [क.१६]

पढमजिणवर पढमजिणवर-पाय पणमेवि,
आणंदिइं[11] उच्छव करीय चक्करयण वलि वली य पुज्जइ;
गडयडंत गज केसरीय गरूय[13] भीम गज-नादि गज्जइ।
वह्रिरीय अंबर तूर-रवि वलिउं[14] नीसाणे घाउ,
रोमंचियं[15] रिउराय वरि सिरिभरहेसर राउ ॥२॥ [क.१७]

[घ. इति वस्तु ।]

[क. ठवणि १]

प्रह्रि ऊगमि पूरवदिसिहिं, पहिलउं चालीय चक्क × तु ।
धूजीय धरयल थ(घ)रहरईं ए, चलीय कुलाचल-चक्क तु ॥१ [क.१८]

---

१ क. गडीय । २ क. हूं फत्तउ रोसभरि हिणहिणंत हय-थट्ट हल्लीय । ३ क. रहभयभरि । ४ क. °य सेसु । ५ क. सिं° । ६ घ. मरुए° । ७ क. °री चडिउ । ८ घ. सइं° । ९ घ. सहीय । १० घ.

અથ વસ્તુ

ચાલ્યા ગજવર ચાલ્યા ગજવર ગંભીર ગાજતા,
હુંફે હસમસ હણુહણે તરવરતી હય-ઘટા હાલી,
પાયદળ પગભારે ટળટળ્યા, શેષ શીર્ષ મણિ મુકુટ ડોલ્યા;
સાથ મરુદેવીની સંચર્યા કુંજરે ચડીને નરેન્દ્ર,
સમવસરણે સુરવર સહિત વાંદે પ્રથમ જિનેન્દ્ર. ૧   (૧૬)
પ્રથમ જિનવર પ્રથમ જિનવર-પાદ પ્રણમીને,
આનંદે ઉત્સવ કરીને ચક્રરત્ન બલિ બળી ય પૂજે,
ગડગડતા ગજ કેસરી ગરવા ભીમ ગજ-નાદે ગાજે;
બહેરૂં અંબર તૂર-રવે વગ્યો નીશાને ઘાય,
રોમાંચિત ઋતુરાજ પરે શ્રીભરતેશ્વર રાય. ૨   (૧૭)

[ઇતિ વસ્તુ]

[ઠવણિ ૧]

પ્રભાત ઊગ્યે પૂર્વ દિશામાં, પહેલું ચાલ્યું ચક્ર તો;
ધ્રૂજ્યું ધરાતલ થરહરે એ, ચાલ્યું કુલાચલ-ચક્ર તો. ૧ (૧૮)

१ ध. सइंवरि। २ ध. जन। ३ क. गानि। ४ क. °णि। ५ ध. गमगमी। ६ क. °मीय। ७ ध. समी°। ८ क. °स। ९ ध. कमकमी। १० क. धसध° धायइं। ११ ध. धार धावकु। १२ ध. °हुरि।

હવે ઘાત (ત્રૂટક).

વર વરે સ્વયંવર વીર, આરણે સાહસ-ધીર;
મંડલીક મળ્યા જાન, હય-હીંસ મંગલ-ગાન.
હય-હીંસ મંગલ-ગાન ગાજ્યાં, ગગન ગિરિ ગુહા ગમગમી;
ધમધમી ધરાતલ સસી ન શકે, શેષ કુલગિરિ કમકમી.
ધસમસી ધાઈ ધીર ધીબલી, ધીર વીર વિખંડે,
સામંત સમહરે સમહ ન લહે, મંડલીક ન મંડે. ૧ (૧૪૩)

(ધોળ) (ઘાત)

માંડે માથે મહીતલ રાય,
ગાઢી ગજઘટા ઢાળવે એ;
પાડે પિંડી પર પર્વતપ્રાય,
ભટ-ઘડ નટ જેમ નચાવે એ. ૧
કાલ કંકોલ એ કરે કરવાલ,
ઝાઝે ઝૂઝે ઝળહળે એ;
ભાંજે ભટ ઘડા જેમ જમ જાલ,
પંચાનન પરે ગડગડે એ. ૨ (૧૪૪)

ઘાત.

ગડગડે ગજ-દલે સિંહ, થરહરે અકળ અબીહ;
ધડહડી ઘે દલે ધા(ધા)ય, ભડભડે ભટ-ભટવાદ. ૧ (૧૪૫)

---

१३ क. समु। १४ क. °क। १५ क. °ए। १६ ख. °ल। १७ क. °उ। १८ क. टो°। १९ क. °। २० ख. पखियर। २१ क. नरवए। २२ ख. करि°। २३ क. गिरि। २४ ख. °ह। २५ क. आरेपि। २६ क. धसमसीय हय दल धाइं। २७ क. °इं भय। २८ क. °इ।

झडहडई झडु झडिवाइ भुज-बलि, भैयह भूतलि भिंभरी ।
तहिं चंद्रचूडह पुत्र परबलि, अप्पमि वैरइ नरनरी ॥
वसुमतीय नंदन वीर विसमउ, सेल सेंर सुं दिक्खाडए ।
रहु रहु रे ! हणि हणि [हणि] भणंतउँ,[23] अपड पायक पाडए ॥२ [क. १४६]

धउल (घ. घात)

पाडीय सुखेण-सेणावई[13]-दंत, मूँठिहिं हँणी नर नरनरीय ।
सूर-कुमारह रायँ पेखंत, भिरडँए झडु भूय-दंड बेउ ॥१
नयणिहिं[18] निरषीय कुंपीयउ राउ, चक्करयण तँउ संभरइ ए ।
[21]मेल्हइ ए तेह प्रति अति सकसाउ, अनलवेगु[22] तव चिंतवइ ए ॥२ [क. ४७]

हिव घात (क. त्रूटक)

चिंतवईं यँ[23] सुहडह राउ, जोई[24] आजु षूटउं आउ ।
हिव मरण एहूँ[25] जि सीम, रंजवेई[26] चक्रवर्ति[27] जीमें[28] ॥ [क. १४८]
रंजवई चक्रवर्ति जीमे, इमें भणि चक्कें [31]मुट्ठिहिं [32]पुंणि खली,
संचरिउँ[33] सूरउ सूर-मंडलि, चक्क पुहचइ [34]तँहिं वली ॥२
[35]पडिहडीय नंदन[36] चंद्रचूडह, चंद्र-मंडल मोहए,
झलहलीय झालि[37] झमालि, [38]तुट्ठिहिं चक्क तहिं तहिं रोहए ॥३ [क. १४९]

[घ. इति घात]

---

१ क. इं भम झडवाइ भूय°। २. क. भरीय हुइ जिम भींभरी। ३ घ. पूत्रु। ४ घ. °ल। ५ क. अपिड। ६ क. नरवइ। ७ क. वस°। ८ क. °ण। ९ क. °मूं। १० घ. सिर। ११ क. म दिक्खा°। १२ क. °तू। १३ क. °ए। १४ क. पू°। १५ क. निहणीय रणरणीय। १६ क. °उ। १७ क. °ए भू°। १८ घ. °पे। १९ घ. कंपीय। २०

ભડભડે ભટ-ભટવાદ, ભુજબલિ-ભયે ભૂતલ વિહ્વલ;
ત્યાં ચંદ્રચૂડનો પુત્ર, પર-બલ અક્ષમી વરે નરનરી. ૨
વસુમતી-નંદન વીર વિષમો સેલ શર તે દેખાડે;
રહો રહો રે! હણુ હણુ હણુ ભણતાં અપડ પાયક પાડે. ૨(૧૪૬)

(ધોળ) (ઘાત).

પાડી સુષેણ-સેનાપતિ-દાંત, મૂઠિએ હણી નર નરનર્યો;
સૂરકુમારના રાજ પેખતાં, ભરડે ભટ ભુજ-દંડ બેય. ૧
નયણે નિરખી કોપ્યો રાય, ચક્રરત્ન તો સાંભરે એ;
મેલ્હે તેહ પ્રતિ અતિ સકષાય,અનલવેગ તવ ચિંતવે એ. ૨(૧૪૭)

હવે ઘાત (ત્રૂટક).

ચિંતવે સુભટનો રાય, જોઈ આજ ખૂટ્યું આયુ;
હવે મરણ એહ જ સીમ, રંજવે ચક્રવર્તિ જેમ. ૧ (૧૪૮)
રંજવે ચક્રવર્તિ જેમ, એમ ભણી ચક્ર મૂઠીએ પણ ખલે;
સંચર્યો શૂરો સૂર-મંડલે, ચક્ર પહોંચે ત્યાં વળી. ૨
ખડખડી નંદન ચંદ્રચૂડનો, ચંદ્ર-મંડલ મોહે;
ઝળહળી ઝાલ ઝમાલ પૂઠે, ચક્ર ત્યાં ત્યાં રોધે. ૩ (૧૪૯)

ઇતિ ઘાત.

ध. तव संभइ° । २१ घ. मेल्हिए पूठि तउ तीणइं तालि । २२ क. °णो तहिं । २३ घ. °इ सु° । २४ क. जोअई ज । २५ घ. एती सी° । २६ क. °ज[व]ई अ । २७ क. °वत्ति । २८ घ. जेम । २९ क. °ईय । ३० क. °कु । ३१ घ. मूठिइं । ३२ क. खडखली । ३३ घ. रीय सूरह । ३४ घ. तिहिं । ३५ क. खडखडीउ । ३६ क. °ण । ३७ घ. °क । ३८ घ. पूठिइं पुण वि मखनइं ।

[क. घउल]

रोहीउ [1]राउत जाइ पातालि, विज्जाहरें[2]-विज्जाबलिइं[3] ए,
चक्क पहूचई[4] पूठि [5]तिणि तालि, बोलए [6]बंरवीय सहसजक्खो[7] ॥१
रे रे! रहि रहि [8]रूठडउ राउ, [9]जिथु जाइसि तिथुं[10] मारिवउं[11] ए।
तिहूयणि कोइ न अछइ [12]उपाउ, जिम जोषिम जंगि[13] जीविवा ए ॥२

[क. १५० त्रूटक]

जीविवा छंडीय मोहुं[14], मने[15] मरणि मेल्हीयं[16] छोहुं[17]।
समरीयं[18] तु तीणि ठामि, इकुं[19] आदि जिणवर सामि ॥१
इकु आदि जिणवर स्वामि समरीय, वज्र-पंजरि पइस रइ।
नरनरीउं[21] पाषलि फिरीउं[22], तसुं[23] सिरु चक्क लेई[24] उ ओसरइ ॥२
पय-कमल [25]पूंजइं भरह भूपति, बाहुबलि-बल खलभलेई[26]।
तिहिं [27]चक्कपाणिहिं चक्क चमकीउ, कलह-कारणि किलगिलेईं ॥३ [क.५२]

[ध. इति घात]

[क. घउल]

[28]किलगिलइ चक्रधर-सेनें[29] संग्रामि, [[30]बोलए] कवणु सु कैहीइ[31] बाहुबले?।
तउ [32]पोयणपुर-केरउ [33]सामि, बरवई[34] दीसइं[35] दस-गुंणउ[36] ए ॥१
कवण [37]सु चक्रधर? [38]कवण सो जाख? [39]कवणु सु कहीइ ए भरह राउं?
[40]सेनुं संहारीय सोधउं सारवें[41], आजुं[43] [44]मल्हावउं रिसह-वंसो ॥२ [क.१५३]

---

१ ध. सुहड न आए। २ ध. °रि। ३ क °हिं। ४ क. °ए। ५ क. तीणि। ६ क. बल°। ७ ध. °अक्ख। ८ क. कुपीउ। ९ क. °त्थु,। १० क. °त्थु। ११ ध. °उ। १२ क. अपाय जय। १३ क. जीणइ जीवीइ। १४ क. मोह। १५ क. मनि। १६ ध. मेहूली। १७ क. बो(पो)ह। १८ प्र. °य ति°। १९ ध. इक। २० क. °र

(ઘાત).

રોધ્યો રાજપુત(સુભટ) જાય પાતાલે, વિદ્યાધર-વિદ્યા-બલે એ;
ચક્ર પહોંચે પૂઠે તેણે તાલે, બોલે બરવી સહસ યક્ષ. ૧
રે રે! રહે રહે રૂઠ્યો રાય, જ્યાં જાઈશ ત્યાં મારવો એ;
ત્રિભુવને કોઇ ન છે ઉપાય, જેમ જોખમ જગ જીવવા એ. ૨(૧૫૦)

(ત્રૂટક)

જીવવા છંડી મોહ, મન મરણે મેલ્હી ક્ષોભ;
સંભા(સમ)ર તું તેહ ઠામે, એક આદિ જિનવર સ્વામી. ૧
એક આદિ જનવર સ્વામી સમરી, વજ્ર-પાંજરે પેસ રે!;
નરનરીય પાછળ ફર્યો, તસ શિર ચક્ર લેઈય ઓસરે. ૨
પદ-કમલ પૂજે ભરત ભૂપતિ, બાહુબલિ-બલ ખળભળે;
ત્યાં ચક્રપાણિનું ચક્ર ચમકયું, કલહ-કારણે કળકળે. ૩ (૧૫૨)

(ઇતિ ઘાત.)

(ધવલ.)

કળકળે ચક્રધર-સૈન્ય સંગ્રામે, બોલે કવણ તે બાહુબલી?;
તો પોતનપુર-કેરો સ્વામી, બરવે દીસે દસગણો એ. ૧
કોણ તે ચક્રધર? કોણ તે યક્ષ?, કવણ તે કહીએ એ ભરત રાજ?;
સૈન્ય સંહારી શોધું સાખ, આજ મલ્હાવું ઋષભ-વંશ. ૨(૧૫૩)

भणस° । २१ ध. °य । २२ ध. °य । २३ क. तस । २४ ध. °वक्र, क. °ई संचरइ । २५ क. पुज्जइ । २६ ध. –दल° ली । २७ क. चक्रपाणि चमकीय चींति कलयलि । २८ क. कल° । २९ ध. °नु । ३० ध. ° । ३१ क. ° । ३२ ध. पोइ ° । ३३ ध. स्वामि । ३४ ध. °ह । ३५ क. °ए । ३६ क. गणु । ३७ क. सो चक्र रे । ३८ ध. केस रे जाणु । ३९ क. °ण । ४० ध. °ओ । ४१ क. सेन । ४२ क. °प । ४३ क. °ज । ४४ ध. मल्हा° ।

हिव चउपई ।

चंद्रचूड विज्जाहर-राउ,
तिणि वातइं मनि वहइ विसाउ ।
हा कुल-मंडण ! हा कुल-वीर !,
हा समरंगणि साहस-धीर ! ॥१ [क. १५४]

कहीइ कहिनइं [2]किसिउं घणउं ?,
कुल न लजाविउं तइं आपणउं ।
तैइं पुण भरह भलाविउ[4] आप,
भलउं भणाविउ तिहूयणि बापु ॥२ [क. १५५]

सु जि बोलइ बाहूबलि पासि,
देव ! म [6]दुहिलउं हीइ विमासि ।
कहि कुण ऊपरि कीजइ रोसु ?
एहुं जि [7]दीजइ दैवह दोसु ॥३ [क. १५६]

[8]सामीय ! विसमउं[9] करम-विपाउ,
कोइ न छूटइ रंक न राउ ।
कोइ न [11]लोपइ [12]लिहिया लीह,
[13]लाभइं अधिक न ओछा-दीह ॥४ [क. १५७]

---

१ क. विहीव । २ ध केतउं क. घणुं । ३ ध. पइं पणि । ४ ध. °वीय । ५ क. °लु । ६ क. दोहिलुं ईं । ७ ध. °स, क. °ह । ८ क. दैं°

હવે ચોપાઇ.

ચંદ્રચૂડ વિદ્યાધર-રાજ,
તે વાતે મન વહે વિષાદ;
હા કુલ-મંડન ! હા કુલ-વીર !,
હા ! સમરાંગણે સાહસ-ધીર ! ૧ (૧૫૪)

કહીએ કેહ(કહી)ને કિસ્યું (કેતું) ઘણું ?,
કુલ ન લજાવ્યું તેં આપણું;
તેં પણ ભરત ભળાવ્યો આપ,
ભલો ભણાવ્યો ત્રિભુવને બાપ. ૨(૧૫૫)

તે જ બોલે બાહુબલિ-પાસે,
દેવ ! મ દોહિલું હીયે વિમાસે;
કહે કોણ ઉપર કીજે રોષ ?,
એહ જ દીજે દૈવને દોષ. ૩ (૧૫૬)

સ્વામી ! વિષમો કર્મ-વિપાક,
કોઈ ન છૂટે રંક ન રાય;
કોઈ ન લોપે લખીયા(ખ્યા) લેખ,
લાભે અધિક ન ઓછા દીહ(દિવસ). ૪ (૧૫૭)

ही° । ९ घ. स्वामी । १० क. °मु । ११ क. भांजइ । १२ ख. °हीया । १३ क. पामइ ।

भंजउं भूय-बलि भरह नरिंद,
मइं-सिउं रणि नेवि रहइ सुरिंद।
इम भणी[2] बरवइ बावन वीर,
सेलइ समहरि साहस-धीर ॥५ [क. १५८]

धसमस धीर धसइ धडहडइ,
गाजइ गज दलि गुंडि[3] गडयडईं[4]।
जसु भेंइं[5] भड भेंडहडइ[6] भडक्क,
चैंदचूड दडवडई चंड चडक्क ॥६ [क. १५९]

मारइ दोरइ खल दल खणइ,
हेड हणो हणि हय-दल हणइ।
अनलवेग कुण कूंखइं[10] अछइ ?,
इम पचारीयैं[11] पाडइ पछइ ॥७ [क. १६०]

नैरु[12] निरुवइ नरनरइ निनादि,
वीर विणासइ वादि[13] विवादि।
[14]तिन्नि मास एकलउ भिडइ,
तउ पुण पूरउं चक्कह चडइ ॥८ [क.१६१]

चउद कोडि बिद्याधर-सामि,
तउ झूंझइ[15] रतनारी नामि।
दल [16]दंदोलिउं दउढ वरीस,
तउ चक्किइं तसु छेदीय सीसं ॥९ [क. १६२]

---

१ क. न। २ क. °णि बरवीय। ३ क. गिरि। ४ क. °इं। ५ क.

ભાંજુ ભુજ-બલે ભરત નરેંદ,
    સુઝ-રચું રણે નવ રહે સુરેંદ;
ઈમ ભણી બરવે બાવન વીર,
    સેલે સમહરિ સાહસ-ધીર. ૫ (૧૫૮)

ધસમસ ધીર ધસે ધડધડે,
    ગાજે ગજ-દલ ગુડે ગડગડે;
જસ ભયે ભટ ભડભડે ભડકક,
    ચંદ્રચૂડ(દલ) દડવડે ચંડ ચડક્ક. ૬ (૧૫૯)

મારે દારે ખડ(લ) દલ ખણે,
    હેડ હણો હણે હય-દલ હણે;
અનલવેગ કુણ કૂખે અછે ?,
    ઈમ પ્રચારી પાડે પછે(છી). ૭ (૧૬૦)

નર નિરૂપે નરનરે નિનાદે,
    વીર વિણાસે વેર(વાદ) વિવાદે;
ત્રણ માસ એકલો ભિડે,
    તો પણ પૂરૂં ચક્ર જ ચડે. ૮ (૧૬૧)

ઓદ કોડ વિદ્યાધર-સ્વામી,
    તો ઝૂઝે રત્નારિ નામે;
દલ દંદોળ્યું (ઢંઢોળ્યું) દોઢ વરસ,
    તો ચક્રે તસ છેદ્યું શિષ. ૯ (૧૬૨)

सुद्द । ६ क. हड°, घ. °हड्‌ । ७ क. दल । ८ क. °ह जि, घ. °ई वज- वक । ९ घ. का° सड । १० घ. °ष° । ११ घ. °री । १२ घ. वन- निरखु । १३ घ. वयर । १४ घ. त्रिहि । १५ क. झूझइ । १६ घ. दंदोलइ । १७ घ. सीसु ।

[क. रतनचूड विद्याधर धसइ,
गंजइ गय-घड हीयडइ हसइ।
पवनजय भड भरहु नरिंद,
सु जि संहारीय हसइं सुरिंद ॥१६३
बाहुलीक भरहेसर-तणु,
भड भांजणीय भिडीउ घणु।
सुरसारी बाहूबलि-जाउ,
भडिउ तेण तहिं फेडीय ठाउ ॥१६४]
अमितकेत विद्याधर सार[1],
जसु[2] पामीइ न [3]पौरुष पार।
[4]चलीउ चक्र धरवा(वी) जइ अंगि,
[5]चूरिउ [6]चक्कि [7]चडिउ चउरंगि ॥१० [क.१६५]
[8]सयरबंध अनइ वीरह बंध,
मिलीउ समहरि बिहुं-सिउं बंध।
सात मास रहीया रणि बेउ,
गई गहगहीया अपछरा लेउ ॥११ [क. १६६]
सिरिताली दुरिताली नामि,
भिडइं महाबलि बेउ संग्रामि।
बेउ जण आव्या बाथोबाथि,
परभवि पुहता सरसा साथि ॥१२ [क. १६७]

---

१ ख. सामि। २ क. जस। ३ ख. पुरषह। ४ ख. चलीउ चक्क। ५ ख. चूरीउ। ६ क. चक्किहिं। ७ ख. चडीउ। ८ ख. साव्दबंध नइ।

[રત્નચૂડ વિદ્યાધર ધસે,
  ગંજે ગજ-ઘટા હીયડે હસે;
પવનજય ભટ ભરત નરેંદ્ર,
  તે જ સંહારી હસે સુરેંદ્ર. ૧૯૩

બાહુલીક ભરતેશ્વર-તણો,
  ભટ ભાંજણો ભિડયો ઘણો;
સુરસારી બાહુબલિ-જાત,
  ભિડ્યો તેણે ત્યાં ફેડ્યું ઠામ. ૧૯૪]

અમિતકેતુ વિદ્યાધર-સાર,
  જસ પામીએ ન પૌરુષ પાર;
ચાલ્યો ચક્ર ધરવા જઈ અંગે,
  ચૂર્યો ચક્રે ચડયો ચતુરંગે. ૧૦ (૧૯૫)

સમર(શબ્દ)-બંધ અને વીરબંધ,
  મળ્યો સમરે બેહુ-શું બંધ;
સાત માસ રહ્યા રણે બેઉ,
  ગઇ ગહુગહી અપચ્છરા લેઇ. ૧૧(૧૯૬)

શ્રીતાલી દુરિતાલી નામે,
  ભિડે મહાબલે(લી) (ભટ) સંગ્રામે;
બેઉ જણુ આવ્યા બાથોબાથિ,
  પર-ભવે પોહોત્યા સરસા સાથે. ૧૨ (૧૯૭)

---

९ ख. बिहडं-सु। १० घ. ते रहीया बेउ। गहगहीआ ते अपछर बेऊ।
११ क. सिर॰। १२ घ. दुर॰। १३ क. ॰भड। १४ क. आव्या बर-
वहं। १५ घ. शिवपुरि। १६ घ. मिलीया।

महेंदचूड रथचूड नरिंद,
झूझइं हडहड हसइं सुरिंद।
हाकइं ताकइं तुलपइं तुलइं,
ओठि मासि जई जैम[3]–पुरि मिलइं ॥१३ [क.१६८]

दंड लेई धसीउ मेरुदादि,
भरह[6]–पूत्रु नरनरह निनादि।
गजीउ गंजु बाहूबलि–तणउ,
[8]वंसु मल्हाविउ तिणि आपणउं[10] ॥१४ [क.१६९]

सिंहरथ ऊठिउं[11] तउ हाकंत,
[12]अमितगति झंपिउ[13] आवंत।
तिन्नि मास धड धूजिउं जासु[14],
भरहराउ–मनि [15]वासिउ वासु ॥१५ [क.१७०]

[16]अमिततेज प्रतपइ तहिं तेजि,
[17]सिउं सारंगिइं मिलिउ हेजि[18]।
धाइं[19] धीर हणइं[20] बेउं[21] बाणि,
एक मासि[22] नीवड्या [23]निरवाणि ॥१६ [क. १७१]

कुंडरीकु भरहेसर–जाउ,
[24]भैंड भिडतां नवि पाछउ पाउ।

---

१ ध. कइ ताकइं कइ तल°। २ ध. आठ मास। ३ क. जिम। ४ ध. लेउ। ५ क. गुर°। ६ क. भरतपूत °नइ। ७ क. बलि। ८ क. °स। ९ क. ती°। १० क. °णु। ११ क. °ठीउ हा°। १२ ध.

મહેંદ્રચૂડ રથચૂડ નરેંદ્ર,
ગૂઝે હડહડ હસે સુરેંદ્ર;
હાકે તાકે તલપે તુલે,
આઠ માસે જઇ જમ-પુરિ મળે.૧૩ (૧૬૮)

દંડ લેઇ ધસીઓ(સ્યો) મરુદ્દાહ,
ભરત-પુત્ર નરનરે નિનાદ;
ગંજીઓ ગજ બાહુબલિ-તણો,
વંશ મલ્હાવ્યો તેણે આપણો. ૧૪ (૧૬૯)

સિંહરથ ઊઠ્યો તો હાકંત,
અમિતગતિ ઝંપ્યો આવંત;
ત્રણ માસ ધડ ધૂજ્યું જાસ,
ભરતરાય-મન વાસ્યો વાસ. ૧૫ (૧૭૦)

અમિતતેજ પ્રતપે ત્યાં તેજે,
સાથ સારંગે મળીઓ(ળ્યો) હેજે;
ધાઇ ધીર હણે બેઉ બાણે,
એક માસે નીવડ્યા નિરવાણિ. ૧૬ (૧૭૧)

કુંડરીક ભરતેશ્વર-જાત,
ભટ ભિડતાં નવ પાછો પાદ(ય);

अमृत° । १३ ख. झंपीउ । १४ क. °स । १५ ख. वासीउ । १६ ख. अमृत° । १७ ख. °जु राउ सिउं रं° । १८ ख. °लीउं हेजु । १९ ख. धाईय धीर । २० ख. °ह । २१ क. बे । २२ ख. मासमी विया । २३ क. नीयाणि °क । २४ क. अस मह भवत न ।

[1]ट्टं ट्टं दलि बाहूबलि रा[2]उ,
तउ पै[3]य-पंकइ प्रणमीय तौ[4]उ ॥१७ [क. १७२]

सू[5]रिज सोम सँमर हाकंत,
मिलि[6]या तालि तोमर ताकंत ।
पँ[7]च बरस भंडु मेलीये घाइ,
नीय नीय ठामि लिंवारिआ राइ ॥१८ [क. १७३]

इकि[1] चूरइं इकि[1] चंपइं[12] पाइ[13],
एकि[11] डारइं[12] एकि[11] मारइं[12] घाइ ।
झँलझलंत झूझइ [14]श्रेयांस,
धँनु धनु रिसहेसरनुं वंस ॥१९ [क. १७४]

सँकमारी भरहेसर-जाउ,
रण-रसि रोपइ पहिलउ पाउ ।
गिणइ न गांठइ गज-दल हणइ,
रण-रसि धीर धुणावइ धुणइ ॥२० [क. १७५]

[क. वीस कोडि विद्याधर मिली,
ऊठिउ सुगति नाम किलिगिली ।
सिवनंदनि-सिउं मिलीउ तालि,
बासठि दिवसि बिहुं जम जालि ॥१७६]

---

१ क. इवडीय । २ क. राय । ३ ध. पंकवि पणमीउ । ४ क. ताव । ५ ध. समहरि । ६ ध. मिलीया तास तास । ७ ध. पंच, क. बरिस ।

દ્રૈં દ્રૈં હલે બાહુબલિ રાજ,
　　તો પદ-પંકજે પ્રણમ્યો તાત. ૧૭ (૧૭૨)

સૂર્ય સોમ સમરે હાકંત,
　　મળ્યા તાલે તોમર તાકંત;
પાંચ વરસ ભટ ભેળ્યા ઘાય,
　　નિજ નિજ ઠામે નિવાર્યા રાયે. ૧૮ (૧૭૩)

એક ચૂરે એક ચાંપે પાય,
　　એક ડારે એક મારે ઘાય;
ઝળહળતો ઝૂઝે શ્રેયાંસ,
　　ધન્ય ધન્ય ઋષભેશ્વરનો વંશ. ૧૯ (૧૭૪)

સુકુમારી ભરતેશ્વર-જાત,
　　રણ-રસે રોપે પહેલો પાય;
ગણે ન ગાંઠે ગજ-દલ હણે,
　　રણ-રસે ધીર ધુણાવે ધુણે. ૨૦ (૧૭૫)

[વીશ ક્રોડ વિદ્યાધર મળી,
　　ઊઠ્યો સુગતિ નામ કળકળી;
શિવ-નંદન સાથ મળ્યો તાલે,
　　બાસઠ દિવસે બેહુ જમ જાલે. ૧૭૬]

---

८ क. भर। ९ ध. मेल्या घाइं। १० ध. लिवार्या। ११ धं. इक। १२ ध. इ। १३ क. °थ। १४ ध. झलह°। १५ क. सेयंस। १६ ध. धन धन धन। १७ ध. °हेस वंस। १८ ध. हुक्कारी। १९ ध. °क धाउ। १९ क. घ°।

कोपि चडिउ[1] चलिउ[2] चक्रपाणि,
मारउं वयरी वा(बा)णि[3]-विनाणि ।
मंडी[4] रहिउ बाहूबलि राउ,
भंजउं भणइ भरह-भडि(ड)[5]वाउ ॥२१ [क. १७७]

बिहुं दलि वाजी रणि काहली,
खल दल खोणि[6] खे खलभली ।
धूजइं[7] ध्रसकीय धर[8] थरहरइ,[9]
वीर वीर-सिउं सैंयंवर वरइं ॥२२ [क. १७८]

ऊडीय[10] खेह न सूझइं[11] सूर,
नवि जाणीइ[12] सैंवार[13] असूर ।
पडइं[14] सुहड भड धायइं[15] घसी,
हणइ हणो हणि हाकइं[16] हसी ॥२३ [क. १७९]

गैंडयडइं[17] गय-घड ढींचा ढलइं,
मूनासणीं[18] तुरंग तरवरइं ।
वाजइं धणुही[19]-तणा धोंकार,
भाजइं भिडत न भेडीगार ॥२४ [क. १८०]

वहइं रुहिर-नइ सिरवर तरइं,
री-रीयाटि[20] रणि राषस करइं ।

१ घ. °डीउ । २ घ. चली° । ३ क. बाण । ४ घ. मंकी । ५ क. भडि° । ६ घ. सबदि । ७ घ. धूजी, क. ध° । ८ क. धर । ९ क.

કોપે ચડ્યો ચાલ્યો ચક્રપાણિ,
    મારું વૈરી બાણુ-વિજ્ઞાને;
મંડી રહ્યો બાહુબલિ રાજ,
    ભંજું ભણે ભરત-ભટવાદ. ૨૧ (૧૭૭)

બેહુ દળે વાગી રણુ-કાહલી,
    ખલ દલ ક્ષોણિ ખે(શબ્દે) ખળભળી;
ધૂજે ધ્રસકી ધરા થરહરે,
    વીર વીર-શ્યું સ્વયંવર વરે. ૨૨ (૧૭૮)

ઊડી ખેહ ન સૂઝે સૂર,
    નવ જાણીએ સવાર અસૂર(અસવારનું પૂર);
પડે સુભટ ધડ ધાયે ધસી,
    હણે હણો હણ હાકે હસી. ૨૩ (૧૭૯)

ગડગડે ગજ-ઘટા ઢીંચા ઢળે,
    શૂન્યાસના તુરગ તરવરે(મલ તુલે);
વાજે ધનુષ્ય-તણા ધોંકાર,
    ભાજે ભિડત ન ભેડીગાર. ૨૪ (૧૮૦)

વહે રુધિર-નદી શિરવર તરે,
    રી-રીઆટ રણે રાક્ષસ કરે;

°इं। १० घ. सइंवरि । ११ घ. °डी घे° । १२ घ. °इं । १३ घ. असवारह पूर। १४ घ. °इ । १५ घ. धाइ । १६ क. गडयड, घ. गडयडइं। १७ क. °मा। १८ क. °रंग मल तुलइं। १९ घ. धनुही धों°। २० घ. °आट।

हाकइ हय-दलि[1] भरह नरिंद,
तु साहसु[2] [स]लहइ सग्गि सुरिंद ॥२५ [क.१८१]

[क. भरह-जाउ सरभु संमामि,
गांजइ गज-दल आगलि सामि ।
तेर दिवस भड पडीउ घाइ,
धूणी सीस बाहूबलि राइ ॥१८२]

[3]तीहं प्रति जंपइ सुरवर सार,
देषी एवडु भड-संहार ।
कांइं[5] मरावउ तम्हिं इम जीव ?,
पडसिउ नरकि[7] करंता रीव ॥२६ [क.१८३]

[8]गय उतरीया बंधव बेउ,
मोनिउं वयण सुरिंदह तेउ ।
पइसइं मल्लोषाडइ[11] वीर,
गिरिवर-पाहिं[12] सबल सरीर ॥२७ [क. १८४]

वचन-झूझि भेडु[13] भरहुं[14] न जिणइ,
दृष्टि-झूझि हारिउं [15]कुणइ कुणइ ।
[16]दंड-झूझि झड झंपीउं[17] पडइ,
बाहु पासि पडिउँ[18] तडफडइ ॥२८ [क. १८५]

---

१ क. हय-दल हाकइ । २ ध. °स । ३ ध. तहिं । ४ ध. °ह जीव- । ५ क. °इ । ६ ध. तह्मे जीव पहि° । ७ ध. °गि । ८ क.

હાંકે હય-દલ ભરત નરેંદ્ર,
તો સાહસ શ્લાઘે સ્વર્ગે સુરેંદ્ર. ૨૫ (૧૮૧)

[ભરત-જાત શરભ સંગ્રામે,
ગાંજે ગજ'-દળ આગળ સ્વામી;
તેર દિવસે ભટ પડ્યો ઘાએ,
ધૂણ્યું શિષ બાહુબલિ—રાયે. ૧૮૨]

તેહ પ્રતિ જંપે સુરવર સાર,
દેખી એવડો ભટ-સંહાર;
કેમ મરાવો તમ્હે ઈમ જીવ ?,
પડશો નરકે કરતા રીવ. ૨૬ (૧૮૩)

ગજથી ઊતર્યા બંધવ બેઉ,
માન્યું વચન સુરેંદ્રનું તે ય;
પેસે મલ્લ-અખાડે વીર,
ગિરિવર-પ્રાય સબલ શરીર. ૨૭ (૧૮૪)

વચન-યુદ્ધે ભટ ભરત ન જિતે,
દૃષ્ટિ-યુદ્ધે હાર્યો કુણકુણે;
દંડ-યુદ્ધે ઝટ ઝંપ્યો પડે,
બાહુ-પાસે પડ્યો તડફડે. ૨૮ (૧૮૫)

गज ऊतारीय। ९ ध. मानी। १० ध. मनिहं सिउं। ११ क. माला-खाडइ। १२ क. °पाहिइं। १३ क. मड। १४ ध. °ह। १५ क. कुणकणइ। १६ क. दंडि। १७ क. °य। १८ प. °डीउ।

गूडा-समउ धरणि-मझारि,
गिउ बाहूबलि मुष्टि-प्रहारि ।
भरह सबल तैहिं[2] तीणइं घाईं[3],
कंठ-समाणउ भूमिहिं जाइ ॥२९ [क. १८६]
कुपीउ भरह छ-खंडह धणी,
चक्क[4] पठावइ भाई भणी ।
पाखलि[5] फिरीथि[6] सु वलीउं जाम,
करि बाहूबलि धरिउं[7] ताम ॥३० [क. १८७]
बोलइ बाहुबलि[8] बलवंत,
लोह-खंडि नउं गरविउ[9] हुंत ! ।
चक्र[10]-सरीसउ चूनउ करउं,
सयलहं[11] गोत्रह साल[12] संहरउं ॥३१ [क. १८८]
तउ[13] भरहेसर चिंतइ चीति,
मइं पुण लोपी[14] भाई-रीति ।
जाणउं चक्र[10] न गोत्री हणइ,
माम महारी [15]हिव कुण गिणइ ? ॥३२ [क. १९०]
तउ[13] बोलइ बाहूबलि राउ[16],
भाईय ! [17]मनि म म [18]धरिसि विसाउ ।
तइं जीतउं मइं हारिउं भाइ !,
अम्ह सरणि[19] रिसहेसर-पाये[20] ॥३३ [क. १९१]

१ क. °मु । २ क. तइं । ३ ख. ठाइ । ४ ख. चक्र । ५ ख. °बलि । ६ क. फिरी । ७ ख. °रीउं । ८ ख. बाहू° । ९ क. °बीउ

ગૂડાસમો ધરણિ-મઝારે,
ગયો બાહુબલિ મુષ્ટિ-પ્રહારે;
ભરત સબલ ત્યાં તેના ઘાએ,
કંઠ-સ(પ્ર)માણો ભૂમિમાં જાય. ૨૯ (૧૮૬)

કોપ્યો ભરત છ-ખંડનો ધણી,
ચક્ર પાઠવે ભાઈ ભણી;
પાછળ ફરીને તે વળ્યું જ્યાં ચ,
કરે બાહુબલિએ(લે) ધર્યું ત્યાં ચ. ૩૦ (૧૮૭)

બોલે બાહુબલિ બલવંત,
લોહ-ખંડે તું ગર્વિત હું(હં)ત !;
ચક્ર-સહિત(સદૃશ) ચૂર્ણ કરું,
સકળ ગોત્રનું શલ્ય સંહરું. ૩૧ (૧૮૮)

તો ભરતેશ્વર ચિંતે ચિત્તે,
મેં પણ લોપી ભાઇ-રીતિ;
જાણું ચક્ર ન ગોત્રી હણે,
મામ મ્હારી હવે કુણ ગણે ?. ૩૨ (૧૯૦)

તો બોલે બાહુબલિ રાય,
ભાઇ ! મને મ મ ધરીશ વિષાદ;
તેં જીત્યું મેં હાર્યું ભાઈ !,
અમ્હ શરણ ઋષભેશ્વર-પાય(તાત). ૩૩(૧૯૧)

हंत। १० प. चक्क-। ११ प. एकगोत्र। १२ क. कुक। १३ क. तु। १४ क. पीय मांईय मीति। १५ प. चक्क। १६ प. कुन हिव। १७ क. एम। १८ प. माई मन म°। १९ क. चर°। २० क. करत। २१ प. ताव।

[ध. वाणि ६]

[क. ठवणि १४]

तउ तिहिं ए चिंतइ राउ,
चडिउ संवेगिइं बाहुबले ।
दूहविउं ए मइं वेड[उ] भाउ,
अविवेकिइं अणविमासीउं ए ॥१ [क. १९२]

"धिग धिग ! ए एय संसार,
धिग धिग ! राणिम राज-रिद्धि ।
एवडु ए जीव-संहार,
कीधउ कुंण विरोध--वसि ? ॥२[क. १९३]

कीजइ ए कहि कुण काजि ?,
जेउ पुण बंधव आंदरइं ए ।
काजुं न ए ईणइं राजि,
घरि पुरि नयरिइं[12] मंदिरइं ए ॥३[क. १९४]

सिरि[13] वरि ए लोच करेउ ,
कासगि रहीउ बाहुबले ।
अंसूइं[14] ऐ[15] [16]अंखि भरेउ,
तैंस पय पणमेंए भरह भडो ॥४ [क. १९५]

---

१ ध. °वीउ । २ क. वडु माय । ३ क. अविमासिइं अविवेकवंति ।
४ ध. धिगु धिगु । ५ ध. राजु । ६ ध. °डा । ७ ध. कुणव विरोधि--

[વાણિ ૬]

[ઠવણિ ૧૪]

તો ત્યાં એ ચિંતે રાય,
      ચડ્યો સંવેગે બાહુબલી;
ફ્હ્રણ્યો એ મેં વડો ભાઈ,
      અવિવેકે અણુવિમાસ્યું એ. ૧ (૧૯૨)

ધિગ્ ધિગ્ ! એ એહ સંસાર,
      ધિગ્ ધિગ્ ! રાણિમ રાજ-રિદ્ધિ;
એવડો એ જીવ-સંહાર,
      કીધો કોણ(ક્યા) વિરોધ વશે ? ૨ (૧૯૩)

કીજે એ કહે કોણ કાજે ?,
      જો પણ બંધવ આદરે એ;
કાજ નહિ એ એવા(હ) રાજ્યે,
      ઘરે પુરે નગરે મંદિરે એ. ૩ (૧૯૪)

શિર પર એ લોચ કરી,
      કાઉસ્સગ્ગે રહ્યો બાહુબલી;
આંસુએ એ આંખ ભરી,
      તસ પદ પ્રણમે ભરત ભટો. ૪ (૧૯૫)

चिउ ए। ८ घ. °ई। ९ घ. तउ। १० घ. आवटइ, क. आवरई।
११ क. काज, ख. नई। १२ क. °रि न मंदिरिहिं। १३ घ. सिर।
१४ क. °इ। १५ क. °उ। १६ घ. °घि। १७ घ. तव। १८ ख. °ई।

बंधव ! ए कांइ न बोल ?,
ए अविमांसिउं मइं कीउं ए।
मेल्हि म ए भाई निटोल,
ईणि भवि मेहूलि म एकलउ ए ॥५ [क. १९६]

कीजइ ए आजु पसाउ,
छंडिने छंडिनै छयैल ! छलो।
हीयडइ ए म धरि विसाउ,
भाईय अम्हे वैरांसीया ए ॥६ [क. १९७]

मानई ए नवि [9]मुनिराउ,
मौन न [10]मेल्हइ मानवी ए।
[11]मेल्हई ए नै[12] हु नीय माण,
बैरस दिवस निरसण रहइ ए[15] ॥७ [क.१९८]

[क. बंभीउ ए सुंदरि बेउ,
आवीय बंधव बूझवइं ए।
ऊतरि ए माण--गयंद,
तु केवलिसिरि अणसरइ ए ॥१९९]

ऊपनूं[16] ए केवलनाण,
[17]तउ विहरइ रिसहेस-सिउं[18] ए ॥८

---

१ क. पां°, ख. °बू। २ ख. मेहूलि। ३ ख. °य। ४ क. हुं [illegible]
[illegible]। ५ ख. म। ६ ख. [illegible]। ७ ख. माई [illegible]। ८ क. पि°।

બંધવ ! એ કાંઈ ન બોલ ?,
    એ અભિમાનસ્યું મેં કર્યું એ;
મેલ્હ મ એ ભાઈ નિટોલ(નઠોર),
    આ ભવે મેલ્હ મ એકલો એ. ૫ (૧૯૬)

કીજે એ આજ પસાય,
    છંડ ને છંડ ને છેલ ! છળો;
હીયડે એ મ ધર વિષાદ,
    ભાઈ અમ્હે વરાંસ્યા એ. ૬ (૧૯૭)

માને એ નવ મુનિ-રાજ,
    મોન ન મેલ્હે માનવી એ;
મેલ્હે એ નહિ નિજ માન,
    વરસ દિવસ નિરશન રહે.એ. ૭(૧૯૮)

[બ્રાહ્મી એ સુંદરી બેઉ,
    આવીને બંધવ બૂઝવે એ;
ઊતરે એ માન-ગજેંદ્ર,
    તો કેવલિ(લ)શ્રી અનુસરે એ. ૧૯૯]

ઊપન્યું એ કેવલજ્ઞાન,
    તો વિહરે રાષભદેવ-સ્યું એ. ૮

---

९ ख. मणि । १० ख. मेल्हइं । ११ क. मणवीय । १२ क. [illegible] । १३ क. वीण म हु । १४ ख. वरिस । १५ क. रहीय । १६ ख. °वडं । १७ क. हु । १८ क. °ई ।

आवीउ ए भरह नरिंद,
सिउं परगहि (रि) अवशापुरी ए ॥ [क. २००]

हरषीऊ ए हीयइ सुरिंद,
आपण-पइं उच्छव करई ए ॥९
वाजई ए ताल कंसाल,
पडह पखाउज [धंम]धमइं ए ॥ [क. २०१]

आवई ए आयुधसाल,
चक्करयण तर्उ रंग--भरे ॥१०
संख न ए जसु केकाण,
गय--घड रहवर राणिमह[१०] ।[१] [क. २०२]

देस विसिइं वरतई आण,
भड भरहेसर गहगहइ ए ॥११
रायह ए गच्छ--सिणगार,
वयरसेणसूरि--पाटधरे[3] ॥ [क. २०३]

गुण-गणहं[१४] ए तणउ[१५] भंडारु[१६],
सालिभद्रसूरि जाणीइ ए ॥१२
कीधउं ए[१७] तीणि चरित्रु,
भरहनरेसर रासु[१८]--छंदिइं ॥ [क. २०४]

---

१ ध. °वइं । २ घ. °उरिं । ३ क. हरिषीया ए हीइ । ४ क.

આવ્યો એ ભરત નરેંદ્ર,
સહ પરિકરે અયોધ્યાપુરી એ. (૨૦૦)

હરખ્યો(ખ્યા) એ હીયે સુરેંદ્ર,
આપણુ પેં ઓચ્છવ કરે એ; ૯
વાજે એ તાલ કંસાલ,
પટહ પખાઉજ [ધમ]ધમે એ; (૨૦૧)

આવે એ આયુધશાલ,
ચક્રરત્ન તવ રંગ-ભરે. ૧૦
સંખ્યા ન એ જસ કેકાણ,
ગજ-ઘટા રથવર રાણિમની; (૨૦૨)

દસ દિશે વર્તે આણુ,
ભટ ભરતેશ્વર ગહગહે એ. ૧૧
રાજના એ ગચ્છ-શણગાર,
વજ્રસેનસૂરિ-પટ્ટધર; (૨૦૩)

ગુણ-ગણો એ તણા ભંડાર,
શાલિભદ્રસૂરિ જાણીએ એ. ૧૨
કીધું એ તેણે ચરિત્ર,
ભરતનરેશ્વર રાસ—છંદે; (૨૦૪)

°हं। ५ घ. पषा°। ६ क. गमगमहं। ७ घ. माउघ°। ८ घ. तव। ९ क. जस। १० क. °हं। ११ घ. दह दि° ए। १२ क. °ए। १३ क. °रो। १४ क. °हं। १५ क. तणु। १६ क. °र। १७ घ. [illegible]। १८ क. राउ छंदि।

जो पढइ ए वसहं-वदीत,
सो नरो नितु नव निहि लहइ ए ॥१३
[क. संवत ए बार एकतालि [१२४१],
फागुण पंचमिइं एउ कीउ ए ॥ २०५]

[क. इति भरतेश्वर-बाहुबलि-रास श्रीसालिभद्रसूरिकृतः समाप्तः॥
श्लोक-संख्या २४० ॥छ॥

विमलमतिगणि-विलोकनाय। कल्याणं भूयाच्चिरं नंदतु या[व]-
च्चंद्र-रवी ॥]

[ख. इति भरथेश्वर-बाहुबलिरास समाप्तमिति ॥छ॥ शुभं भवतु ॥]

---

१ ख. विसोहि । २ ख. नइ ।

જે પઢે એ વસુધા-વિદિત,
તે નર નિત્ય નવ નિધિ લહે એ. ૧૩
[ક. સંવત એ બાર એકતાલિ (૧૨૪૧),
ફાગણ પંચમીએ એહ કર્યું એ. ૨૦૫]

[અનુવાદક-પ્રશસ્તિ]

વીસા શ્રીમાલિ-વંશેંદુ, ગાંધી જૈન પ્રસિદ્ધ તે;
ભગવાન્-શ્રેષ્ઠિના પુત્રે, લાલચંદ્રે પ્રમોદથી. ૧
જન્મભૂમિ સુરાષ્ટ્રેથી, ધર્મ-ગુરુ-પ્રસાદથી;
વારાણસી વસી વર્ષો, વિદ્યા ગ્રહી સુયોગથી. ૨
વિદ્વદ્-વત્સલ વિખ્યાત, સયાજીરાવ રાજના;
વટપદ્રે કરી વાસ, શ્રીમંતના સુરાજ્યમાં. ૩
સંવત્ એ ઓગણીશ સો, ચોરાશી (૧૯૮૪) શુભ વર્ષમાં;
વૈશાખી પૂર્ણિમા સારી, પૂર્ણ હર્ષ પ્રસારવા. ૪
કાવ્ય પ્રાચીન ભાષાનું, અર્વાચીને પ્રબોધવા;
કર્યો ઉદ્યમ ઉત્સાહે, છાયાનુવાદ ધારશો. ૫
સજ્જનો ! હંસના જેવા, વિવેકથી સુધારશો;
ગિરા ગૂર્જર-સાહિત્યે, સમૃદ્ધિને વધારશો. ૬

ભરતેશ્વર-બાહુબલિ-રાસ
છાયાનુવાદ સમાપ્ત.

પરિશિષ્ટ—વિદ્વાનોના અભિપ્રાયો

પ્રાકૃતભાષાની ઉપયોગિતા (એક મનનીય નિબંધ)

લેખક: પં. લાલચંદ્ર ભગવાન્દાસ ગાંધી.

સં. ૧૯૮૮માં પ્રકાશિકા—શ્રીજૈનધર્મપ્રસારક સભા, ભાવનગર

[જૈન, પ્રબુદ્ધ જૈન, જૈન જ્યોતિ, જૈનધર્મપ્રકાશ, આત્માનંદ—પ્રકાશ, નવગુજરાત, પુસ્તકાલય, કૌમુદી આદિ અનેક સાપ્તાહિક, માસિક સામયિકોમાં પ્રકાશિત થયા સિવાયના]

(૧)

પ્રાકૃતશબ્દમહાર્ણવ(પાઇઅસદ્દ—મહણ્ણવો) ના કર્તા, પ્રાકૃત, સંસ્કૃત સંખ્યાબંધ મહત્ત્વના ગ્રંથોના સંપાદક, કલકત્તા—વિશ્વવિદ્યાલયના પ્રાકૃતાદિ ભાષાના અધ્યાપક, ન્યાય—વ્યાકરણતીર્થ સ્વ૦ પંડિત હરગોવિંદદાસ ત્રિકમચંદ શેઠે કલકત્તાથી તા. ૧૨—૪—૩૩ ના લેખક પરના પત્રમાં જણાવ્યું હતું કે—

“પ્રાકૃતભાષાની ઉપયોગિતા વાંચી ગયો. સંક્ષેપમાં સુન્દર નિબન્ધ રચાયેલ છે. આ દિશામાં આપનો આ પ્રયત્ન સ્તુત્ય છે. પ્રાકૃતના શરૂઆતના અભ્યાસી માટે જોઇતી બધી આવશ્યક માહીતી આ નિબન્ધમાં આપે પૂરી પાડેલ છે.”

(૨)

ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિરાજ શ્રીન્યાયવિજયજી મહારાજે વડોદરામાં ૨૨—૨—૩૩ ના પત્ર દ્વારા સૂચવ્યું હતું કે—

"પંડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી અમારા લાંબા વખતના સોબતી ગણાય, પણ નિષ્પક્ષપણે હું જણાવી શકું કે-તેઓ સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યના મહાન્ પંડિત છે. ઐતિહાસિક વિષયમાં તેમની શોધન અને સ્મરણશક્તિ બહુ જબરદસ્ત છે. તેમનું બહુશ્રુતત્વ અને અભ્યાસ-પ્રાચુર્ય જેટલું વિશાળ છે તે પ્રમાણમાં તેમનું 'પ્રાકૃતભાષાની ઉપયોગિતા' ટ્રેક્ટ અલ્પ અને સંક્ષિપ્ત ગણાય. છતાં સંક્ષિપ્ત મર્યાદાના ધોરણ પર જેટલું આલેખન થયું છે, તે મહત્ત્વપૂર્ણ અને વિદ્વત્સમુદાયના મ્હોટા વિભાગને અનેક નવીન અર્પવામાં સફળ સાધન-સમ્પન્ન છે. આશા રાખીએ કે પંડિતજી આ દિશામાં પોતાનો વિશેષ પ્રકાશ પાથરી તે દિશાના જિજ્ઞાસુ જગતને વિશેષ આભારી કરશે."

(૩)

ભાવનગર—શ્રીજૈનધર્મ-પ્રસારક સભાના પ્રમુખ ધીમાન્ શ્રીમાન્ શેઠ કુંવરજીભાઈ આણંદજીએ તા. ૨૨-૬-૩૨ ના પત્રમાં લખ્યું હતું કે—

"આ લેખમાં તમારો પ્રયાસ એટલો પ્રશંસનીય છે કે-તે માટે પત્રમાં શું લખું ?"

(૪)

જૈનલેખસંગ્રહ (ભા. ૧ થી ૩) આદિના સંપાદક ઇતિહાસપ્રેમી સાક્ષર શ્રીમાન્ સ્વ. બાબૂજી પૂરણચંદજી નાહર એમ. એ. બી. એલ. વકીલ હાઇકોર્ટ, કલકત્તા એમણે તા. ૭-૧૧-૩૨ ના પત્રમાં જણાવ્યું હતું કે—"सभा की ओर से प्रकाशित 'प्राकृत भाषानी उपयोगिता' नामक पुस्तिका मिली, तदर्थ धन्यवाद है। प्रस्तुत ग्रंथ के लेखक पं. लालचंद्रजी भगवानदासजी गांधी हैं। आपने भावनगरमें संस्कृत पाठशाला के इनामी मेलावडेमें यह निबन्ध भाषणरूपमें पढा था और

उसे शोधित और परिवर्द्धित करके पुस्तकाकारमें प्रकाशित किया है। पं. लालचंद्रजी जैनियों में एक होनहार विद्वान् हैं और बहुत से ग्रन्थों का सम्पादन और प्रकाशन किये हैं अपने जैनागम और प्राचीन साहित्यके लिये यह भाषा कहां तक उपयोगी है और हो सकती है यह उनका निबन्ध आद्योपान्त पढनेसे अनायास उपलब्ध हो जाता है। पुस्तक में आपने प्राकृत भाषाकी उपयोगिता पर जो प्रकाश डाला है वह वास्तवमें आपकी विद्वत्ताका पूर्ण परिचय देता है। इसमें प्राकृत भाषाकी व्यापकता, सरसता, मृदुता आदि विशिष्टता दिखाते हुए उसकी उत्पत्तिके विषयमें भी प्रकाश डालनेका प्रयत्न किये हैं और जैन सिद्धान्तकी रचना प्राकृतमें होनेका हेतु भी दिखाये हैं। इनके अतिरिक्त अलंकार, नाट्य, व्याकरण आदिमें प्राकृतभाषा का स्थान भी सूचित किया गया है। पुस्तक सर्व प्रकार से उपयोगी है और गुजराती अक्षर और भाषा केबदले यदि देवाक्षर और हिन्दी भाषामें यह प्रकाशित होती तो इसकी उपयोगिता और भी अधिक होती, ऐसा मेरा अभिप्राय है।"

(५–७)

વિદ્વાન્ મુનિરાજ શ્રીદર્શનવિજયજી, જ્ઞાનવિજયજી અને ન્યાયવિજયજીએ આગ્રાથી તા. ૧૨–૧૧–૩૨ ના સંયુક્ત પત્રમાં—

" પ્રાકૃતભાષાની ઉપયોગિતા નિબંધ મળ્યો, વાંચી આનંદ. આ નિબંધ લખવામાં પંડિતરત્ન શ્રીયુત લાલચંદ્રભાઇ ભગવાનદાસે ઘણી સારી મહેનત ઉઠાવી છે. નિબંધ વાંચતાં તેમની બહુશ્રુતતા, અને પાંડિત્યનું ભાન થાય છે. પંડિતજીએ અનેક પ્રાચીન પ્રાકૃત

ગ્રંથોના વાંચનના આધારે દોહનરૂપ આ નિબંધ તૈયાર કર્યો છે. અને પ્રાકૃતભાષાની ઉપયોગિતા બરાબર સિદ્ધ કરી છે. પ્રકૃતિમધુર પ્રાકૃતભાષામાં માધુર્ય, લાલિત્ય, ગાંભીર્ય અને રસાર્દ્રતા છે, તે બતાવવા માટે ખરેખર ખૂબ પ્રયત્ન ઉઠાવ્યો છે અને પંડિતજી તેમાં સંપૂર્ણ સફલ થયા છે.

'પ્રાકૃતભાષા માત્ર જૈનોની જ છે' એમ અત્યારના કેટલાક સાક્ષરો અને પંડિતો માને છે; પરંતુ આ નિબંધ વાંચતાં ખાત્રી થશે કે જૈનેતર કવિઓ પણ પ્રાકૃતભાષા ઉપર મુગ્ધ હતા. પ્રાકૃતભાષામાં અનેક સુલલિત મધુર કાવ્યો તથા નાટકો બનાવી તેના વિકાસમાં ભારે ફાળો આપ્યો છે. જૈન તથા અજૈન અપ્રસિદ્ધ ગ્રંથોનાં નામો પ્રકટ કરી પંડિતજીએ પ્રાકૃતભાષાના અભ્યાસીઓને તે તરફ લલચાવ્યા છે,– તે ઉચિત જ કર્યું છે.

ભારતની વર્તમાન દેશીભાષાઓની જનનીની વર્તમાન પરિસ્થિતિ ખરેખર શોચનીય છે. દરેક ભારતીય વિદ્વાને પ્રાકૃતભાષાનો ખાસ અભ્યાસ કરવો જરૂરી છે; અને તે સિવાય ભાષાઓની ઉત્પત્તિનો ઈતિહાસ પૂર્ણતયા નહિં પ્રાપ્ત કરી શકાય. સંસ્કૃત ઉપરથી પ્રાકૃત માનનારા માટે ભ્રમ-નિવારણ પણ સારૂં કર્યું છે— તેની જ ખાસ જરૂર હતી.

જૈનોએ તો પ્રાકૃત ભાષાને ખાસ અપનાવવાની જરૂર છે. સાધુઓમાં પ્રાકૃતભાષાના અભ્યાસીઓ ઘણા છે, પરન્તુ શ્રાવકો તે માટે બહુ બેદરકાર જોવાય છે. બી. એ. અને એમ. એ. માં સંસ્કૃત લઈ પાસ થનાર ઘણા જૈનો નિકળે છે, પરન્તુ પ્રાકૃતભાષામાં તો કોઈ વિરલો જ નીકળે છે.

પ્રાકૃત અભ્યાસની અનુકૂળતા માટે ક્રમશઃ પાઠ્ય પુસ્તકો તૈયાર કરાવી કૉલેજો અને યુનિવર્સિટીમાં દાખલ કરાવવાની જરૂર છે. તેમજ દરેક જૈન સંસ્થાઓમાં તે પુસ્તકો ચલાવવાં જોઇએ.

પ્રાકૃતના અભ્યાસ માટે સ્થળે સ્થળે પાઠશાળાઓ સ્થાપી સાધુ-સાધ્વીઓને અને શ્રાવકોને અભ્યાસની અનુકૂળતા કરવાની ખાસ જરૂર છે.

આવો સુંદર મનનીય નિબંધ તૈયાર કરવા માટે પંડિતજીને અને તેને પુસ્તકરૂપે પ્રગટ કરનાર શ્રીજૈનધર્મપ્રસારક સભાને ખાસ ધન્યવાદ ઘટે છે."

(૮)

ન્યાય-કાવ્યતીર્થ સ્વ.મુનિ હિમાંશુવિજયજીએ ઉજ્જૈન (માળવા)થી (વીર સં. ૨૪૫૯ ધર્મ સં. ૧૧ કાર્તક વદિ ૨) તા. ૧૫-૧૧-૩૨ ના સભા તરફના પત્રમાં જણાવ્યું હતું કે—

તમે મોકલેલ પંડિત લાલચંદભાઇનો લખેલ "પ્રાકૃતભાષાની ઉપયોગિતા" નામનો નિબંધ મળ્યો. એમાં કોઈ શક નથી કે પ્રાકૃત ભાષા પણ ભારતીય પ્રાચીન સાહિત્યનું એક અંગ છે; અને વિવિધ જાતના સાહિત્યને પ્રાકૃત ભાષાએ આશ્રય આપ્યો છે. દ્રાક્ષાનું મહત્ત્વ નહીં જાણનાર કોઈ તેની નિંદા કરે તો તે સારા માણસોમાં જેમ ઉપહાસપાત્ર બને; તેમ પ્રાકૃતની અકૃત્રિમ મધુરતા અને કોમલતાદિ ગુણાવલીને નહીં જાણનાર મનુષ્ય પણ સત્પુરુષોની શ્રેણિમાં ઉપહાસાસ્પદ થાય છે. આપણા સદ્ભાગ્યે, નહિં; જગતના સારા ભાગ્યે હવે તે પ્રકૃતિસિદ્ધ માધુર્યવાલી પ્રાકૃત (સ્વાભાવિક) ભાષા તરફ જૈન અને અજૈન વિદ્વાનોનું ધ્યાન ખેંચાયું છે. અને જો આ પ્રવૃત્તિનું બાધક કારણ દુર્ભાગ્યથી ઉપસ્થિત ન થયું તો મને સંપૂર્ણ આશા છે કે ભવિષ્યની અર્ધશતાબ્દીમાં પ્રાકૃતનો જગતમાં બહુ આદર થવા માંડશે. અને સ્થલે સ્થલે અભ્યાસ-ધ્વનિ સંભળાશે. પં. લાલચંદજીએ કેટલાક ગ્રંથોના સારરૂપ આ સંક્ષિપ્ત નિબંધ લખ્યો છે તે પ્રજાને માટે ઉપયોગી નિવડશે. સંસ્કૃત કરતાં પ્રાકૃત જુની અને સ્વતંત્ર ભાષા છે, એ ખ્યાલ ફેલાવવા માટે આ લેખ પણ ઉપયોગી નિવડશે.

પંડિતજી જૈનસાહિત્ય-સેવામાં પોતાની વિશિષ્ટ પ્રવૃત્તિ રાખે છે; તે માટે તેઓ ધન્યવાદના પાત્ર છે ને અનુકરણીય છે.

× એકંદર આ નિબંધ સારો છે."

(૯)

સદ્‌ગત દીવાનબહાદુર શ્રીયુત **નર્મદાશંકર દેવશંકર મહેતા** (દીવાન સાહેબ-ખંભાત સ્ટેટ)-એમણે ખંભાતથી તા. ૩૦-૧૧-૩૨ ના પત્રમાં ભાવનગર પ્ર. સભા તરફ લખ્યું હતું કે-

"પંડિત લાલચંદ્ર ભગવાનજી ગાંધીનો 'પ્રા. ભા. ઉપયોગિતા' નિબંધ હું અવલોકી ગયો છું. **લેખકની સર્વદેશી વિદ્વત્તા આ નિબંધમાં તરવરી આવે છે. પ્રાકૃત ભાષાના અભ્યાસમાં વિશેષ અભિરુચિ નવા અભ્યાસકોમાં ઉત્પન્ન કરી શકે તેવી શૈલી છે.**

ખંભાતના જૈન ભાંડાગારોમાં હજુ પણ અપ્રસિદ્ધ દશામાં પડેલા કેટલાક સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથો છે; તેમાં બ્રાહ્મણ સાહિત્યના પણ એક બે ગ્રંથો પ્રસિદ્ધિમાં આવ્યા નથી તેવા પણ છે. અહીંના જૈનોના અગ્રેસરો સાથે વિચાર-વિનિમય કરી આપની સભા તેવા ગ્રંથોનું સંસ્કરણ અને પ્રકાશન કામ હાથ ઉપર લે તો સંસ્કૃત તથા પ્રાકૃત સાહિત્યના સમુદ્ધરણમાં ઉત્તમ પગલું ભર્યું ગણાશે."

(૧૦)

'જ્ઞાનમાર્ગ-પ્રવાસી' નામાંકિત ન્યાયાધીશ (જજ્જ સાહેબ) શ્રીયુત **પ્રહ્લાદ** ચન્દ્રશેખર **દીવાનજીએ** વલસાડથી તા. ૨૭-૧૨-૧૯૩૨ ના ભાવનગર લખેલા પત્રમાં જણાવ્યું છે કે—

"વડોદરાના ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટમાંના જૈનપંડિત શ્રી-લાલચંદ્ર ભગવાનદાસ ગાંધીનો રચેલો 'પ્રાકૃત ભાષાની ઉપયોગિતા' ઉપરનો નિબંધ જે આપની સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલો છે તેની

એક નકલ મજકુર પંડિતજી તરફથી મને મળી છે અને તેમની સૂચનાથી તે વિષેનો મારો અભિપ્રાય આપને લખી જણાવું છું, તેની પહોંચ સ્વીકારવા કૃપા કરશો.

પંડિત લાલચંદ્રની સાથે છેલ્લા છએક વરસથી મારે ઓળખાણ થઈ છે તે ઉપરથી હું જાણું છું કે એઓ સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષાઓનાં સાહિત્યોનું સારૂં જ્ઞાન ધરાવે છે અને એ ભાષાઓમાં જેટલું જૈનધર્મને લગતું સાહિત્ય છે તેના તો એઓ વિશેષજ્ઞ જ છે. તે સાહિત્યનો મોટો ભાગ અર્ધમાગધી, મહારાષ્ટ્રી અને અપભ્રંશ એ પ્રાકૃત ભાષાઓમાં રચાયલો હોવાને લીધે તે તે ભાષાઓના અનેક ગ્રન્થો એમના અભ્યાસમાં આવ્યા હોય એ સ્વાભાવિક છે. વિશેષ, વડોદરાની ઉપરોક્ત સંસ્થામાં જૈનપંડિત તરીકેજ એઓ નિયુક્ત થયેલા હોવાને લીધે જે પુસ્તકો અને હસ્તલેખો બીજાને દુર્લભ હોય તે એમને સુલભ હોય; એ પણ દેખીતું જ છે. તેથી પ્રાકૃતભાષાની ઉપયોગિતા વિષે સપ્રમાણ અભિપ્રાય આપવા માટેની એમની યોગ્યતા નિરપવાદપણે કોઈ પણ કબુલ કરે એમ છે. તેમાં વળી સુવર્ણમાં સુગંધ મળે તેમ એમનામાં પરોપકારવૃત્તિ સારા પ્રમાણમાં છે. માટે પ્રાકૃત ભાષાઓ પ્રત્યે અભિરુચિ ઉત્પન્ન કરવા માટે આપની સંસ્થા એમની સેવા મેળવી આવો અનેક પ્રમાણોથી ભરપુર નિબંધ લખાવી શકી તે માટે તેને હું અભિનંદન આપું છું.

પંડિતજીએ પોતે લખ્યું છે તે પ્રમાણે પ્રાકૃત ભાષાઓના જ્ઞાનની ઉપયોગિતા મુંબાઈ, કલકત્તા વિગેરે સ્થળોની યુનિવર્સિટીઓએ હાલ થોડાંક વરસોથી સ્વીકારેલી છે અને તેથી તે શિખવવા માટે તેની તેની સાથે જોડાયલી કોલેજોમાં અધ્યાપકો રોકવામાં આવેલા છે અને તેઓ તે ભાષાઓના જ્ઞાનની અભિવૃદ્ધિ કરાવવામાં બનતી મદદ કરે છેજ; પરંતુ તેઓ માત્ર જે જે પુસ્તકો છપાઈને પ્રસિદ્ધ થયાં હોય, તેનોજ ઉપયોગ કરી શકતા હોવાથી જે અપ્રસિદ્ધ સાહિત્ય વિષે પંડિતજીએ ઉલ્લેખ કર્યો છે, તે પ્રસિદ્ધિમાં લાવવા માટે

કાંઈ કરી શકે એમ નથી. તેને માટે પાટણ, જેસલમેર, ખંભાત વિગેરે જે જે ઠેકાણે અપ્રસિદ્ધ ગ્રંથો પંડિતજી કહે છે તેમ ભંડારરૂપી કારાગૃહોમાં કેદીની દશામાં પડી રહેલા છે તે તે ઠેકાણે ધર્મભેદ રાખ્યા સિવાય જિજ્ઞાસુઓને અભ્યાસ કરાવવા માટે વ્યવસ્થા થવાની જરૂર છે. આવી વ્યવસ્થા આણંદજી કલ્યાણજી જેવી કોઈ પ્રતિષ્ઠિત સંસ્થા તરફથી કરવામાં આવે તો જ બની શકે. તે કરવા તે પ્રવૃત્ત થાય તે માટે સુશિક્ષિત જૈનો અને આપના જેવી સંસ્થાએ પ્રયાસ કરવા જોઈએ. તે જો બની શકે તો હિંદની અને વિશેષે કરીને ગુજરાતની સાહિત્ય પ્રવૃત્તિ ઉપર ઘણો નવો પ્રકાશ પડે અને તેથી તે દેશ અને પ્રાન્તના ઇતિહાસોની કેટલીક અણઉકેલેલી ગુંચો પણ ઉકલી જાય. વળી જો કે એ ભાષાઓમાંનું સાહિત્ય સ્ત્રીઓ, બાળકો અને મંદબુદ્ધિઓને વિશેષ રુચિકર થઈ પડે એવું તે તે ભાષાઓ જ્યારે બોલાતી હશે ત્યારે હોય એ બનવા જોગ છે તોપણ હમણાં તો જે સંસ્કૃતની પેઠે તેનો પ્રાચીન ભાષાઓ તરીકે ખાસ અભ્યાસ કરે તેને જ તેમાં લખાયલાં અનેક વિષયોનાં પુસ્તકોમાં રહેલા જ્ઞાન અને આનન્દના ખજાના હસ્તગત થઈ શકે એમ છે તેથી તેમનો પ્રચાર જેટલો કુમારપાળ વિગેરે રાજાઓના સમયમાં હતો તેટલો ફરી ચાલુ થાય એ સંભવિત લાગતું નથી, છતાં યુનિવર્સિટીઓમાં ન દાખલ થયલા છતાં એક વિશિષ્ટ ભાષા અગર વિષયને માટે તન, મન અને ધન સમર્પણ કરનારાં કંઈક સ્ત્રી–પુરુષો હોય છે, તેમને જો પ્રાકૃત ભાષાઓના અભ્યાસ માટે ઉપર જણાવ્યા પ્રમાણે સગવડ કરી આપવામાં આવે તો હાલ તે ભાષાઓમાં રહેલાં સાહિત્યરત્નો વિષેનું જ્ઞાન મેળવનારા ગણ્યાગાંઠ્યા પુરુષ વિદ્યાર્થીઓ હોય છે તેને બદલે ઘણા બ્હોળા પ્રમાણમાં તેવા વિદ્યાર્થિઓ નિકળી આવે એટલુંજ નહીં પરંતુ કેટલીક જિજ્ઞાસુ વિદ્યાર્થિનીઓ પણ તેમાં પ્રવૃત્ત થાય અને તેથી આપનો હેતુ પાર પડે, માટે મારી આપને એવી સૂચના છે કે આપની સંસ્થાએ માત્ર "જૈનધર્મ–પ્રસારક" ન રહેતાં "જૈનધર્મ–જ્ઞાનપ્રસારક" બનવું જોઇએ."

(૧૧)

પૂના-વાડિયા કૉલેજના સંસ્કૃત અને તે સાથે સંબદ્ધ બીજી ભાષાઓના પ્રોફેસર ડૉ. પી. એલ. વૈદ્ય એમ. એ. (કલકત્તા), ડી. લિટ્ (પેરીસ) તેઓએ તા. ૩૦–૧–૧૯૩૩ ના સભા તરફના પત્રમાં સૂચવ્યું છે કે—

"Please excuse me for the delay in aknowledging the receipt of a copy of Mr. L. B. Gandhi's booklet on प्राकृतभाषानी उपयोगिता in Gujarati Which I have read with interest and profit".

'પ્રાકૃતભાષાની ઉપયોગિતા' પુસ્તિકા મેં રસપૂર્વક વાંચી અને તે મને લાભકારક જણાઈ છે."

(૧૨)

કોલ્હાપુર—રાજારામ કૉલેજના અર્ધમાગધી પ્રો. એ. એન. ઉપાધ્યાય એમ. એ. એમણે તા. ૫–૧૧–૩૨ ના પત્રમાં—

"I have duly received the booklet प्राकृत भाषानी उपयोगिता by Pt. L. B. Gandhi. I reaa it through, and found it pretty interesting. I am sure the pamphlet will be very useful in popularising the Prakrit studies".

'પ્રાકૃત ભાષાની ઉપયોગિતા' મેં ઘણા ઉત્સાહથી સાદ્યન્ત વાંચી, મને ખાત્રી છે કે—આ પુસ્તિકા પ્રાકૃત ભાષાના અભ્યાસ માટે ઘણી ઉપયોગી થશે."

(૧૩)

બરોડા કૉલેજના ઇતિહાસના પ્રોફેસર શ્રીયુત કેશવલાલ હિં. કામદાર એમ. એ. એમણે તા. ૧૫–૧૧–૩૨ ના પત્રમાં સભા તરફ જણાવ્યું હતું કે—

"શ્રીયુત લાલચંદ્ર ભગવાનદાસ પંડિતજીનો 'પ્રાકૃત ભાષાની ઉપયોગિતા' નામનો નિબંધ **ઘણોજ વિદ્વત્તા પૂર્વક લખાએલો છે**, ને તેમાં તેમણે પ્રાકૃત ભાષાનું અતિ પ્રાચીનત્વ પ્રમાણભૂત ઉલ્લેખોથી સાબીત કરી આપ્યું છે."

(૧૪)

કરાંચીથી ડી. જે. સિંધ કોલેજના પ્રો. ડોલરરાય રં. **માંકડે** તા. ૫-૧-૩૩ ના પત્રમાં—

"આપે મોકલેલ 'પ્રાકૃત ભાષાની ઉપયોગિતા'ની એક નકલ મને મળી હતી. પણ વ્યવસાયને લઇને પત્ર લખી શક્યો ન હતો.

આ પુસ્તિકામાં પંડિત **લાલચંદ્રે** પ્રાકૃત સાહિત્યના વિશાળ પ્રદેશ તરફ જે ધ્યાન ખેંચ્યુ છે, તે આજના સંયોગોમાં જરૂરનું છે. પ્રાકૃતથી સંસ્કૃત, કે સંસ્કૃતથી પ્રાકૃત વિશે તેમણે પુછેલા પ્રશ્નનો નિર્ણયાત્મક જવાબ હમણાં મળવો મુશ્કેલ છે, પણ તેમણે જે દલીલો કરી છે, તે જરૂર વિચારણીય છે. આપની સભા આવું કામ કરે છે, તે બહુ આનંદની વાત છે".

(૧૫)

વિજાપુરથી મુનિરાજ હેમેન્દ્રસાગરજીએ તા. ૧૫-૧૨-૩૨ ના પત્રમાં—

"પ્રાકૃતભાષાની ઉપયોગિતા" નામની એકતાળીસ પૃષ્ટ-વાળી પં. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધીની લખેલી પુસ્તિકા અમે સાદ્યંત વાંચી જોઈ છે. **એકંદર પ્રયાસ સ્તુતિપાત્ર છે.** પૃથ્વી પટ ઉપર સંસ્કારવાળો અને સંસ્કારવગરનો કે અલ્પસંસ્કારવાળો એવા બે પ્રકારનાં માનવો સર્વત્ર વિદ્યમાન હોય છે. અસંસ્કારવાળાં કે અલ્પસંસ્કારવાળાં માનવો જે ભાષા વાપરતા આવ્યા છે તે પ્રાકૃત કે પ્રકૃતિજન્ય ભાષા કહેવાય છે-લોકોની ઘરગથુ ભાષા તે પ્રાકૃત ભાષા હોય છે.

પ્રથમ પ્રકૃતિ અને પછીથી સંસ્કૃતિ, ઘણા જ પ્રાચીન કાળમાં જ્યારે લેખનકળા કે વ્યાકરણાદિ સાધનો મોટે ભાગે બહુ પ્રચાર નહોતાં પામ્યાં ત્યારે લોકો જે ભાષા વાપરતા હતા તે પ્રાકૃત ભાષા હતી. એ પ્રાકૃતભાષા રૂપાંતર પામતી પામતી આજે પણ ચાલી આવે છે. આવી પ્રાકૃતભાષા સર્વ કોમના અને સર્વ ધર્મના લોકો આજે પણ કોઇ પણ જાતના સંકોચ વગર વાપરે છે.

લોકોએ દેશભાષા–પ્રાકૃતભાષામાં સુધારો કરીને નિયમબદ્ધ ભાષા બનાવી તે સંસ્કૃત ભાષા કહેવાઈ. નહિ ભણેલા કે અલ્પ ભણેલાઓ માટે દેશભાષા–પ્રાકૃત ભાષા જ ઉપકારક છે. જે ભાષાથી ઉપકાર થાય તે દેવભાષા. પંડિતોને સંસ્કૃત ભાષા ઉપકારક છે. બૌદ્ધોને પાલી ભાષા ઉપકારક છે, મરાઠાઓને મહારાષ્ટ્રી ભાષા ઉપકારક છે અને ગુજરાતીઓને કે સૌરાષ્ટ્રવાસીઓને ગુજરાતી ભાષા મુખ્યત્વે ઉપકારક છે.

લોકો મોટે ભાગે પ્રાકૃતભાષા–દેશભાષામાં જ સર્વ વ્યવહાર કરતા આવ્યા છે અને કરે છે. એ જ બતાવી આપે છે કે પ્રાકૃત-ભાષા ઘણી ઉપયોગી છે; એમ છતાં **આ પુસ્તકમાં પ્રાકૃત ભાષાની ઉપયોગિતા શાસ્ત્રીય પદ્ધતિથી સાબિત કરવાનો જે કાંઈ પ્રયત્ન કરવામાં આવ્યો છે–તે પ્રશંસાને પાત્ર છે.**

વૈમાનિક દેવો અર્ધમાગધીભાષા બોલે છે. સઘળા તીર્થંકર-દેવોની પણ અર્ધમાગધીભાષા હોય છે. ત્રિકાલજ્ઞાની શ્રીતીર્થંકરદેવો હંમેશાં અનંત કલ્યાણકારી અર્ધમાગધી ભાષા જ વાપરે છે, કે જે ભાષા મનુષ્યો ઉપરાંત દેવો, તિર્યંચો વગેરે પણ સહજ સ્વભાવે સમજી શકે છે.

દયાળુ વીતરાગ દેવે ભવ્યજીવોના ભલા માટે દ્વાદશાંગીના અર્થો અર્ધમાગધી ભાષામાં પ્રકાશેલા છે. એ અનંત અર્થસૂચક વિશાળ અર્થોને સૂત્રના રૂપમાં શ્રીગણધરદેવો ગુંથે છે. આ સૂત્રોની ભાષા પણ અર્થોની ભાષાની માફક અર્ધમાગધી હોય છે. અર્ધમાગધી-ભાષા એટલે તે દેશ–કાલની દેશભાષા કે પ્રાકૃતભાષા.

દેશભાષા કે લોકભાષા જેટલું કલ્યાણ સાધી શકે છે, તેટલું કલ્યાણ બીજી ભાષાઓ કદિ પણ સાધી શકે નહિ. જૈનના વિચારો યથાર્થ સ્વરૂપમાં જાહેર કરવાનું મુખ્ય સાધન દેશ પ્રાકૃતભાષા જ છે. પ્રાકૃતભાષા તો જન્મભાષા છે. કેટલાક હાલની દેશભાષાને આપણા દેશ પરત્વે ગુજરાતી ભાષા કહે છે. વચલા યુગની ભાષાને જુની ગુજરાતી કે અપભ્રંશભાષા કહે છે અને જુના કાલની ભાષાને પ્રાકૃતભાષા કહે છે. આ સઘળું એક જ છે. આમાં મતભેદને સ્થાન નથી. જન્મભાષા, દેશભાષા, પ્રાકૃતભાષા એ સઘળા પર્યાયો જ છે. હાલમાં આપણે જે ગુજરાતી કે સૌરાષ્ટ્રી ભાષા બોલીએ છીએ તે પ્રાકૃતભાષા જ છે.

ઓછામાં ઓછું જે આચાર્યદેવ દશપૂર્વ સુધી ભણેલ હોય તેમનાં જ વચનો સંપૂર્ણ વિશ્વાસ લાયક ગણવામાં આવેલ છેઃ આવા ચૌદપૂર્વધર મહાત્મા પુરુષોને શ્રુતકેવલી કહેવામાં આવે છે. જે સ્વયં કેવલી કે શ્રુતકેવલી નથી, તેવા જીવોનાં વચનો પ્રમાણભૂત ગણવાં કે કેમ ? એ તો સૌ સૌની ઇચ્છાને અવલંબે છે. જે સ્વયં-સિદ્ધ કેવલી નથી કે શ્રુતકેવલી નથી એવા પુરુષો ગમે તેટલા વિદ્વાન્ હોય તેમનાં વચનોમાં તીર્થંકર ભગવાનનાં વચનોના જેટલી શ્રદ્ધા રાખવાનું કોઈના માથે ફરજરૂપે ઠોકી બેસારી શકાય તેવું તો નથી જ. સંપૂર્ણ પ્રમાણભૂત, સંપૂર્ણ વિશ્વાસ રાખવા લાયક, સંપૂર્ણ શ્રદ્ધાલાયક તો કેવલીભગવાન્ કે શ્રુતકેવલીનાં વચનો જ છે. એમાં શંકાને સ્થાન જ નથી. જે કેવલી કે શ્રુતકેવલી નથી એવાનાં વચનો ગમે તેટલાં મધુરાં હોય, તો પણ તે કેવલી ભગવાન્ કે શ્રુતકેવલી જેટલાં વિશ્વસનીય તો નથી જ. શ્રીતીર્થંકર દેવો, શ્રીગણધર દેવો શ્રીકેવલિ ભગવંતો અને શ્રીશ્રુતકેવલિઓ આ લોક અને પરલોકના સાક્ષાત્ દેવો છે. એમનું ભાષણ હમેશાં પ્રાકૃત–અર્ધમાગધી કે દેશભાષામાં જ હોય છે; જીવોના પરમ કલ્યાણ માટે જ હોય છે.

કેટલાક ભૂલા પડ્યા અશ્રુતકેવલી છદ્મસ્થો સંસ્કૃતાદિ ભાષાના

પુદ્ગલમાં ગ્રંથ-રચના કરીને તેવી ગ્રંથ-રચના ભોળા લોકો પાસે મનાવવા માટે પૂર્વે થઈ ગએલા અશ્રુતકેવલી છદ્મસ્થ સમર્થ આચાર્યોના રચેલા ભાષાનાં પુદ્ગલોની વ્યવસ્થિત રચનાવાળા ગ્રંથોને કેવલી ભગવાનના જેટલા જ પ્રમાણભૂત તરીકે ગણાવીને સાથે સાથે પોતાના રચેલા સંસ્કૃતાદિના ગ્રંથો પણ શ્રુતકેવલિના જેટલા જ પ્રમાણભૂત છે એવી રીતે ખતવી દે છે. આવી ખતવણીમાંથી મહાગોટાળો ઉભો થયો છે.

કોઈ કોઈ તો સંસ્કૃતના ઉપાસકો પોતાનો કક્કો ખરો કરવા માટે એવો પણ ઉપદેશ આપી ગયા છે, અને આપે છે કે—શ્રી તીર્થંકર દેવે દ્વાદશાંગીમાંથી એકાદશાંગના અર્થો અર્ધમાગધીમાં અને દૃષ્ટિવાદના અર્થો સંસ્કૃતમાં ભાખ્યા હતા-આ તેવાઓનું કહેવું કોઈ પણ રીતે પ્રમાણભૂત ઠરી શકતું નથી. કદાચ આવાં વચનોને સંસ્કૃત ભણેલા કોઈ ટેકો આપી ગયા હોય કે આપે તેથી તેવાઓ ગમે તેવા મોટા હોય તો પણ સંપૂર્ણ શ્રદ્ધવા યોગ્ય કેવલી ભગવાન્ કે શ્રુતકેવલી ઠરી શકતા નથી. ખરૂં જોતાં દયાળુ શ્રી તીર્થંકરદેવો હમેશાં દ્વાદશાંગીના અર્થો અર્ધમાગધી ભાષામાં જ પ્રકાશે છે. સઘળા તીર્થંકરો અને દેવો હમેશાં અર્ધમાગધી-પ્રાકૃતભાષામાં જ ભાષણ કરે છે. અર્ધમાગધી ભાષા એ કુદરતી ભાષા છે. સંસ્કૃત એ કૃત્રિમ ભાષા છે. આવો અભિપ્રાય ડાહ્યા માણસોનો છે.

આ પુસ્તક બહાર પાડીને શ્રીજૈન ધર્મ પ્રસારક સભાએ પ્રાકૃત ભાષાની અને લોકોની સારી સેવા બજાવી છે. પં. લાલચંદ ભગવાનદાસ ગાંધીએ પણ આ નાનકડો નિબંધ તૈયાર કરવા માટે લાગતે વળગતે સ્થાને યોગ્ય દૃષ્ટાંતો પુરા પાડવા માટે સારી મહેનત કરેલી છે. આ પ્રયત્ન એકંદર રીતે સફળ થયો છે અને સર્વ પ્રકારે ધન્યવાદને પાત્ર છે.”

પં. લાલચંદ્ર ગાંધીએ સંપાદિત કરેલા અન્ય ગ્રંથો.

गायकवाडप्राच्यग्रंथमालामां प्रकाशित	रू. आ.
२१ *जेसलमेरजैनभाण्डागारीयग्रन्थसूची	३—४
२९ नलविलासनाटक कर्ता महाकवि रामचंद्र	२—४
३७ अपभ्रंशकाव्यत्रयी कर्ता जिनदत्तसूरि	४—०
४८ नाट्यदर्पण (सविवरण) महाकवि रामचंद्र, गुणचंद्र	४—८
७६ पत्तनस्थप्राच्यजैनभाण्डागारीयग्रन्थसूची (भा १)	८—०
९५ अलंकारमहोदधि-नरेन्द्रप्रभसूरि	७—८
*स्यादिशब्दसमुच्चय (અવચૂરિ સાથે) महाकवि अमरचंद्र	०-१२
*श्रीजिनप्रभसूरि अने सुलतान महम्मद	०-१२

જૈનધર્માભ્યુદયગ્રંથમાલામાં-

૧ *પંચમી-માહાત્મ્ય (મહેશ્વરસૂરિના પ્રા.નો ગુ.અનુવાદ)	૦—૫
૨ *ત્રિભુવનદીપકપ્રબન્ધ (પ્રા. ગુ. આધ્યાત્મિક) કવિ જયશેખરસૂરિ	૦—૮
૩ તેજપાલનો વિજય (ગોધ્રા, પાવાગઢ અને ચાંપાનેરના અપ્રકટ ઇતિહાસ સાથે)	૦—૮
૪ પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ	૧—૦
૫ ભરત-બાહુબલિ-રાસ (સં. ૧૨૪૧નો) શાલિભદ્રસૂરિ	૧—૪

પુસ્તક-પ્રાપ્તિ-સ્થાન—

અભયચંદ્ર ભગવાન્ ગાંધી.

ઠે. રાવપુરા રોડ, ગંભીરા બિલ્ડીંગ, વડોદરા

ઠે. હેરીસ રોડ, ભાવનગર (કાઠિયાવાડ).

*આવી નિશાનીવાળા ગ્રંથોની થોડી નકલો જ શિલિકમાં છે.